# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 94 ■ વિક્રમ સંવત ૨૦૮૨

વૈશાખ સુદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 April 2026, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૨૨ એપ્રિલ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





## અમદાવાદમાં ગરમીનો પારો ૪૩ સુધી પહોંચે તેવી શક્યતા

અમદાવાદઃ શહેરની મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મંગળવારથી પાંચ દિવસ સુધી કાળઝાળ ગરમીનું એલર્ટ જાહેર કર્યું છે. આ સપ્તાહ દરમિયાન અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી સુધી પહોંચી શકે છે. શનિવાર સુધી શહેર માટે યલો એલર્ટ જાહેર કરાયું છે. આ ઉપરાંત શહેરના ૭૬ વિસ્તારોને હીટહોટ સ્પોટ તરીકે જાહેર કરાયા છે, જ્યાં હિટવેવની સ્થિતિ સર્જાવાની શક્યતા છે.

કોર્પોરેશનની આગાહી મુજબ, ૨૨ એપ્રિલે મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૭ ડિગ્રીની આસપાસ રહેશે. જ્યારે ૨૬ અને ૨૭ એપ્રિલે પારો ૪૩ ડિગ્રી સુધી જઈ શકે છે. શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા લાંભા વોર્ડમાં સૌથી વધુ ૧૨ હોટસ્પોટ છે. આ સિવાય રામોલમાં ૧૦, વસ્ત્રાલમાં ૬, વટવામાં ૩ અને રાણિપમાં ૩ વિસ્તારોને હોટસ્પોટ જાહેર કરાયા છે. ઈસનપુર, દાણીલીમડા, બહેરામપુરા, સ્ટેડિયમ, ઈન્ડિયા કોલોની, સરદારનગર અને બોડકદેવ જેવા વિસ્તારોમાં પણ હોટસ્પોટ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## અંબાજીમાં ગબ્બરના દર્શન બે દિવસ માટે બંધઃ મધમાખી હટાવવાનું કામ હાથ ધરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પ્રસિદ્ધ અંબાજી મંદિરના ગબ્બર હીલના દર્શને જતા શ્રદ્ધાળુઓને મધમાખીના ડંખનું જોખમ રહે છે. વધતી ગરમીમાં આ જોખમ પણ વધતું હોવાથી અહીંથી મધમાખીને ભગાડવાના કામકાજ માટે બે દિવસ ગબ્બરના દર્શન બંધ રાખવાની જાહેરાત મંદિર પ્રશાસને કરી હતી.

ઉનાળાના મહિનાઓમાં ટેકરી પર મધમાખીના મધપૂડાની સંખ્યા વધી જાય છે, તેથી યાત્રાળુઓની સલામતીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. આથી ૨૨ અને ૨૩ એપ્રિલ દરમિયાન ગબ્બરના દર્શન બંધ રાખવામાં આવ્યા હોવાની માહિતી મળી હતી. મંદિર ટ્રસ્ટ આ સમયગાળા દરમિયાન મધમાખીના મધપૂડા દૂર કરવાની ઝુંબેશ ચલાવશે. વધતા તાપમાનને કારણે, ગબ્બર ટેકરી પર મધમાખી અને ભમરીના ડંખના બનાવો વારંવાર નોંધાય છે. અહીં હજારોની સંખ્યામાં આવતા શ્રદ્ધાળુઓએ અસુવિધાનો સામનો ન કરવો પડે તે માટે બંને દિવસે ટેકરી પર પ્રવેશ પ્રતિબંધિત રહેશે.

સલામતીના પગલાંના ભાગ રૂપે, ગબ્બર રોપ-વે સેવા પણ કામગીરી દરમિયાન સ્થગિત રહેશે.

## ધંધુકામાં હત્યા કેસના આરોપીઓના ગેરકાયદે દબાણ પર બુલડોઝર ફર્યું, વીજ જોડાણ કપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જિલ્લાના ધંધુકામાં વિધર્મી યુવકોએ ધર્મેશ ગમારા નામના યુવકને મોતને ઘાટ ઉતારી દેતા ચકચાર મચી ગઈ હતી. હવે આ મામલે તંત્ર એક્શનમાં આવ્યું છે. ૨૧મી એપ્રિલ મંગળવારના રોજ વહીવટી તંત્રએ પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ધંધુકાના ખાટકી વાડ વિસ્તારમાં આરોપીઓના ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવી દીધું હતું. આરોપીઓનાં ઘરનાં વીજ જોડાણ પણ કાપી નાંખવામાં આવ્યાં છે. ૧૪ દુકાનોના શેડ તોડવાની કામગીરી પણ કરવામાં આવી છે. ખાટકીવાડામાં ૫ મકાનોનું દબાણ દૂર કરવા કાર્યવાહી કરાઈ હતી.

ધંધુકા ડિમોલિશનમાં આર એન્ડ બી, રેવન્યુ વિભાગ, પોલીસનો કાફલો, નગરપાલિકા, સિટી સર્વે વિભાગ, યુજીવીસીએલ, મેડિકલ, ફાયર વિભાગની વિવિધ ટીમોએ ખડેપગે ફરજ બજાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ધંધુકામાં થયેલા ધર્મેશ ગમારા હત્યા કેસમાં મહત્ત્વપૂર્ણ પ્રગતિ નોંધાઈ છે. કેસના બંને આરોપીઓને ધંધુકા કોર્ટમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે રજૂ કરવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા કોર્ટ સમક્ષ ૧૦ દિવસના રિમાન્ડની માગ કરવામાં આવી હતી, જોકે કોર્ટે ૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. આ સમયગાળામાં પોલીસ દ્વારા વધુ પૂછપરછ કરી ઘટનાની સંપૂર્ણ વિગતો બહાર લાવવા પ્રયાસ કરવામાં આવશે.

## જો વિપક્ષના ઉમેદવારો જીતશે તો ગ્રાન્ટ નહીં મળેઃ ભાજપના સાંસદના નિવેદનથી રાજકારણ ગરમાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે આણંદના સાંસદ મિતેશ પટેલના એક વિવાદાસ્પદ નિવેદનને લઈ ગુજરાતના રાજકારણમાં ગરમાવો લાવી દીધો હતો.

આંકલાવ ખાતે ભાજપની સભાને સંબોધતા સાંસદ મિતેશ પટેલે આક્રમક વલણ સાથે જણાવ્યું હતું કે, 'જો આંકલાવ વિસ્તારમાં જિલ્લા પંચાયત કે તાલુકા પંચાયતની એક પણ બેઠક પર કોંગ્રેસનો ઉમેદવાર વિજેતા બનશે, તો હું ત્યાં એક રૂપિયો પણ ગ્રાન્ટ તરીકે આપવા દઈશ નહીં.' અત્રે ઉલ્લેખનીય છે કે આ સમયે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી પણ હાજર હતા.

આ મામલે કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, સત્તાના અહંકારમાં ભાજપના નેતાઓ બેફામ વાણીવિલાસ કરી રહ્યા છે. પ્રજાના મતથી તમે ચૂંટાયા છો અને પ્રજાના પરસેવાના પૈસાના ટેક્સમાંથી રાજ્યનું બજેટ બને છે અને તેમાંથી વિવિધ વિકાસલક્ષી કામ થાય છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓની જવાબદારી પ્રજાના પૈસાના વહીવટની ચોકીદારી કરવાની હોય છે, વિકાસથી વંચિત રાખીને ભેદભાવ કરવાની હોતી નથી. તેમણે લોકો આવી ધમકીથી ડરશે નહીં અને આવનારી ૨૬મી તારીખે મતદાન દ્વારા જવાબ આપશે, તેમ પણ જણાવ્યું હતું.

## પ્રેમલગ્નના વિવાદમાં લોકગાયિકા કાજલ મહેરિયાનો ખુલાસો, મરજીથી અલ્પેશ સાથે લગ્ન કર્યાનો એકરાર

અમદાવાદઃ ગુજરાતની લોકપ્રિય લોકગાયિકા કાજલ મહેરિયાએ અલ્પેશ ઠાકોર સાથે પ્રેમ લગ્ન કર્યા બાદ વિવાદ ઉગ્ર બન્યો છે. કાજલના પરિવારજનોએ સાસરીમાં હોબાળો કરતા આખો મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. અંતે આ મુદ્દે કાજલ મહેરિયાએ ખુલાસો કર્યો હતો કે તેણે પોતાની મરજીથી અલ્પેશ નામના યુવક સાથે લગ્ન કર્યા છે. તેણે આરોપ લગાવ્યો હતો કે, પરિવાર તરફથી જાનથી મારી નાખવાની ધમકીઓ મળે છે. કાજલે સોશ્યલ મીડિયાના માધ્યમથી ખુલાસો કર્યો હતો કે, તેણે ૧૦ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ અલ્પેશ નામના યુવક સાથે પોતાની મરજીથી અને કાયદેસર રીતે લગ્ન કર્યા છે. કાજલ મહેરિયાએ પોતાના સાસરી પક્ષના લોકોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરતા આક્ષેપ કર્યો હતો કે મારા પરિવાર દ્વારા મને અને અલ્પેશને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી રહી છે. એટલું જ નહીં, તેના સાસરી પક્ષ (શેરથા) ખાતે જઈને પણ પરિવારના સભ્યો દ્વારા અશોભનીય વર્તન કરવામાં આવ્યું છે.

કાજલે વધુમાં કહ્યું હતું કે, તેણે અલ્પેશ સાથેના દોઢ વર્ષના સંબંધોની જાણ પરિવારને કરી હતી, પરંતુ પરિવારે મંજૂરી ન આપતા તેણે આ પગલું ભર્યું છે. આ સાથે જ તેણે ધમકી આપનારાઓ અને અભદ્ર ટિપ્પણી કરનારાઓને ચેતવણી આપી હતી કે, હવે તે કોઈ જવાબ નહીં આપે પરંતુ કાયદેસરની કાર્યવાહી કરશે. તેણે કહ્યું કે મેંલગ્ન કોઈ ધાક-ધમકી કે કોઈના દબાણથી નથી કર્યા પરંતુ મારી મરજીથી કર્યા છે. અલ્પેશ અને હું દોઢ વર્ષથી રિલેશનશીપમાં છીએ. આ વાતની જાણ મેં મારા પરિવારને કરી હતી. અમે બંને રાજીખુશીથી રહીએ છીએ. હું મારી આ પર્સનલ વાતમાં ના કોઈ સમાજને કે ના કોઈ વડીલોને ગેરમાર્ગે દોરવા માગતી નથી.

## રાંધણગૅસ માટે હજુ કરવી પડે છે રઝળપાટઃ ૩૫ દિવસનો ગૅસ ગૃહિણીઓ માટે માથાનો દુઃખાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મિડલ-ઈસ્ટમાં ચાલી રહેલા લાંબા ગાળાના યુદ્ધની માઠી અસર હવે સ્થાનિક સ્તરે રાંધણગેસના પુરવઠા પર જોવા મળી રહી છે. છેલ્લા કેટલાક સમયથી કચ્છના શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં રાંધણગેસના બાટલા મેળવવા માટે ગ્રાહકોને ભારે કમઠાણ વેઠવું પડી રહ્યું છે.

વિશ્વના સૌથી વ્યસ્ત દરિયાઈ વેપાર માર્ગ ગણાતી હોર્મુઝની ખાડી હાલ યુદ્ધના મેદાનમાં ફેરવાઈ ગઈ છે. એલપીજી ગેસનો જથ્થો લઈને ભારત આવી રહેલાં જહાજો પર ફાયરિંગની ઘટનાઓ બનતા સુરક્ષાના કારણોસર આ જહાજોને અધવચ્ચેથી જ પાછાં ફરવાની ફરજ પડી છે. જો આગામી દિવસોમાં આ સમુદ્રી માર્ગ સલામત રીતે નહીં ખૂલે, તો ગેસનો પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ શકે છે તેવી પ્રબળ શક્યતા જોવા મળી રહી છે. આ અનિશ્ચિતતાને કારણે જ ઓઇલ કંપનીઓએ અત્યારથી જ બુકિંગ પર નિયંત્રણો લાદવાની શરૂઆત કરી દીધી છે.

ખાસ કરીને એજન્સીઓ દ્વારા બે બાટલા વચ્ચેના બુકિંગમાં વધારવામાં આવેલી દિવસોની મર્યાદાને કારણે મધ્યમ અને મોટા પરિવારોની સ્થિતિ કફોડી બની છે.

## અમદાવાદની સ્કૂલમાં વિદ્યાર્થીનો પરિકર વડે વિદ્યાર્થી પર હુમલો, આંખને નુકસાન

અમદાવાદઃ શહેરમાં વિદ્યાર્થીઓ વચ્ચે હિંસક બબાલ થઈ હોવાની વધુ એક ઘટના બની હતી. શહેરના પૂર્વમાં આવેલા ઈસનપુર વિસ્તારની પબ્લિક સ્કૂલમાં એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થીની આંખામાં પરિકર માર્યું હતું. વિદ્યાર્થીને આંખમાં ઈજા થતાં ઓપરેશન કરવું પડ્યું હતું. એએમસી સંચાલિત ઈસનપુર પબ્લિક સ્કૂલમાં આ ઘટના બની હતી. અદાવાદના નારોલ વિસ્તારમાં ૧૪ વર્ષીય સગીર તેના માતા-પિતા સાથે રહે છે અને નારોલ-વટવા રોડ પર આવેલી મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ઇસનપુર પબ્લિક સ્કૂલમાં ધો. ૮માં અભ્યાસ કરે છે. ૨૦ એપ્રિલના રોજ સવારે વિદ્યાર્થી પરીક્ષા આપવા માટે સ્કૂલે ગયો હતો. ૧૧:૩૦ વાગ્યે પરીક્ષા પૂર્ણ થઈ હતી તે દરમિયાનમાં તેના એક મિત્રને અન્ય સાથી વિદ્યાર્થી સાથે બોલાચાલી થઈ હતી. મિત્ર સાથે બોલાચાલીના ઝઘડામાં આ વિદ્યાર્થી પડ્યો હતો અને બંનેને છોડાવવા લાગ્યો હતો, જેથી ઉશ્કેરાયેલા વિદ્યાર્થીઓએ અચાનક જ તેની પાસે રહેલું પરિકર કાઢીને આંખમાં માર્યું હતું. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને સારવાર અર્થે ખસેડાયો હતો. ઘટના અંગે વિદ્યાર્થીના માતા-પિતાને જાણ કરવામાં આવી, અને તેઓ પણ હોસ્પિટલ દોડી ગયાં. જ્યારે વિદ્યાર્થીની માતાને પૂછપરછ કરવામાં આવી, ત્યારે તેણે જણાવ્યું હતું કે આ ઘટના ત્યારે બની જ્યારે બે વિદ્યાર્થીઓ લડી રહ્યા હતા. મારો દીકરો તેમને અલગ પાડવા ગયો હતો અને તેમાં તેની જ આંખમાં પરિકર મારી દીધું હતું. માતાએ આક્ષેપ પણ કર્યો હતો કે સ્કૂલે તેમના દીકરાને સારવાર આપવામાં વિલંબ કર્યો હતો. બીજી બાજુ સ્કૂલના પ્રિન્સિપાલ ચૂંટણીના કામકાજમાં વ્યસ્ત હોવથી ઈનચાર્જે મામલો સંભાળ્યો હતો. તેમનાં દાવા અનુસાર તેમણે ઘટનાની માહિતી મળતા જ છોકરાને પહેલા એલજી અને ત્યારબાદ અસરવા હોસ્પિટલ ખસેડ્યો હતો.

## વ્યાજખોરો સામે એક મહિનાની સ્પેશ્યલ ડ્રાઈવમાં રાજ્યભરમાંથી ૧૩૬ જેલ હવાલે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વ્યાજખોરીને લીધે ઘણા પરિવારો બરબાદ થઈ ગયા છે તેમ જ વ્યાજખોરોના ત્રાસને કારણે આત્મહત્યાના કેસ પણ બનતા રહે છે. આ સામે ગુજરાત સરકારે પણ દંડો ઉગામ્યો છે. રાજ્યમાં વ્યાજખોરીના દૂષણને જડમૂળથી ઉખેડવા માટે રાજ્યના પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવની સૂચનાથી ૧૫ માર્ચથી ૧૪ એપ્રિલ સુધી એક મહિનાની વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ ડ્રાઇવ દરમિયાન રાજ્યભરમાં વ્યાજખોરો સામે કુલ ૧૧૦ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે અને ૧૩૬ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. આર્થિક તંગીથી ઘેરાયેલા સુરતના આયુષે જૂન-૨૦૨૫માં પ્રીત ઉર્ફે ભીમ સોસા પાસેથી ૧૦% વ્યાજે રૂ. ૨૦,૦૦૦ લીધા હતા. વ્યાજખોરે રૂ. ૨,૦૦૦ એડવાન્સ કાપી, કોરો ચેક પડાવીને આયુષનું શોષણ શરૂ કર્યું હતું. જ્યારે આયુષે સમય માંગ્યો ત્યારે આરોપી પ્રીત અને અંકિત ઠાકોરે તેને રસ્તામાં રોકી, ગાળાગાળી કરી અને પૈસા નહીં આપે તો ચપ્પાથી પતાવી દઈશ તેવી ધમકી આપી. સુરતની ચોકબજાર પોલીસે આ મામલે સંવેદનશીલતા દાખવી તાત્કાલિક ધોરણે બંને આરોપીઓની ધરપકડ કરી છે.

## ઑપરેશન દેવઃ આંતરરાજ્ય બાળ તસ્કરી કરતી મુરુગન ગૅંગના સાગરીતો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બાળ તસ્કરી કરતી મુરુગન ગેંગના સાગરિતોને ઝડપી પાડી ગુજરાત પોલીસે મોટી સફળતા હાંસલ કરી છે. ઑપરેશન દેવ હેઠળ આંતરારાજ્ય ગેંગનો પર્દાફાશ થયો હતો અને અપહરણ કરાયેલા ચાર વર્ષના બાળક દેવને પણ બચાવાયો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

બાળકનું છઠ્ઠી એપ્રિલે અપહરણ થયા બાદ પોલીસે ૧૦ સમર્પિત ટીમો બનાવી અને ઓપરેશન દેવ નામની એક ખાસ ઝુંબેશ શરૂ કરી હતી. ટેકનિકલ દેખરેખ અને સતત ફિલ્ડ ઓપરેશન કર્યા બાદ ગેંગના સાગરિતોને પકડી પાડવામાં પોલીસને સફળતા મળી હતી. સોમવારે, પોલીસે તેલંગાણા સ્થિત મુરુગન ગેંગના ત્રણ શખ્સની ધરપકડ કરી હતી. આ ગેંગ મુરુગન ચલાવતો હોવાનું પોલીસનું માનવું છે. તપાસ એજન્સીઓના જણાવ્યા અનુસાર આ સિન્ડિકેટ ઓછામાં ઓછા આઠ નવજાત શિશુઓની તસ્કરી કરતી હતી, જેમાં બનાસકાંઠા અને મહારાષ્ટ્રમાં બે-બે, હૈદરાબાદમાં ત્રણ અને દિલ્હીના એક બાળકનો સમાવેશ થાય છે. રાજસ્થાનના એક દંપતીને ત્યાં જન્મેલા બાળકનું રેસ્ક્યુ કર્યા બાદ અને દાંતાના બે સ્થાનિક આરોપી શૈલેષ ગમાર અને બાબુ ભગારોની ધરપકડ કરવામાં આવ્યા બાદ આ તપાસ આગળ વધી હતી. તેમની પૂછપરછમાં બોડાશુ નાગરાજુ (૩૨), ઉર્ફે મુરુગન બોડાશુ વેંકટી દ્વારા ચલાવવામાં આવતા એક મોટા નેટવર્કનો પર્દાફાશ થયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ટેકનિકલ ઇનપુટ્સનો ઉપયોગ કરીને, એક ખાસ ટીમે મુરુગનને તેલંગાણાના કાગઝનગરમાંથી શોધી કાઢ્યો હતો. તેની સાથે તેના બે સાથીને પણ પોલીસે પકડી પાડ્યા હતા.

ગેંગની મોડસ ઓપરેન્ડી સમજાવતા, અધિકારીઓએ જણાવ્યું હતું કે શરૂઆતમાં તપાસ હૈદરાબાદના આઈવીએફ કેન્દ્રોની આસપાસ મર્યાદિત હતી. મુરુગન અને તેની પત્ની, સુરકૃષ્ણવેણીએ કથિત રીતે નિઃસંતાન દંપતીને ટાર્ગેટ બનાવતી હતી. તે સિકંદરાબાદ, બંજારા હિલ્સ અને કુકટપલ્લીમાં અનેક આઈવીએપ ક્લિનિક્સના સંપર્કમાં હતી અને તેમને બાળકને જન્મ આપી શકે તેવી મહિલાઓ સાથે પણ સંપર્ક કરાવતી હતી. આ માટે મહિલાદીઠ તેમને રૂ. ૫૦૦૦ કે ૬૦૦૦ મળતા. ત્યારબાદ તેમણે આખુ નેટવર્ક અન્ય રાજ્યોમાં ફેલાવ્યું અને તાજા જન્મેલા બાળકોની તસ્કરી શરૂ કરી અને બાળકદીઠ રૂ. ૪થી ૫ લાખ લેવાનું શરૂ કર્યું હતું.

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઃ ૫૯,૫૨૫ હોમગાર્ડ્સ અને ૪૧,૩૮૩ વધારાના જવાનોની ફોર્સ ડિપ્લોય કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬ના સંદર્ભે ગુજરાત પોલીસ રાજ્યની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ રાજ્ય પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવની અધ્યક્ષતામાં તમામ શહેરના પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ વડા તેમજ રેન્જ વડાની સાથે વીડિયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચૂંટણી દરમિયાન સુરક્ષા બંદોબસ્તનું આયોજન અને ફાળવણી અંગે ચર્ચા કરવામાં આવી હતી. ચૂંટણીપ્રક્રિયા શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી મોટા પાયે પોલીસ અને અન્ય સુરક્ષા દળોની ફાળવણી કરવામાં આવી છે. જેમાં ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૧૩ નગરપાલિકાની પેટાચૂંટણી, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયત બેઠકોને આવરી લેવામાં આવી છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે માટે ૫૯,૫૨૫ હોમગાર્ડ અને જી.આર.ડી. જવાનો તેમજ ૪૧,૩૮૩ વધારાના જવાનોની ફોર્સ ડિપ્લોય કરવામાં આવી છે.

આ વીડિયો કોન્ફરન્સમાં રાજ્ય પોલીસ વડા દ્વારા સુરક્ષા અને વ્યવસ્થાને લઈને વિવિધ જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. જેમાં સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત પેટ્રોલિંગ અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર સતત દેખરેખ રાખવી, આંતર-જિલ્લા અને રાજ્યની સરહદો પર સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત કરવી, ટેકનિકલ ખામી વગર સંવાદ જળવાઈ તે માટે પોલીસ યુનિટોને સતર્ક રહેવા આદેશ આપ્યા છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. પુરવઠાની તંગીને પહોંચી વળવા ગેસ એજન્સીઓ દ્વારા હવે એક બાટલાના બુકિંગ બાદ બીજા બાટલા માટે ૩૫ દિવસનું અંતર રાખવાનો કડક નિયમ અમલી બનાવાયો છે.

જે પરિવારોમાં સભ્યોની સંખ્યા વધુ છે અને ગેસ જોડાણ માત્ર એક જ છે, તેમને ૩૫ દિવસ સુધી એક બાટલો ચલાવવો અશક્ય બની રહ્યો છે. પરિણામે, ગ્રાહકોને સમયસર રાંધણગેસ ગેસ ન મળતા રસોડાનું બજેટ અને વ્યવસ્થા બંને ખોરવાઈ ગયા છે. ગેસ બુકિંગ માટેની ઓનલાઈન સુવિધા પણ હાલ કથળી ગઈ છે. વારંવાર સર્વર ડાઉન રહેવાના કારણે ગ્રાહકો મોબાઈલ દ્વારા મિસ્ડકોલ કરીને બુકિંગ કરાવવા મથે છે, પરંતુ સફળતા મળતી નથી. આથી, છેવટે લોકોએ એજન્સીની ઓફિસ પર રૂબરૂ જઈને નવી બુક, કેવાયસી અપડેટ કે સરનામાં ફેરફાર જેવી પ્રક્રિયાઓ માટે કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવું પડે છે. જોકે, એક રાહતની વાત એ છે કે જે ગ્રાહકોનું બુકિંગ સફળતાપૂર્વક થઈ જાય છે, તેમને ગોડાઉન પરથી સિલિન્ડર સરળતાથી પ્રાપ્ત થઈ રહ્યું છે. પરંતુ બુકિંગમાં પડતી મુશ્કેલી અને લાંબી અવધિને કારણે લોકોએ હવે ગેસના વિકલ્પ તરીકે ઇલેક્ટ્રિક સગડી કે ઇન્ડક્શન ચૂલાનો ઉપયોગ વધારવાની ફરજ પડી છે. લંબાતા જતા યુદ્ધને કારણે ગેસની અછત અને મોંઘવારી વચ્ચે સામાન્ય જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## કાલાવડ જામનગર હાઈવે પર કારચાલકે બે લોકોને અડફેટે લેતાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વધી રહેલા માર્ગ અકસ્માતો મોટી ચિંતાનો વિષય બન્યા છે. કાલાવડ-જામનગર હાઈવે પર આવેલા નવા માર્કેટયાર્ડ નજીક એક ભયાનક અકસ્માતમાં એક મહિલા અને સગીરનું મોત થયું હતું. જ્યારે ૪ લોકોને ઈજા થઇ હતી. કાલાવડ જામનગર હાઇવે પર ક્રિષ્ના રેસ્ટોરન્ટ પાસે કેટલાક લોકો કાળઝાળ ગરમીમાં શેરડીનો રસ પી રહ્યા હતા. આ દરમિયાન પૂરપાટ ઝડપે જતી કારે શેરડીનો રસ પીતા લોકોને અડફેટે લીધા હતા. અકસ્માત બાદ કાર ચાલક ફરાર થયો હતો. અકસ્માતની આ સમગ્ર ઘટનાા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. પોલીસે અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ હિટ એન્ડ રનનો ગુનો નોંધ્યો હતો. આ સાથે જ સીસીટીવી ફૂટેજ અને વાહનના નંબરના આધારે તેની શોધખોળ શરૂ કરી છે. કારચાલક જામનગરથી કાલાવડ તરફ આવી રહ્યો હતો. આ દરમિયાન તેણે આગળ જઈ રહેલી એક બસને ઓવરટેક કરવાની ઉતાવળમાં વાહન પરનો કાબૂ ગુમાવી દીધો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં એક યુવાન અને એક મહિલાનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ સાથે જ બે લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. ઘાયલોને ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બનાવની જાણ થતાં કાલાવડ ટાઉન પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે કાલાવડની સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા.

## આરોગ્ય વિભાગમાં કામગીરીમાં બેદરકારી બદલ નૉટિસ ફટકારાતા ફફડાટ, ૫૦ પાસેથી જવાબ મગાયો

ભુજઃ કચ્છ જિલ્લામાં નેશનલ હેલ્થ મિશન હેઠળની કામગીરીમાં ગંભીર બેદરકારી સામે આવતા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. રાપર અને ભુજ સહિતના વિસ્તારોમાં નબળા રિપોર્ટિંગ અને સુપરવિઝનમાં નિષ્ફળતા બદલ અંદાજે ૫૦ જેટલા સુપરવાઈઝર અને તાલુકા આરોગ્ય અધિકારીના સ્તરે કારણદર્શક નોટિસો ફટકારવામાં આવતા આરોગ્ય આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે. અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટરમાં ફેબ્રુઆરી-૨૦૨૬ના અહેવાલ અનુસાર, ૭૯ જિવિત બાળકોના જન્મ નોંધાયા હતા. 'હોમ બેઝ્ડ કેર ફોર યંગ ચાઈલ્ડ' યોજના હેઠળ આ તમામ બાળકોની આશા બહેનો દ્વારા ઘરે-ઘરે જઈ મુલાકાત લેવાની અનિવાર્ય જવાબદારી હોય છે. જોકે, તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે માત્ર ૫૦ બાળક (૬૩.૨૯ ટકા) ની જ મુલાકાત લેવાઈ હતી. આ ગંભીર બેદરકારી બદલ ઈન્ચાર્જ ફીમેલ હેલ્થ સુપરવાઈઝર સાવિત્રી માલસતરને નોટિસ આપી ત્રણ દિવસમાં મેડિકલ ઓફિસરના અભિપ્રાય સાથે ખુલાસો રજૂ કરવા આદેશ અપાયો છે.મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ સુપરવિઝન અને મોનિટરિંગમાં નિષ્ફળતા બદલ વેધક સવાલો ઉઠાવ્યા છે. જો નિયત સમયમર્યાદામાં સંતોષકારક જવાબ રજૂ કરવામાં નહીં આવે, તો સંબંધિત કર્મચારીઓ વિરુદ્ધ શિસ્તભંગની કડક કાર્યવાહી કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

બીજી તરફ, આરોગ્ય વિભાગના આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્ટાફમાં ભારે અસંતોષ પ્રવર્તી રહ્યો છે. તાજેતરમાં થયેલી બદલીઓ અને પાયાની કામગીરી કરતી આશા બહેનોના બે-બે મહિનાથી અટકેલા પગારને કારણે કામગીરી પર અસર પડી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ખાલી જગ્યાઓ અને વધતા ટાર્ગેટ વચ્ચે નોટિસોનો દોર શરૂ થતા કર્મચારીઓનું મનોબળ 'ડાઉન' થઈ રહ્યું છે. સ્વરાજ્યની ચૂંટણી નજીક છે ત્યારે એક તરફ તંત્ર નિયમોનું પાલન કરાવવા મથામણ કરી રહ્યું છે, તો બીજી તરફ વહીવટી ખામીઓ વચ્ચે આ 'નોટિસ યુદ્ધ' છેવાડાના ગ્રામ્ય વિસ્તારોની આરોગ્ય સેવાઓને માઠી અસર કરી શકે તેવી ભીતિ સેવાઈ રહી છે.

## સુરત મનપાએ ગંદા પાણીને સ્વચ્છ કરી 300 કરોડની કમાણી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત મહાનગર-પાલિકાએ અન્ય મહાનગર-પાલિકાઓ કે સરકારી તંત્રો માટે ઉદાહરણીય કામ કર્યું છે. મનપાએ ગંદા પાણીને શુદ્ધ કરી તેને ઉદ્યોગોને વેચ્યું છે અને તેમાંથી ત્રણ વર્ષમાં રૂ. ૩૭૬ કરોડની કમાણી કરી છે. ૨૦૧૪માં શરૂ થયેલી આ પહેલથી હવે ₹૭૬૩ કરોડની કુલ આવક થઈ છે.

સત્તાવાર માહિતી અનુસાર, વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૧૨૯.૩૭ કરોડ, વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૧૨૧.૪૪ કરોડ, ૨૦૨૫-૨૬માં રૂ.૧૨૫.૬૭ કરોડની આવક સુરત મનપાએ કરી છે.

હાલમાં, સુરત મનપા પાંડેસરા અને સચિનમાં ઔદ્યોગિક એકમોને શુદ્ધ કરેલું પાણી પૂરું પાડે છે. કાપડ અને રાસાયણિક ઉદ્યોગો, જેમને મોટા પ્રમાણમાં પાણીની જરૂર પડે છે અને શુદ્ધ કરાયેલા પાણીને પ્રમાણમાં ઓછો ખર્ચાળ વિકલ્પ માને છે. તેમની માગણીને ધ્યાનમાં રાખીને, નાગરિક સંસ્થા હવે હજીરા અને પલસાણામાં ઔદ્યોગિક એકમોમાં તેના સપ્લાય નેટવર્કને વધારવાની કરવાની યોજના બનાવી રહી છે. મનપા હાલમાં બામરોલી અને ડિંડોલીમાં શુદ્ધિકરણ પ્લાન્ટ ચલાવે છે. વધતી ઔદ્યોગિક માગણીઓને પહોંચી વળવા માટે આવા પ્લાન્ટની સંખ્યા વધારવાની યોજના ચાલી રહી છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 94 ■ વિક્રમ સંવત ૨૦૮૨
વૈશાખ સુદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 April 2026, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૨૨ એપ્રિલ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ ઈન્ટરવલ પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મોદી ‘ત્રાસવાદી’: ખડગે



## કૉંગ્રેસી નેતાએ ફરી ભાંગરો વાટતા રાજકીય વાવંટોળ: ભાજપ ભડક્યો

ચેન્નઇ: કૉંગ્રેસના વડા મલ્લિકાર્જુન ખડગેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ‘ત્રાસવાદી’ કહ્યા હતા અને તેમની સાથે જોડાણ કરનારા ઑલ ઇન્ડિયા અન્ના દ્રવિડ મુન્નેત્ર કળગમ (અન્ના દ્રમુક)ની આકરી ટીકા કરી હતી. જો કે પોતાની ભૂલ સમજાતા પછી તેમણે સ્પષ્ટતા કરી હતી.

તેમણે ચેન્નઇમાં પત્રકારો સમક્ષ સવાલ કર્યો હતો કે અન્નાદુરાઇને પૂજતા અન્ના દ્રમુકના નેતાઓ મોદીની સાથે કઇ રીતે હાથ મિલાવી શકે? મોદી ત્રાસવાદી છે. તેમનો પક્ષ સમાનતા અને ન્યાયમાં નથી માનતો. આ લોકો (અન્ના દ્રમુકના નેતાઓ) મોદીના પક્ષની સાથે કઇ રીતે યુતિ કરી શકે? મોદીના પક્ષની સાથે યુતિ કરવાનો અર્થ લોકશાહીને નબળી કરવા સમાન થાય.

ખડગેના આ નિવેદન અંગે ભાજપે આકરી પ્રતિક્રિયા આપી માફીની માગણી કરી છે. ખડગેના નિવેદનની ભાજપે વડા પ્રધાન અને દેશની જનતાનું અપમાન ગણાવ્યું છે.

અન્ના મલાઈએ કહ્યું હતું કે ખડગેએ વડા પ્રધાનના હોદ્દાની ગરિમા ઓછી કરી છે અને સીધે સીધું જ મોદીને આતંકવાદી કહી રહ્યા છે. ખડગેએ જાહેરમાં માફી માગવી જોઈએ એવી માગણી તેમણે કરી છે.

ખડગેના આ નિવેદનથી બી. એસ. યેદીયુરપ્પા પણ ભડકી ગયા હતા અને કહ્યું હતું કે ખડગેએ ઝેરીલી માનસિકતાનું પ્રદર્શન કર્યું છે.

શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું હતું કે કૉંગ્રેસ જ્યારે ચારે તરફથી ઘેરાઈ જાય છે ત્યારે તેના નેતાઓની ભાષા તેમનો અસલી ચહેરો સામે લાવે છે.

ખડગેએ જણાવ્યું હતું કે તમારે ભાજપની સામે નહિ ઝૂકનારા અને તેમની સામે લડત આપનારા એમ. કે. સ્ટાલિન જેવા નેતાની જરૂર છે. અન્ના દ્રમુક હવે ભાજપનો મૂક-ગુલામ ભાગીદાર બની

(જુઓ પાનું ૨) ▶▶

### ખડગેનો યુ-ટર્ન

કૉંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આતંકવાદી લેખાવતું વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે.

આ મામલે પ્રશ્ન કરવામાં આવતાં ખડગેએ કહ્યું હતું કે મારો મતલબ એ હતો કે મોદી હંમેશાં ધમકી આપે છે અને મેં તેમને ત્રાસવાદી કહ્યા નથી.

તેમણે આક્ષેપ કર્યો હતો કે ભાજપના વડપણ હેઠળની કેન્દ્ર સરકાર સરકારી એજન્સીઓનો દુરુપયોગ કરી રહી છે. ■

OLD GOLD UPGRADE
Festival
GET 100% VALUE
+ ₹250 PER GRAM EXTRA
ON EXCHANGE OF OLD GOLD
TODAY'S GOLD RATE
₹ 13,941/-
PER 1 GRAM OF 22KT
ANTARA GOLD & DIAMONDS
T&C Apply
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565



**જય કેદાર ઉદાર શંકર...:** ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં કેદારનાથ-ધામ મંદિરનાં દ્વાર બુધવારે ખોલતાં પહેલાં ત્યાં પંચમુખી ઉત્સવ ડોળી સાથે પહોંચેલા શ્રદ્ધાળુઓ. ચારધામયાત્રા શરૂ થઈ ગઈ છે અને બધાં મંદિરનાં દ્વાર ખૂલી રહ્યાં છે. કેદારનાથ મંદિરમાં ફોટો પાડવાની કે વીડિયો શૂટ કરવાની પરવાનગી નથી અપાઇ. (પીટીઆઇ)

## સાકીનાકા અને પાટણમાંથી બે આતંકવાદી પકડાયા

### આઈએસઆઈએસ સાથે કડી: આરડીએક્સ બનાવી ધડાકા કરવા માગતા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: એન્ટિ-ટેરરિઝમ સ્ક્વૉડ (એટીએસ) ગુજરાત દ્વારા બે શખસની ધરપકડ કરવામાં આવી હતી, જે કથિત રીતે દેશવિરોધી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા હોવાનું માનવામાં આવે છે. એક શખસ ગુજરાત પાટણથી જ્યારે બીજો મુંબઈના સાકીનાકા વિસ્તારથી પકડવામા આવ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

પાટણ જિલ્લાના સિદ્ધપુરના રહેવાસી બાવીસ વર્ષીય ઇરફાન કાલેખાન પઠાણ કથિત રીતે કટ્ટરવાદી માનસિકતા ધરાવતો હોવાના અને ભારત સરકાર સામે સશસ્ત્ર બળવો કરવાની યોજના બનાવી રહ્યો હોવાની ગુપ્ત માહિતી એટીએસને મળી હતી, જેના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

પઠાણની અટકાયત કરવામાં આવી હતી અને પૂછપરછ માટે એટીએસ ઓફિસમાં લાવવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછ દરમિયાન, તપાસકર્તાઓએ તેના મોબાઇલ ફોનની તપાસ કરી હતી અને જાણવા મળ્યું કે તે કથિત રીતે સોશ્યલ મીડિયા દ્વારા આતંકવાદી સંગઠન આઈએસઆઈએસ સાથે જોડાયેલા કાર્યકરો તેમજ અનેક કટ્ટરપંથી જૂથોના સંપર્કમાં હતો. ત્યારબાદની તપાસ અને ડિજિટલ ફોરેન્સિક તપાસ દ્વારા એટીએસને તેના કથિત સાથી, ખુર્શીદ ઝાહિદ અખ્તર શેખ (૨૧) વિશે માહિતી મળી

(જુઓ પાનું ૨) ▶▶

## ઈરાન - અમેરિકા મંત્રણા કે ફરી યુદ્ધ?

▸ ઈરાનનાં પ્રતિનિધિમંડળ આવવા અંગે અવઢવ હોવાથી અમેરિકાએ પાકિસ્તાનને ‘ડેલે હાથ દઈને પાછા ફરવું પડી શકે છે’ ▸ તહેરાન પર મોટા પાયે બૉમ્બમારો કરવાની ટ્રમ્પની ધમકી ▸ હોર્મુઝ ખાડી ખુલ્લી મૂકવાનો મુદ્દો પેચીદો ▸ હિઝબુલ્લાહ સાથેનું સમાધાન મુશ્કેલીમાં ▸ ઈરાનના ટૅન્કર પર ઊતર્યા અમેરિકી સૈનિકો

ઇસ્લામાબાદ: અમેરિકા અને ઇરાન વચ્ચે પાકિસ્તાનની રાજધાનીમાં બુધવારે તેમ જ ઇઝરાયલ અને લેબેનોનની વચ્ચે ગુરુવારે વૉશિંગ્ટનમાં યોજાનારી શાંતિ-મંત્રણાની શરૂઆત પહેલાં જ શંકા અને અનેક સવાલ ઊભા થયા છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે મંત્રણાનો બીજો તબક્કો નિષ્ફળ જશે, તો ઇરાન પર મોટા પાયે બૉમ્બમારો કરવાની ધમકી આપી હતી, જ્યારે તહેરાને પોતાની પાસે લડવા હજી ‘ઘણું’ બાકી હોવાનો દાવો કર્યો હતો.

દરમિયાન, હોર્મુઝ ખાડીમાંની અમેરિકાની નાકાબંધીને લીધે આ સામુદ્રધુની પરના નિયંત્રણનો મુદ્દો વધુ ને વધુ જટિલ બનતો જાય છે.

પાકિસ્તાનની રાજધાની ઇસ્લામાબાદમાં અમેરિકા અને ઇરાનના પ્રતિનિધિમંડળ વચ્ચે બીજા તબક્કાની બુધવારની શાંતિમંત્રણાનો તખતો ગોઠવાયો હોવા છતાં ઇરાને પોતાનું પ્રતિનિધિમંડળ મંગળવારે મોડી રાત સુધી મોકલ્યું ન હોવાથી આ શાંતિમંત્રણા શરૂ થયાની પહેલાં જ તેની સફળતા અંગે શંકા ઊભી થઇ છે અને અમેરિકા માટે ઇસ્લામાબાદના ‘ડેલે હાથ દઇને પાછા ફરવા’ જેવી પરિસ્થિતિ ઊભી

(જુઓ પાનું ૨) ▶▶

### અમેરિકા દ્વારા જપ્ત કરાયેલા ઈરાનના જહાજ સાથે કોઈ લેવાદેવા નથી: ચીન

બૅઈજિંગ: અમેરિકા દ્વારા અખાતમાં જપ્ત કરાયેલા ઈરાનના કાર્ગો સાથે કોઈ પણ પ્રકારની લેવાદેવા હોવાનું ચીને મંગળવારે નકારી કાઢ્યું હતું.

આ કાર્ગો શિપમાં મિસાઈલના ઉત્પાદન માટે સહાયરૂપ થાય તેવી રાસાયણિક સામગ્રી હતી.

ચીનના વિદેશ ખાતાના પ્રવક્તા ગ્વો જિઆકૂને પત્રકારોને આપેલી મુલાકાતમાં અમેરિકા દ્વારા કરવામાં આવેલા આ આક્ષેપોને નકારી કાઢ્યા હતા.

અમેરિકાનાં રાજદૂત નિક્કી હેલીએ દાવો કર્યો હતો કે અમેરિકા દ્વારા જપ્ત કરવામાં આવેલું જહાજ ચીનથી ઈરાન જવા રવાના થયું હતું અને તેમાં મિસાઈલના ઉત્પાદન માટે સહાયરૂપ થાય તેવી રાસાયણિક સામગ્રી હતી.

જહાજને થોભવા વારંવાર આપવામાં આવેલા આદેશની અવગણના કરવામાં આવી હતી એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ચીન ઈરાનને મદદ કરી રહ્યું હોવાની બાબતની અવગણના કરી શકાય નહીં.

દરમિયાન ઈરાને અમેરિકા દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીનો વિરોધ કરી વળતો જવાબ આપવાની ચેતવણી આપી હતી. (એજન્સી) ■

## કેરલમમાં ફટાકડાની ફેક્ટરીમાં ભયંકર વિસ્ફોટ, ૧૩નાં મોત

ત્રિશૂર (કેરલમ): કેરલમના ત્રિશૂર જિલ્લાના મુંડથિક્કોડુ વિસ્તારમાં મંગળવારે ફટાકડા બનાવતી એક ફેક્ટરીમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૧૩ લોકો માર્યા ગયા હતા જ્યારે ઘણા લોકો ઘાયલ થયા હતા. આ વિસ્ફોટ તે સમયે થયો જ્યારે શહેરમાં યોજાનારા વાર્ષિક હિન્દુ મંદિર ઉત્સવ ત્રિશૂર પૂરમની તૈયારીઓ ચાલી રહી હતી.

ઘટનાસ્થળે પહોંચેલા રાજ્ય સરકારના એક અધિકારીએ જણાવ્યું હતું કે વિસ્ફોટ સમયે યુનિટમાં લગભગ ૪૦ લોકો કામ કરી રહ્યા હતા કારણ કે ફેક્ટરીના માલિકો તરફથી કર્મચારીઓ માટે લંચ લાવવામાં આવ્યું હતું. તેમાંથી ઘણા લોકો દાઝી ગયા હતા, જેમાંથી ઘણાની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આ દુર્ઘટના એક શેડમાં બની હતી જ્યાં આગામી ‘ત્રિશૂર પૂરમ’ ઉત્સવ માટે એક મંદિર દેવસ્વમ તરફથી ફટાકડા તૈયાર કરવામાં આવી રહ્યા હતા. ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા.

કેરલમ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર, આઠ લોકોનાં મોતની પુષ્ટી કરવામાં આવી છે. પાંચ મૃતદેહો મળી આવ્યા છે, જ્યારે ત્રણ અન્ય લોકોના શરીરના ટૂકડાઓ સ્થળ પરથી મળી આવ્યા છે. મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયને નિર્દેશ આપ્યો કે ઘાયલોને તમામ જરૂરી તબીબી સહાય પૂરી પાડવામાં આવે અને અધિકારીઓને સંકલિત બચાવ અને રાહત કામગીરી સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી.

મુખ્ય પ્રધાનના કાર્યાલયે જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાને મુખ્ય સચિવ સાથે વાત

(જુઓ પાનું ૨) ▶▶

## બંગાળ, તમિળનાડુમાં આવતી કાલની ચૂંટણી માટેના પ્રચાર પડઘમ શાંત

નવી દિલ્હી: પશ્ચિમ બંગાળની વિધાનસભાની ચૂંટણીના આવતી કાલ ગુરુવારના પ્રથમ તબક્કાનો અને મોટા શોરબકોરવાળો પ્રચાર મંગળવારે પૂરો થયો હતો. તમિળનાડુમાં એક જ તબક્કામાં ગુરુવારે ચૂંટણી યોજાવાની છે અને તેના માટેના પ્રચાર પર પણ ગઈ કાલે સાંજે પડદો પડી ગયો હતો. બે મોટા હરીફો ભારતીય જનતા પાર્ટી (બીજેપી) અને તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી)એ ૨૩ એપ્રિલના પ્રથમ તબક્કાના મતદાનમાં લોકોને આકર્ષવા વચનોનો વરસાદ વરસાવ્યો હતો. આ ચૂંટણી ઉત્તર બંગાળમાં અને દક્ષિણ બંગાળના અમુક જિલ્લાની ૧૫૨ બેઠકમાં યોજાવાની છે. ચૂંટણી પંચે આપલી માહિતી પ્રમાણે આ તબક્કામાં ૩.૬૦ કરોડ મતદાતાઓ મત આપવા પાત્રતા ધરાવે છે. આમાં ૧.૮૪ કરોડ પુરષ, ૧.૭૫ કરોડ મહિલા અને ૪૬૫ ટ્રાન્સજેન્ડર છે.

ભાજપના ઉમેદવારો માટે પ્રચાર કરતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહપ્રધાન અમિત શાહ અને બીજા અનેક નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે રાજ્યમાં હિંસા, કાયદાહીનતા અને વ્યાપક ભ્રષ્ટાચાર છે. ભાજપના

(જુઓ પાનું ૨) ▶▶

## દાહોદમાં લગ્નનો જમણવાર ભારે પડ્યો: ૪૦૦ને ફૂડ પોઇઝનિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં કાળઝાળ ગરમીમાં પણ લગ્નસરાની મોસમ પૂરબહારમાં ખીલી છે. લગ્ન પ્રસંગમાં ભોજન સમારોહ બાદ ફૂડ પોઈઝનિંગની ઘટનાઓ પણ વધી છે. આવો જ વધુ એક બનાવ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના અભલોડ ગામમાં બન્યો હતો. ગામમાં એક લગ્ન પ્રસંગ દરમિયાન જમણવારમાં ભોજન બાદ ૪૦૦થી વધુ લોકો ફૂડ પોઈઝનિંગનો શિકાર બનતાં સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો હતો. દર્દીઓને ૧૦૮ એમ્બ્યુલન્સ અને ખાનગી વાહનો દ્વારા હૉસ્પિટલમાં ખસેડાયા હતા. ૫૦થી વધુ દર્દીઓ ઝાયડસ હૉસ્પિટલમાં સારવાર હેઠળ તો ૧૫૦થી વધુ લોકોને અન્ય ખાનગી હૉસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૨૦૦ જેટલા લોકોને ગામમાં જ ડોક્ટરો દ્વારા સારવાર કરવામાં આવી હતી. સદનસીબે કોઈ જાનહાનીના સમાચાર નથી.

ગરબાડા તાલુકાના અભલોડ ગામના ગામતળમાં રહેતા ભરતભાઈ રાઠોડના નાના છોકરાના લગ્ન હોવાથી જમણવાર

(જુઓ પાનું ૨) ▶▶

## ૧૮૨૫ કરોડનું મોટું જીએસટી કૌભાંડ: માસ્ટરમાઇન્ડ દિલ્હી ઍરપોર્ટ પર પકડાયો

નવી દિલ્હી: દેશભરમાં ૧,૮૨૫ કરોડ રૂપિયાના ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) રિફન્ડ કૌભાંડ પાછળના માસ્ટરમાઈન્ડ કપિલ ચુગની ધરપકડ કરવામાં આવી છે. અમદાવાદની જીએસટી ઇન્ટેલિજન્સ ડિરકટરેટ જનરલ (ડીજીજીઆઈ) ની એક ટીમે ૧૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ દિલ્હીના ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી તેની ધરપકડ કરી હતી. તે લાંબા સમય પછી દુબઈથી ભારત પરત ફરી રહ્યો હતો. નાણા મંત્રાલયે એક સત્તાવાર નિવેદનમાં આ જાણકારી આપી હતી.

તપાસમાં ખુલાસો થયો છે કે કપિલ ચુગ અને તેના સાથી વિપિન શર્માએ નકલી ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા અને ઝીરો રેટેડ સપ્લાયના નામ પર રિફંડ મેળવવા માટે એક સુનિયોજિત અને જટિલ નેટવર્ક તૈયાર કર્યું હતું. કપિલ આ સમગ્ર યોજના પાછળનો મુખ્ય સૂત્રધાર છે અને એક રીઢો ગુનેગાર છે. તેણે આ સમગ્ર સિન્ડિકેટને ડમી કંપનીઓ, કર્મચારીઓ અને સહયોગીઓ મારફતે ચલાવતો હતો.

કપિલ તપાસથી બચતો રહ્યો હતો. તે ડીજીજીઆઈ, અમદાવાદ તરફથી પાઠવવામાં

(જુઓ પાનું ૨) ▶▶

## પાકિસ્તાનની ઍરસ્પેસમાં ૨૪મી મે સુધી ભારતીય વિમાનો માટે પ્રવેશબંધી

નવી દિલ્હી: પાકિસ્તાને ભારતીય વિમાનો માટે ઍરસ્પેસ બંધ રાખવાની મુદત મંગળવારે ૨૪ મે સુધી લંબાવી હતી.

આ સાથે જ ભારતીય વિમાનો માટે ઍરસ્પેસ બંધ રાખવાની મુદતે એક વર્ષ કરતાં વધુ સમય પૂરો કર્યો છે.

ગયા વર્ષની બાવીસ એપ્રિલે કાશ્મીરના પહલગામમાં કરવામાં આવેલા આતંકવાદી હુમલાએ ૨૮ જણનો ભોગ લીધા બાદ ભારત અને પાકિસ્તાન બંનેએ એકમેકના વિમાન માટે ઍરસ્પેસ બંધ કરી દીધો હતો.

ભારતીય વિમાનો માટે પાકિસ્તાનનો ઍરસ્પેસ ૨૪ એપ્રિલ ૨૦૨૫થી બંધ છે તો ભારતે ૩૦ એપ્રિલ ૨૦૨૫થી પાકિસ્તાનના વિમાનો માટે ઍરસ્પેસ બંધ રાખ્યો છે.

‘નોટામ’ (નૉટિસ ટૂ ઍરમેન)ના

(જુઓ પાનું ૨) ▶▶

## લોકસભામાં વડા પ્રધાનની સામે વિશેષાધિકાર ભંગની નૉટિસ

નવી દિલ્હી: મહિલા અનામત ખરડાને મંજૂર કરાવવામાં મળેલી નિષ્ફળતા બાદ રાષ્ટ્રને કરેલાં સંબોધન દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સાંસદોની કરેલી કથિત નિંદાને મામલે કૉંગ્રેસના સાંસદ કે. સી. વેણુગોપાલે મંગળવારે લોકસભાના સ્પીકર ઓમ બિરલાને પીએમ મોદી વિરુદ્ધ વિશેષાધિકાર ભંગની નૉટિસ સુપરત કરી હતી.

લોકસભામાં રૂલ્સ ઑફ પ્રોસિજર ઍન્ડ કન્ડક્ટ ઑફ બિઝનેસના નિયમ ૨૨૨ અંતર્ગત સુપરત કરેલી નૉટિસમાં તેમણે નોંધ્યું હતું કે ૧૭ એપ્રિલે લોકસભામાં મહિલા અનામત ખરડાને બેતૃતિયાંશ બહુમતીથી પસાર કરવામાં મળેલી નિષ્ફળતા બાદ ૧૮ એપ્રિલે મોદીએ રાષ્ટ્રીય ટેલિવિઝન પર રાષ્ટ્રને ૨૯ મિનિટ કરેલાં સંબોધનમાં મહિલા અનામત ખરડા આડે અવરોધ ઊભો કરવા બદલ

(જુઓ પાનું ૨) ▶▶

## પીએમ મોદીનું સંબોધન ચૂંટણી આચારસંહિતાનો ભંગ: તપાસ કરાશે

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્રજોગ સંબોધને ચૂંટણીની આચારસંહિતાનો ભંગ કર્યો હોવાની વિપક્ષની ફરિયાદ બાદ આ બાબતની ચકાસણી કરવાનો ચૂંટણી પંચે નિર્ણય લીધો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ડાબેરી પક્ષોએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારને લખેલા પત્રમાં આક્ષેપ કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કરેલા રાષ્ટ્રજોગ ભાષણે ચૂંટણીની આચારસંહિતાનો ભંગ કર્યો હતો અને એ બદલ તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવવી જોઈએ.

આસામ, કેરળ અને પુડુચેરીમાં મતદાન પૂરું થઈ ગયું છે તો તમિળનાડુ અને પશ્ચિમ બંગાળમાં ૨૩ એપ્રિલે મતદાન થવાનું છે. પશ્ચિમ બંગાળમાં છેલ્લાં તબક્કાનું મતદાન ૨૯ એપ્રિલે થશે. ૧૫મી માર્ચથી ચૂંટણીની આચારસંહિતા લાગુ થઈ હતી અને તે ચાર મે એટલે કે પાંચ વિધાનસભાની મતગણતરી કરવામાં આવશે ત્યાં સુધી લાગુ રહેશે. (એજન્સી) ■

થાઈલેન્ડ-મલેશીયા-સીંગાપોર
બેંગકોક,પટ્ટાયા,કુઆલાલુમ્પુર,જેન્ટીંગ ૨ રાત્રી જેન્ટીંગ ડ્રીમ ક્રુઝ
ઉ.૨૮એપ્રિલ,દિ.૧૪/૧૨/૯/૬,વેજ/જૈન લંચ-ડીનર
કાશ્મીર ગુલમર્ગ સોનમર્ગ શ્રીનગર,પહેલગામ દિ.૮, ઉ.૨૫ મે
લેહ-લડાખ નુબ્રા પેંગોંગ કારગીલ,૧૩મે, ૨૨મે,૧૯જૂન
ચારધામ દિ.૧૨, ૨/૫, ૧૪/૫, ૨૬/૫
આસામ-મેઘાલય અરૂણાચલ એપ્રિલ/મે
યુરોપ દિ.૧૪, સ્વીઝરલેન્ડ, પેરીસ એમસ્ટરડેમ, બ્રસેલ્સ, ઈન્સબ્રુક
રોમ,પેરીસ,વેનીસ,ઉ. ૮મે, ૨૨મે, રૂા. ૩,૮૯,૦૦૦/-
એરફેર, વીઝા,૩/૪હોટલ્સ,વેજ/જૈન લંચ-ડીનર
માઉન્ટ ટીટલીસ + માઉન્ટ જુંગફ્રો + તુલીપ ગાર્ડન + ગંદોલા
દાર્જીલીંગ-ગેંગટોક-પેલીંગ
લાચુંગ,છાંગુલેક,દિ.૧૦,ઉ.૨ જૂન,રૂા. ૪૩,૫૦૦/-
SINCE 2001 નીરવ સંઘવી સંચાલીત
વિનાયક ટુર્સ
9930716930/9137946753
9820093130 Timing 11 to 8
૮,વલ્લભ,મહાવીરનગર,કાંદીવલી(વે)

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાહુલની બેવડી નાગરિકતાનું તૂત ક્યાં લગી ચાલશે?

**કૉંગ્રેસ** સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીની બેવડી નાગરિકતાનું ભૂત પાછું ધૂણ્યું છે. કર્ણાટક ભાજપના કાર્યકર વિગ્નેશ શિશિરે અલાહાબાદ હાઈ કોર્ટમાં અરજી કરીને દાવો કર્યો છે કે, રાહુલ ગાંધી ભારત અને બ્રિટન એમ બે દેશની નાગરિકતા ધરાવે છે તેથી તેમને સજા થવી જોઈએ કેમ કે ભારતમાં બેવડી નાગરિકતા માન્ય નથી. રાહુલે આ વાત છુપાવીને અપરાધ કર્યો છે એવો દાવો પણ શિશિરે કર્યો છે. શિશિરે આ અરજી મૂળ તો એમપી-એમએલએ કોર્ટમાં કરી હતી, પણ એ કોર્ટ દ્વારા અરજી ફગાવી દેવામાં આવતાં તેમણે અલ્હાબાદ હાઈ કોર્ટની લખનૌ બેંચ સમક્ષ અરજી કરી હતી.

સુપ્રીમ કોર્ટ છ વર્ષ પહેલાં આ અરજી ફગાવી ચૂકી છે તેથી અલાહાબાદ હાઈ કોર્ટે પણ અરજી ફગાવી દેવાની જરૂર હતી, પણ તેના બદલે જજ સુભાષ વિદ્યાર્થીએ અરજી સ્વીકારીને રાહુલ ગાંધી સામે એફઆઈઆર નોંધીને સીબીઆઈ દ્વારા તપાસ કરવા ફરમાન કરી દીધું. જજના નિર્ણયથી ખળભળાટ મચી ગયો કેમ કે, જજે રાહુલને નોટિસ ફટકાર્યા વિના કે તેમનો જવાબ સાંભળ્યા વિના જ સીધો એફઆઈઆર નોંધવા આદેશ આપેલો. જજસાહેબના માથે માછલાં ધોવાવા માંડ્યાં તેમાં જજસાહેબે ૨૪ કલાકમાં જ પલટી મારીને પોતાનો નિર્ણય રદ કરી દીધો. જજસાહેબનું કહેવું હતું કે, રાહુલ ગાંધીને નોટિસ જાહેર આપ્યા વિના નિર્ણય કરવો યોગ્ય નથી. જજસાહેબે ગુલાંટ લગાવી એટલે અકળાયેલા ભાજપના કાર્યકરે સીધો તેમના પર લાંચ લીધાનો આક્ષેપ કરી નાખ્યો. અરજદારે પોસ્ટ કરી કે, કોઈની પાસેથી પૈસા લીધા હોય તો પાછા આપી દો, નહીં તો જેલમાં જવું પડશે. પોસ્ટમાં જજનો ઉલ્લેખ ન હતો, પણ કોને ધમકી અપાયેલી એ કહેવાની જરૂર નથી. આ પોસ્ટ પછી જજે ભાજપના કાર્યકરને ઉઠાવીને જેલમાં નાખી દેવાની જરૂર હતી, પણ તેના બદલે જજ પોતે જ કેસમાંથી ખસી ગયા છે.

ભારતમાં ન્યાયતંત્રની શું હાલત છે તેનો આ નાદાર નમૂનો છે. સુપ્રીમ કોર્ટે ફગાવી દીધેલા મુદ્દે ચોળીને ચીકણું કરવા માગતો કોઈ નમૂનો જજ પર સીધો લાંચનો આક્ષેપ મૂકે ને છતાં તેને કશું ના કરી શકાય એ સ્થિતી આઘાતજનક કહેવાય. અરજદાર ભાજપનો કાર્યકર હોવાથી તેનાથી હાઈકોર્ટના જજે ડરવું પડે તો પછી ન્યાયતંત્ર નિષ્પક્ષ હોવાનો દાવો કઈ રીતે થઈ શકે ?

આઘાતની વાત પાછી એ છે કે, આ ચૂંથ જેમાં દમ નથી એ મુદ્દે થઈ રહી છે. રાહુલ ગાંધીની નાગરિકતા શંકાસ્પદ હોવાનું તૂત સુબ્રમણ્યમ સ્વામીના ભેજાની પેદાશ છે. સ્વામી પહેલાં દાવો કરતા હતા કે, રાહુલ ગાંધી ભારતીય નહીં પણ ઈટાલિયન નાગરિક છે. ૨૦૧૫માં સ્વામીએ રાહુલની વિદેશ યાત્રા વખતે ટ્વીટ કરેલા કે, રાહુલ ગાંધી માટે બુધ્ધુ શબ્દ વાપરીને દાવો કરેલો કે, રાહુલ ઈટાલિયન પાસપોર્ટ પર વિદેશ ગયા હતા. સ્વામીએ લખેલું કે, બુદ્ધની વિદેશ યાત્રા દિલ્હીથી બેંગકોક સુધી ભારતીય પાસપોર્ટ પર હતી, પણ પછી કમ્બોડિયા, સ્પેન વગેરે દેશમાં રાઉલ વિન્સી તરીકે ઈટાલિયન પાસપોર્ટ પર ગયા હતા. સ્વામીએ ઉપરાછાપરી ટ્વીટ કરીને રાહુલની નાગરિકતા સામે સવાલો ખડા કર્યા પછી ભાજપના કેટલાક નેતા પણ રાહુલ વિન્સીનું પૂંછડું પકડીને મચી પડેલા.

રાહુલના પિતા રાજીવ ગાંધીની હત્યા ૧૯૯૧માં થઈ પછી નહેરૂ-ગાંધી ખાનદાન પર આતંકવાદીઓનો ખતરો હતો. રાહુલ ગાંધી પિતાની હત્યા વખતે વિદેશમાં ભણતા હતા. સુરક્ષાનાં કારણોસર રાહુલ ક્યાં ભણતા હતા તે વાત ગુપ્ત રખાઈ હતી. રાહુલની ઓળખ છતી થઈ જાય તો સરળતાથી ટાર્ગેટ કરી શકાય તેથી કૉલેજમાં રાહુલનું સાચું નામ છુપાવીને નામ રાઉલ વિન્સી લખાવાયેલું. આપણ સલામતી એજન્સીઓએ જ આ બધું કરેલું, પણ સ્વામીએ તેનો ઉપયોગ નહેરૂ-ગાંધી ખાનદાન સામેની કિન્નાખોરી બતાવીને રાજકીય ફાયદા માટે કરેલો. ભાજપના નેતા પણ આ હઈસો હઈસોમાં જોડાઈ ગયેલા.

સ્વામીએ ૨૦૧૫માં અચાનક પલટી મારીને રાહુલ બ્રિટિશ નાગરિક હોવાની રેકર્ડ વગાડવા માંડી અને રાહુલનું સંસદસભ્યપદ રદ કરવા માટે અરજી પણ આપી દીધેલી. ભાજપના સાંસદ મહેશ ગિરિએ પણ સ્વામીના ઈશારે લોકસભાનાં સ્પીકરને અરજી આપીને સ્વામીના આક્ષેપોની તપાસ કરવા કહેલું. સ્પીકરે આ મુદ્દો લોકસભાની એથિકલ કમિટીને સોંપેલો. કમિટીના ચેરમેન તરીકે ભાજપના લાલકૃષ્ણ અડવાણી હતા, પણ અડવાણીને આ વાતમાં દમ ના લાગતાં આખી વાતનો વીંટો વાળી દીધેલો. તેના કારણે ભડકી ગયેલા સ્વામીએ અડવાણી સામે ભારે બળાપો કાઢેલો. સ્વામીએ હતાશ થયા વિના રાજનાથસિંહને અરજી કરીને તપાસ કરવા વિનંતી કરી ને તેના આધારે કેન્દ્ર સરકારે તપાસ શરૂ કરી હતી. તપાસ શરૂ થઈ એટલે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે રાહુલને ચોખવટ કરવા નોટિસ ફટકારી દીધેલી.

સ્વામીએ ગૃહ મંત્રાલયને કેટલાક પુરાવા પણ આપેલા. આ પુરાવા બ્રિટનનાં કેટલાંક ટેબ્લોઈડ અખબારોમાં છપાયેલા રીપોર્ટ હતા. ભારત હોય કે બ્રિટન, અખબારોમાં પૈસા વેરીને ગમે તે છપાવડાવી શકાય છે એ જોતાં ગૃહ મંત્રાલયે આ પુરાવાને કચરાટોપલીમાં ફેંકી દેવાની જરૂર હતી, પણ તેના બદલે રાહુલને નોટિસ ફટકારીને બુદ્ધિનું પ્રદર્શન કરાયેલું.

પહેલેથી થયેલી ગોઠવણ પ્રમાણે, દિલ્હીના બે સજ્જનોએ સુપ્રીમ કોર્ટમાં અરજી પણ કરી નાખેલી. તેમણે અરજ કરેલી કે, રાહુલ ગાંધી બ્રિટિશ નાગરિક હોવાથી તેમના પર લોકસભાની ચૂંટણી લડવાનો પ્રતિબંધ ઠોકી દેવો જોઈએ. સીબીઆઈને આદેશ આપવો જોઈએ કે, રાહુલ ગાંધી સામે કેસ નોંધે કેમ કે તેમણે બ્રિટિશ નાગરિકતાની વાત છૂપાવીને આ દેશ સાથે ગદ્દારી કરી છે.

કૉંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધીની નાગરિકતાને મામલે ચાલતા ટંટાનો આખરે સુપ્રીમ કોર્ટે નિવેડો લાવી દીધો ને રાહુલ સામેની અરજીનો ડૂચો કરી નાખ્યો. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે રાહુલને આ મામલે ચોખવટ કરવા ગયા અઠવાડિયે નોટિસ ફટકારેલી ને એ પહેલાં દિલ્હીના બે સજ્જનોએ આ મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી કરેલી. આ અરજીમાં એવી અરજ કરાયેલી કે, રાહુલ ગાંધી બ્રિટિશ નાગરિક છે તેથી તેમના પર લોકસભાની ચૂંટણી લડવાનો પ્રતિબંધ ઠોકી દેવો જોઈએ. એ સિવાય સીબીઆઈને આદેશ આપવો જોઈએ કે, રાહુલ ગાંધી સામે કેસ નોંધે કેમ કે તેમણે બ્રિટિશ નાગરિકતાની વાત છુપાવીને આ દેશ સાથે ગદ્દારી કરી છે.

સુપ્રીમ કોર્ટે આ અરજીનો ડૂચો કરીને ભાજપના ઈશારે ઊભા થયેલા બંને થનગનભૂષણોને બરાબરના ઝાટકી નાખેલા. સુપ્રીમ કોર્ટે ચોખ્ખા શબ્દોમાં કહી દીધું કે, બ્રિટનની કોઈ કંપનીના કહેવાતા ફરફરિયાને આધારે રાહુલ ગાંધીની નાગરિકતા સામે શંકા ના કરી શકાય કેમ કે આ ફરફરિયંની પોતાની વિશ્વસનિયતા જ શંકાસ્પદ છે. સુપ્રીમ કોર્ટે ૨૦૧૯માં આ નાટક પર પડદો પાડી દીધેલો પછી આ પ્રકરણ સમાપ્ત થઈ જવું જોઈતું હતું, પણ તેના બદલે અલાહાબાદમાં કોઈ નમૂનો ઊભો થઈ ગયો તેમાં આ મુદ્દો પાછો ચર્ચામાં છે. હાઈ કોર્ટે નક્કર પુરાવા વિનાના આ મુદ્દાનું પડીકું કરી નાખવાની જરૂર છે. રાજકારણીઓ દાવપેચ ભલે કરે, ન્યાયતંત્ર તેનાથી દૂર રહે એ ન્યાયના હિતમાં છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મ ઋતુ, બુધવાર, તા. ૨૨-૪-૨૦૨૬, શ્રી રામાનુજાચાર્ય જયંતી

- ભારતીય દિનાંક ૨, માહે વૈશાખ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, વૈશાખ સુદ -૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે વૈશાખ, તિથિ સુદ-૬
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૪થો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- નક્ષત્ર આર્દ્રા રાત્રે ક. ૨૨-૧૨ સુધી, પછી પુનર્વસુ
- ચંદ્ર મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૫, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૫-૪૮, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૩૦ (તા. ૨૩)
- ઓટઃ સવારે ક. ૦૮-૫૩, રાત્રે ક. ૨૨-૦૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, વૈશાખ શુક્લ - ષષ્ઠી. શ્રી રામાનુજાચાર્ય જયંતી (દક્ષિણ ભારત), ચંદન છઠ્ઠ (બંગાળ).
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ વાસ્તુકળશ, ઉપનયન, બુધ-રાહુ ગ્રહદેવતાનું પૂજન, સ્કંદ દેવતાનું પૂજન, ૐ રુદ્રાય નમઃના મંત્રજાપ, દિનશુદ્ધિ મુજબ રવિયોગ મુહૂર્ત માટે શ્રેષ્ઠ યોગ. શિવપૂજામાં શિવજીને અગરની ઔષધિનું લેપન કરવું, ઔષધ ઉપચારનો પ્રારંભ, અર્જુન વૃક્ષના ઔષધીય પ્રયોગો, વિદ્યારંભ, અન્નપ્રાશન, રાજ્યાભિષેક, મંદિરોમાં ધજા-કળશ પતાકા ચઢાવવી, પાટ-અભિષેક પૂજા, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડદેવડ, પ્રાણી પાળવા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ જવાબદારીવાળું સ્થાન જાળવી શકે, ચંદ્ર-શનિ ચતુષ્કોણ મંદ પાચનશક્તિ, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ નામોશીનો ભય, ચંદ્ર-બુધ ચતુષ્કોણ જુઠ્ઠુ બોલવાની આદત, ચંદ્ર-ગુરુ યુતિ સહાનુભૂતિવાળા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ, ચંદ્ર-ગુરુ યુતિ. બુધ રેવતી નક્ષત્ર પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-મીન (મંગળ દેખાશે) માર્ગી બુધ-મીન (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, (શુક્ર પશ્ચિમમાં દેખાશે), માર્ગી શનિ-મીન (શનિ દેખાશે), રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## મહિલાઓ માટે ઘસાતું બોલ્યાઃ પપ્પુ યાદવને મહિલા પંચની નૉટિસ

પટણાઃ બિહાર રાજ્ય મહિલા આયોગે સ્વતંત્ર સાંસદ પપ્પુ યાદવ દ્વારા મહિલાઓ પર કરવામાં આવેલી અભદ્ર ટિપ્પણીની આપમેળે નોંધ લીધી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે રાજકારણીઓ મહિલાઓનો શિકાર કરે છે અને તેઓ પુરુષ નેતાના રૂમમાં ગયા વિના રાજકારણમાં પ્રવેશી શકતા નથી.

રાજ્ય મહિલા આયોગે યાદવને નોટિસ જારી કરી છે, જેમાં તેમણે આવા નિવેદનો બદલ તેમનું લોકસભા સભ્યપદ કેમ રદ ન કરવું જોઈએ તે અંગે ત્રણ દિવસમાં જવાબ માગ્યો છે.

આ નૉટિસમાં સમાજ અને રાજકારણમાં મહિલાઓની સ્થિતિ પર યાદવ દ્વારા કરવામાં આવેલી શ્રેણીબદ્ધ ટિપ્પણીઓનો ઉલ્લેખ છે, જેમાં તાજેતરમાં મહિલા અનામત સુધારા બિલ, અંગેની વાત છે.

પપ્પુ યાદવે કહ્યું હતું કે, ...ભારતમાં, સ્ત્રીઓને દેવી કહેવામાં આવે છે, પરંતુ તેમનું ક્યારેય સન્માન કરવામાં આવશે નહીં. આ માટે સિસ્ટમ અને સમાજ જવાબદાર છે.

ઘરેલુ હિંસા કોણ કરી રહ્યું છે? અમેરિકાથી ભારત સુધી, મહિલાઓનો શિકાર કોણ કરે છે, તે રાજકારણીઓ છે! ૯૦ ટકા સ્ત્રીઓ પુરુષ નેતાના રૂમમાં ગયા વિના રાજકારણમાં શરૂઆત કરી શકતી નથી, એવું તેમણે કહ્યું.

મહિલાઓનું શોષણ કરવાની સંસ્કૃતિ મૂળમાં આવી ગઈ છે, એવું તેમણે ઉમેર્યું હતું.

યાદવે કહ્યું. શાળા જાઓ, અને તમારી દીકરી શોષણનો સામનો કરે છે; કોલેજ જાઓ, અને રેગિંગના નામે શોષણ થાય છે; ઓફિસ જાઓ, ત્યાં પણ શોષણ થાય છે...,નેતાઓ મહિલાઓ પ્રત્યે ગીધ જેવું વર્તન કરે છે.

આઘાતજનક નિવેદન! જ્યારે રાષ્ટ્ર નારીશક્તિ માટે દબાણ કરી રહ્યું હતું ત્યારે જુઓ કોંગ્રેસ સમર્થિત સાંસદ શું કહી રહ્યા છે! સાંસદ પપ્પુ યાદવનું મહિલાઓ માટે વિવાદાસ્પદ નિવેદન સપાટી પર આવ્યું, એવું ભાજપના પ્રવકતા શહઝાદ પૂનાવાલાએ એક્સ પર લખ્યું.

તેમણે કહ્યું કે ૯૦ ટકા સ્ત્રીઓ નેતાના રૂમમાં ગયા વિના રાજકારણ કરી શકતી નથી. આ તેમની માનસિકતા છે, એવું તેમણે ઉમેર્યું છે.

## હજી નથી ભુલાતો પહલગામ હુમલોઃ પીડિત પરિવાર આઘાતમાં જીવે છે

શિવમોગા/બેંગલુરુ (કર્ણાટક): જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલાએ ૨૬ પરિવારોના જીવન બરબાદ કરી દીધા હતા. જેમના પરિવારજનો આતંકવાદીઓની ગોળીઓનો ભોગ બન્યા તેઓ હજુ પણ તે ભયાનક ક્ષણને ભૂલી શક્યા નથી. તેઓ જીવનમાં ભલે આગળ વધી ગયા હોય પરંતુ તેમના મનમાં આઘાત હજુ પણ કોતરાયેલો છે. નોંધનીય છે કે એક વર્ષ પહેલા બાવીસ એપ્રિલના રોજ આતંકવાદીઓએ કાશ્મીરની બૈસરન ખીણમાં પ્રવાસીઓને ધર્મ પૂછીને તેમની હત્યા કરી હતી. પહલગામ હુમલામાં પ્રિયજનો ગુમાવનારા પરિવારજનોએ પોતાની વ્યથા વર્ણવી હતી.

આતંકી હુમલાના એક વર્ષ પછી મંજૂનાથ રાવના પિતરાઈ ભાઈ રવિ કિરણે જણાવ્યું કે તેઓ જીવનમાં આગળ વધવાનો પ્રયાસ કરી રહ્યા છે પરંતુ તે ભયાનક ઘટનાનો આઘાત તેમના મનમાં કોતરાયેલો છે. નોંધનીય છે કે બાવીસ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા ૨૬ પ્રવાસીઓમાં કર્ણાટકના બે લોકોનો સમાવેશ થાય છે અને તેમના પરિવારો માટે આ ભયાનક યાદો હજુ પણ જીવંત છે.

રાવ (૪૭) શિવમોગાના એક રિયલ એસ્ટેટ બિઝનેસમેન હતા. તેઓ આ હુમલામાં પીડિતોમાંના એક હતા. તેમની પત્ની પલ્લવી અને તેમના પુત્રની સામે તેમની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, રાવ તેમની પત્ની અને પુત્ર સાથે કાશ્મીરની પ્રથમ યાત્રા પર પહેલગામ ગયા હતા. તેઓ ૨૪ એપ્રિલે પાછા ફરવાના હતા. કિરણે પીટીઆઈને જણાવ્યું કે 'તેઓ કંઈ ભૂલી શકતા નથી. પરંતુ જીવન ચાલતું રહે છે. તેમની પાસે સામનો કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. તેમની પત્ની આ વિશે વાત કરવા તૈયાર નથી. કહેવા માટે છે શું? જીવન ચાલતું રહે છે.'

આ હુમલાના બીજા પીડિત ૪૧ વર્ષીય આઇટી પ્રોફેશનલ ભરત ભૂષણ હતા જે બેંગલુરુના રહેવાસી હતા. તે પણ પોતાની પત્ની અને ત્રણ વર્ષના પુત્ર સાથે પહેલગામ ગયા હતા. ભૂષણની આતંકવાદીઓએ તેમની પત્ની સુજાતા અને તેમના પુત્રની સામે ગોળી મારીને હત્યા કરી દીધી હતી, જે હુમલામાં બચી ગયા હતા. તેમના પરિવારના જણાવ્યા મુજબ, સુજાતાને ખબર પડી કે તેમના પતિ મૃત્યુ પામ્યા છે, ત્યારે તેમણે તેમના આઈડી કાર્ડ ઉઠાવ્યા અને તેમના પુત્ર સાથે ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા.

ઑપરેશન સિંદૂરની વરસીની પૂર્વસંધ્યાએ લશ્કરનો સંદેશ

## 'માનવતાની હદ ઓળંગાય ત્યારે જવાબ નિર્ણાયક હોય છે'

નવી દિલ્હીઃ પહલગામ આતંકવાદી હુમલાની પ્રથમ વરસીની પૂર્વસંધ્યાએ ભારતીય લશ્કરે મંગળવારે આતંકવાદ સામેની લડાઈના સંકલ્પનો પુનરુચ્ચાર કર્યો હતો. લશ્કરે કહ્યું હતું કે જ્યારે માનવતાની હદ લાંઘવામાં આવે ત્યારે જવાબ નિર્ણાયક હોય છે.

ગયા વર્ષે બાવીસ એપ્રિલે દક્ષિણ કાશ્મીરના પહલગામમાં આતંકવાદીઓએ ૨૬ જણને મારી નાખ્યા હતા. મૃતકોમાં મોટા ભાગના સહેલાણી હતા. આનો બદલો લેવા ભારતે સાત મેએ લશ્કરી ઑપરેશન શરૂ કર્યું હતું અને પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી અડ્ડાનો નાશ કર્યો હતો.

આખા દેશને આંચકો આપનાર અને આખા વિશ્વની ટીકાનો ભોગ બનનાર આ કાયર કૃત્યની પહેલી વરસીની પૂર્વસંધ્યાએ લશ્કરે ઍક્સ પર પોસ્ટ મૂકી હતી. પોસ્ટમાં લખવામાં આવ્યું હતું કે ભારત એક જ છે.

આ પોસ્ટ ઘણી લાક્ષણિક અને પ્રતીકાત્મક છે. પોસ્ટમાં ડિજિટલ પોસ્ટર પણ છે. પોસ્ટમાં ભારતના ધ્વજની કાળી તસવીર પણ છે. તેની ફોટોલાઈન છે કે અમુક સીમા કદી ઓળંગવી નહીં. (સમ બાઉન્ડરીઝ શુલ્ડ નેવર ક્રોસ્ડ) આમાં ક્રોસ્ડમાં રહેલો 'ઓ'ની જગ્યાએ એક પ્યાલામાં સિંદૂર બતાડવામાં આવ્યું છે. નીચે લાલ અક્ષરે લખવામાં આવ્યું છે કે ભારત કદી ભૂલતું નથી. ભારતે નિર્ણાયક લશ્કરી કાર્યવાહી કરી ત્યાર બાદ સાત મેએ રાત્રે ૧.૫૧ વાગ્યે સંદેશો મૂક્યો હતો કે પહલગામ આતંકવાદી હુમલોઃ ન્યાય કરવામાં આવ્યો. જયહિન્દ (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### ઈરાન - અમેરિકા

થવાની સંભાવના વ્યક્ત કરાઇ રહી છે.

આ ઉપરાંત, હોર્મુઝ સામુદ્રધુની બધા વેપારી જહાજોની મુક્ત અવરજવર માટે ખુલ્લું મૂકવાનો મુદ્દો પણ જટિલ છે અને તે અંગે સમાધાન થવાની આશા ઓછી દેખાય છે.

દરમિયાન, અમેરિકાના સંરક્ષણ વિભાગે મંગળવારે જણાવ્યું હતું કે ઇરાનનું ખનિજ તેલ એશિયામાં જ કોઇ દેશમાં લઇ જતા ટૅન્કર પર અમેરિકાના સૈનિકો ઊતર્યા હતા અને તપાસ હાથ ધરી હતી.

એક બાજુ, ઇરાનની સરકારની ટીવી ચેનલે પોતાનો કોઇ પ્રતિનિધિ ઇસ્લામાબાદમાં બીજા તબક્કાની શાંતિ-મંત્રણા માટે મોકલાયો હોવાનો મંગળવારે રાતે ઇનકાર કર્યો હતો.

બીજી બાજુ, પાકિસ્તાને દાવો કર્યો હતો કે અમેરિકાના પ્રમુખ જે. ડી. વૅન્સ અને ઇરાનની સંસદના સ્પીકર મોહમ્મદ બાઘેર ઘલિબાફ શાંતિ-મંત્રણાના બીજા તબક્કા માટે બુધવારે ઇસ્લામાબાદમાં મળવાના છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ધમકી આપી હતી કે યુદ્ધવિરામની મહેતલના અંત પહેલાં જો કોઇ શાંતિ-કરાર નહિ થાય, તો અમેરિકા દ્વારા ઇરાન પર અસંખ્ય બૉમ્બ ફેંકીશું.

ઇરાને વળતી ધમકી આપી હતી કે અમારી પાસે યુદ્ધ લડવા માટે હજી 'ઘણું' છે, જે યોગ્ય સમયે જાહેર કરીશું. અમેરિકા ઇચ્છે છે કે ઇરાન તેને શરણે થઇ જાય, પરંતુ તહેરાન ક્યારેય કોઇને પણ શરણે નહિ થાય.

અમેરિકાના નૌકાદળે ઇરાનની એક કન્ટેનર શિપ જપ્ત કરી હોવાથી સમસ્યા વધી હતી.

દરમિયાન, ઇન્ટરનેશનલ એનર્જી એજન્સીએ યુરોપ પાસે માત્ર છ અઠવાડિયાં ચાલે એટલું જૅટ ફ્યુઅલ (વિમાનનું ઈંધણ) બચ્યું હોવાનો દાવો કર્યો, તે પછી યુરોપિયન યુનિયનના પરિવહન પ્રધાનોએ પોતાના નાગરિકોના હિતના રક્ષણને લગતી ચર્ચા કરવા બ્રસેલ્સમાં મંગળવારે બેઠક યોજી હતી.

ઇઝરાયલ અને લેબેનોનની વચ્ચે ગુરુવારે વૉશિંગ્ટનમાં શાંતિ-મંત્રણા યોજાવાની છે, પરંતુ તેમાં એક પક્ષકાર તરીકે હિઝબુલ્લાહ સંગઠનનો સમાવેશ નહિ કરાયો હોવાથી આ બે દેશ વચ્ચે શાંતિ સ્થપાવવા અંગે પણ શંકા ઊભી થઇ છે.

પાકિસ્તાનના વિદેશ પ્રધાન ઇશાક ડારે અમેરિકા અને ઇરાન વચ્ચેના સૂચિત શાંતિ-મંત્રણાની પહેલાં ઇજિપ્તના વિદેશ પ્રધાન અને ચીનના રાજદૂતની સાથે મંત્રણા કરી હતી. (એજન્સી)

### લોકસભામાં

વિપક્ષના સભ્યોના મતદાનની પેટર્ન અને તેમનાં હેતુની આકરી ટીકા કરી હતી. આ બાબત અસાધારણ, અનૈતિક અને સત્તાનો ખુલ્લેઆમ દુરુપયોગ હોવાનું તેમણે કહ્યું હતું.

મોદીનું આ ભાષણ ગૃહના અનાદર અને વિશેષાધિકાર ભંગ કરવા બરાબર હોવાને કારણે સ્પીકરને આ નૉટિસ સુપરત કરી હોવાનું તેમણે કહ્યું હતું. સ્પીકરને હું આ નૉટિસ ધ્યાન પર લેવાની અને સઘન તપાસ માટે લોકસભાની પ્રિવિલેજ કમિટીને મોકલી આપવાની વિનંતી કરું છું, એમ તેમણે કહ્યું હતું.

ભાષણમાં મોદીએ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની ફરજ સામે સવાલ ઉઠાવ્યા હતા જે માત્ર તેમનાં પરનો જ નહીં, પરંતુ સંસદની સત્તા અને દેશવાસીઓના લોકશાહી અધિકાર પરનો હુમલો હોવાને કારણે આ બાબતને અતિ ગંભીરતાથી ધ્યાન પર લેવાની જરૂર હોવાનું તેમણે કહ્યું હતું.

સંસદની પવિત્રતા અને ગરિમા જળવાઈ રહે તે માટે આ મામલે તાત્કાલિક નિર્ણાયક પગલાં લેવાની હું સ્પીકરને વિનંતી કરું છું જેથી કરીને ભવિષ્યમાં આ પ્રકારની બાબતોનું પુનરાવર્તન ન થાય, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### કેરલમમાં

કરી અને નિર્દેશ આપ્યો કે, જો જરૂર પડે તો ગંભીર રીતે દાઝી ગયેલા લોકોની સારવાર માટે રાજ્યની બહારના નિષ્ણાત ડોકટરોની સેવાઓ લેવામાં આવી રહી છે. પોલીસ, અગ્નિશમન અને બચાવ સેવાઓ, આરોગ્ય, મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન સહિત તમામ વિભાગોને બચાવ કામગીરી માટે સંકલન કરવામાં આવ્યું છે અને પરિસ્થિતિ પર નજર રાખવા માટે એક ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, એમ તેમાં જણાવાયું છે.

રાજ્યના આરોગ્ય પ્રધાન વીણા જ્યોર્જે અધિકારીઓને ઘાયલો માટે વિશેષ સારવાર સુનિશ્ચિત કરવા અને સરકારી મેડિકલ કોલેજ, ત્રિશૂર જનરલ હોસ્પિટલમાં જરૂરી વ્યવસ્થા કરવા નિર્દેશ આપ્યો હતો. નજીકની હોસ્પિટલોને પણ એલર્ટ પર રાખવામાં આવી છે. રહેવાસીઓના જણાવ્યા મુજબ, વિસ્ફોટ બપોરે લગભગ ૩.૩૦ વાગ્યે થયો હતો. ખેતરો વચ્ચે એક અલગ વિસ્તારમાં સ્થિત અનેક કામચલાઉ શેડમાં ફટાકડા બનાવવામાં આવી રહ્યા હતા.

### સાકીનાકા અને

હતી. જેને મહારાષ્ટ્ર પોલીસની મદદથી મુંબઈના સાકીનાકાથી પકડવામાં આવ્યો હતો.એટીએસ અનુસાર, કથિત રીતે આ બંનેનો ઉદ્દેશ્ય જિહાદ દ્વારા કટ્ટરપંથીઓનું નેટવર્ક બનાવીને સમગ્ર ભારતમાં ગઝવા-એ-હિંદ સ્થાપિત કરવાનો હતો. તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના અધિકારીઓ અને રાજકારણીઓને લક્ષ્ય બનાવવા માગતા હતા, આરડીએક્સ મેન્યુફેક્ચર કરી બોમ્બ બનાવવા માગતા હતા. પાકિસ્તાનથી શસ્ત્રો મંગાવવા માગતા હતા. એટીએસે વોટ્સએપ અને ઇન્સ્ટાગ્રામ જેવા પ્લેટફોર્મ પર શંકાસ્પદોની પ્રવૃત્તિઓ પર નજર રાખવા માટે સોશ્યલ મીડિયા સર્વેલન્સ અને માનવ ગુપ્ત માહિતી બંનેનો ઉપયોગ કર્યો હતો, જ્યાં તેઓ કટ્ટરપંથી જૂથો સાથે સંપર્કમાં હતા. તેમના મોબાઇલ ફોનમાંથી મળેલા ડિજિટલ પુરાવાઓમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓના આયોજન સંબંધિત ચેટ્સ અને વાંધાજનક સામગ્રીનો સમાવેશ થતો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની કલમ ૬૧ અને ૧૪૮ હેઠળ એટીએસ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. કોર્ટે બંને આરોપીઓના ૧૧ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે, અને કાવતરામાં સંડોવાયેલા અન્ય વ્યક્તિઓને ઓળખવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

### દાહોદમાં

રાખવામાં આવ્યો હતો. જે જમણવારમાં દાળ, ભાત, શાકપુરી, પાપડ, રસ, પનીરનું શાક હતું. આ ખાધા બાદ ૪૦૦થી વધુ ગામલોકોને ખોરાકી ઝેરની અસર થઈ હતી. સાંજના છ વાગ્યાથી શરૂ થયેલા જમણવારમાં ભોજન આરોગ્ય બાદ ૧૧ વાગ્યાની આસપાસ ગામલોકોને એક પછી એકની તબિયત બગડવા લાગી હતી. અંતે તેમને વિવિધ હૉસ્પિટલોમાં તાત્કાલિક ખસેડવામાં આવ્યા હતા. જો કે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જે બાદ હાલ તમામની હાલત સ્થિર છે તેવું તબીબોએ જણાવ્યું હતું.ઘટનાની જાણ થતાં જ જિલ્લા આરોગ્ય વિભાગ અને ફૂડ સેફ્ટી વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. પ્રાથમિક તપાસ અને લોકોના નિવેદનોના આધારે, લગ્નમાં પીરસવામાં આવેલા 'કેરીનો રસ' અને 'પનીરનું શાક' ફૂડ પોઈઝનિંગનું કારણ હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.ઘટનાની જાણ થતાં જ આરોગ્ય વિભાગની ટીમ સ્થળે પહોંચી હતી અને શંકાસ્પદ ખાદ્ય પદાર્થોના નમૂનાઓ એકત્ર કરી તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલી આપ્યા હતા. જવાબદાર વ્યક્તિઓ અને કેટરર્સ સામે તપાસના આધારે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાતરી તંત્ર દ્વારા આપવામાં આવી હતી.

### મોદી

ગયો છે. તે તમિળનાડુના હિતનું રક્ષણ કરી નહિ શકે, કારણ કે તે વડા પ્રધાન મોદીનો ગુલામ છે.તેમણે મોદીને 'ત્રાસવાદી' કહેવાના સંદર્ભમાં સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે મોદી હંમેશાં લોકો અને રાજકીય પક્ષોને ત્રાસ આપતા હોવાથી હું તેમને 'ત્રાસવાદી' કહું છું. એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ (ઇડી), આવકવેરા વિભાગ અને સીબીઆઇ જેવી સંસ્થાઓ મોદીના હાથમાં છે. મોદી સીમાંકનનું કાર્ય પણ પોતાના હાથમાં લેવા માગે છે.

ખડગેએ આક્ષેપ કર્યો હતો કે મોદી બંધારણમાં ૧૩૧મો સુધારો કરતો ખરડો લોકસભામાં પસાર કરાવવામાં નિષ્ફળ ગયા તે પછી તેમણે રાષ્ટ્રને આ મુદ્દે સંબોધીને ચૂંટણીની આચારસંહિતાનો ભંગ કર્યો હતો. ચૂંટણીના સમયે રાષ્ટ્રને આ રીતે સંબોધવાનું પગલું સ્વીકારી ન શકાય. તેમણે જણાવ્યું હતું કે ચૂંટણી પંચ ભાજપની સૂચના મુજબ કામ કરે છે. તેણે શરૂઆતમાં મતદાર-યાદીમાં ગોટાળા કર્યા, તે પછી મતદાર-યાદીમાં સુધારણા પ્રક્રિયા હાથ ધરી અને હવે સીમાંકન કરવા માગે છે. (એજન્સી)

### પાકિસ્તાની

જણાવ્યા અનુસાર લશ્કરી વિમાનો સહિત ઈન્ડિયન ઍરલાઈન્સ દ્વારા લીઝ પર અપાયેલા કે ઑપરેટ કરવામાં આવતા ભારતમાં રજિસ્ટર્ડ વિમાન માટે પાકિસ્તાનનો ઍરસ્પેસ ઉપલબ્ધ નથી. (એજન્સી)

### બંગાળ, તમિળનાડુમાં

નેતાઆએ કહ્યું હતું કે ટીએમસી ઘૂસણખોરીને વોટ બૅન્ક પોલિટિક્સ માટે પ્રોત્સાહન આપે છે. આના જવાબમાં મુખ્ય પ્રધાન મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનર્જીએ કહ્યું હતું ભાજપ ખોટા વચન આપવાનો લાંબો રેકર્ડ ધરાવે છે. જે લોકો પાયાના વચનો પાળતા ન હોય તો લોકકલ્યાણ માટે તેમનો ભરોસો ન કરી શકાય. મમતાએ દાવો કર્યો હતો કે મારો પક્ષ આસાનીથી સત્તા પર આવશે. તેમણે કહ્યું હતું કે કેન્દ્રની ભાજપ સરકાર ૨૦૨૬થી વધારે નહીં ટકે. (એજન્સી)

### ૧૮૨૫ કરોડનું

આવેલા સમન્સ (કુલ ૨૨)નો જવાબ આપી રહ્યો નહોતો. તે તપાસમાં સહયોગ આપી રહ્યો નહોતો. મંત્રાલયના જણાવ્યા મુજબ, તે આશરે ૧,૮૨૫ કરોડની જીએસટી રિફન્ડ છેતરપિંડી કર્યા પછી દુબઈ ભાગી ગયો હતો. આ સંસ્થાઓ ઉધાર લીધેલા કેવાયસી દસ્તાવેજોનો ઉપયોગ કરીને બનાવવામાં આવી હતી અને જાહેર કરાયેલા પરિસરમાં માળખાકીય સુવિધાઓ, કર્મચારીઓ અને વાસ્તવિક વ્યવસાયિક પ્રવૃત્તિનો અભાવ હોવાનું જણાયું હતું. ડમી માલિકો/ડિરેક્ટરો ફક્ત નામ પૂરતા ધિરાણકર્તા હતા અને તેમને નિશ્ચિત માસિક રોકડ ચૂકવવામાં આવી રહી હતી. જીએસટી રજિસ્ટ્રેશન, ઇન્વોઇસ જનરેટિંગ, બેન્કિંગ કામગીરી, રિટર્ન ફાઇલિંગ અને રિફંડ ક્લેમ સબમિટ કરવા સહિતની તમામ કામગીરી માસ્ટરમાઇન્ડ દ્વારા હાથ ધરવામાં આવતી હતી.







# મુંબઈગરાની સેવામાં ૫૦૦ મિડી બસનો સમાવેશ થશે

## મેટ્રો, રેલવે સ્ટેશન સહિત મુંબઈના ડુંગરાળ વિસ્તારમાં સેવા ઉપલબ્ધ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ છેલ્લા અનેક મહિનાઓથી મુંબઈના રસ્તા પરથી નાની મિડી બસ ગાયબ થઈ જતા બેસ્ટની બસમાં પ્રવાસ કરનારા હજારો મુંબઈગરાને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે, પણ હવે બહુ જલદી ફરી એક વખત મુંબઈના રસ્તા પર મિડી બસ દોડતી જોવા મળવાની છે. બેસ્ટ ઉપક્રમે ૫૦૦ મિડી નોન એસી સીએનજી બસ ભાડા પર લેવાની છે.

નાની મિડી બસ મુંબઈના મેટ્રો, રેલવે સ્ટેશન પરિસર સહિત મુંબઈના ડુંગરાળ વિસ્તારમાં આવેલા નાનકડા રસ્તાઓ પર ઝડપથી દોડી શકશે. બેસ્ટ ઉપક્રમની મંગળવારે યોજાયેલી બેઠકમાં ૫૦૦ મિડી નોન એસી સીએનજી પર ચાલતી બેસ્ટ ભાડા પર લેવાને મુદ્દે ચર્ચા થઈ હતી. આ દરમ્યાન બેસ્ટ ઉપક્રમના સત્તાધારી સહિત વિરોધ પક્ષના સભ્યોએ બહુમતીએ આ બસ ભાડા પર લેવા કરતા પોતાની માલિકીની ખરીદી લેવા પર ભાર મૂક્યો હતો. બહુ જલદી આ પ્રસ્તાવ પર નિર્ણય લેવાશે અને ત્યાર બાદ બસ લેવા સંદર્ભના પ્રસ્તાવને મુંબઈ મહાનગરપાલિકા તથા રાજ્ય સરકારને મોકલવામાં આવશે.

મંગળવારે બેસ્ટ સમિતિની બેઠકમાં મિડી બસ લેવા બાબતે ચર્ચા થઈ હતી, એ સમયે પ્રવાસીઓની માગણી અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ૫૦૦ મિડી બસ ખરીદવામાં આવવાની હોવાની માહિતી બેસ્ટ ઉપક્રમે સમિતિના સભ્યોને આપી હતી. આ બસ સીએનજી નોન એસી હશે. ભાડા પર લેવામાં આવનારી આ બસ સાથે કૉન્ટ્રેક્ટર પાસેથી ડ્રાઈવરની સાથે કંડક્ટરની સેવા પણ લેવામાં આવશે.

નવી ૫૦૦ મિડી બસનો સમાવેશ પોતાના કાફલામાં કરવા પહેલા બેસ્ટ ઉપક્રમના ટ્રાફિક ડિપાર્ટમેન્ટ તરફથી મેટ્રો, રેલવે સ્ટેશન પરિસર સહિત મુંબઈના ડુંગરાળ વિસ્તાર પરિસરનો અભ્યાસ કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ આ પ્રસ્તાવ મંગળવારે સમિતિમાં રાખવામાં આવ્યો હતો. અગાઉ મિડી બસ વિક્રોલી, ભાંડુપ અને પવઈના ડુંગરાળ વિસ્તારમાં દોડાવવામાં આવતી હતી. જોકે, બાદ આ સેવા બંધ કરવામાં આવી હતી. બેસ્ટના ટ્રાફિક ડિપાર્ટમેન્ટના અભ્યાસ મુજબ આ વિસ્તારમાં મિડી બસ દોડાવવાની આવશ્યકતા છે. તો મુંબઈના ચારથી પાંચ મેટ્રો લાઈન શરૂ થઈ છે, તેથી તેને ક્નેક્ટિવિટી પણ આપવાની આવશ્યકતા છે. હાલ બેસ્ટ ઉપક્રમ પાસે ૨૪૯ બસ પોતાની માલિકીની હોઈ તેમાં ૩૭ બસ મહિલા માટે તેજસ્વિની મિડી બસ છે. એ સિવાય બેસ્ટ પાસે હવે પોતાની માલિકીની બસ બચી નથી. તો ભાડા પર (લીઝ) લીધેલી ૬૨૫ મિડી બસ છે. ■

# ભિવંડીમાં આગઃ જાનહાનિ નહીં

થાણેઃ ભિવંડીમાં ખાડીપાર વિસ્તારમાં આવેલા કેમિકલ ગોડાઉનમાં મંગળવારે સવારના ભીષણ આગ ફાટી નીકળી હતી. આગમાં સદ્‍નસીબે કોઈ જખમી થયું નહોતું. ભારે જહેમત બાદ ત્રણથી ચાર કલાકે આગને નિયંત્રણમાં લાવવામાં સફળતા મળી હતી પણ બચાવ કામગીરી દરમ્યાન પાણી ઘટી પડતા ફાયરબ્રિગેડને ભારે તકલીફનો સામનો કરવો પડયો હતો. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું અને તપાસ બાદ ચોક્કસ કારણ જાણી શકાશે એવું ફાયરબ્રિગ્રેડે જણાવ્યું હતું. ■




# ધારાવી સ્વચ્છ, હરિયાળા ભવિષ્ય તરફ આગળ વધી રહ્યું છે

## પ્રકૃતિના સાંનિધ્યમાં બધા રહેવાસીઓ જીવન માણશે

મુંબઈઃ દાયકાઓથી, ધારાવીએ અતિશય વસ્તી ગીચતાનો ભાર સહન કર્યો છે. ચુસ્ત અને ગીચતાથી ઘેરાયેલા બાંધકામો હવાના આવન જાવન માટે ઓછી જગ્યા છોડે છે, જેના કારણે વસાહતમાં ગરમી વધુ તીવ્ર બને છે. ચોમાસામાં, ભરાયેલા ડ્રેનેજ સિસ્ટમ્સ શેરીઓને દૂષિત પાણીની ચેનલોમાં ફેરવે છે. આ પર્યાવરણ અંગેની માત્ર ચર્ચાત્મક ચિંતાઓ નથી, પરંતુ તે લગભગ ૧૦ લાખ રહેવાસીઓના રોજિંદા જીવનનો ભાગ છે.

અહીંના એક વૃદ્ધ રહેવાસી જયરામ બૈત કહે છે, અહીંનું વાતાવરણ પેઢીઓથી આવું જ રહ્યું છે. ધારાવી ભીડભાડથી ભરેલું છે, તેની શેરીઓ કચરાથી ભરેલી છે, અને વરસાદ દરમિયાન આસપાસનો વિસ્તાર ઝડપથી પાણીમાં ડૂબી જાય છે. સમય જતાં આપણે તેની આદત પાડી દીધી છે. પરંતુ જો પરિસ્થિતિ સુધરશે અને આસપાસનો વિસ્તાર સ્વચ્છ બનશે, તો તે અમારા રોજિંદા જીવનમાં મોટો ફરક પડશે. ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ (DRP)ના અધિકારીના જણાવ્યા અનુસાર, માસ્ટરપ્લાન મહારાષ્ટ્ર નેચર પાર્કની ઇકોલોજીકલ સમૃદ્ધિમાંથી પ્રેરણા લે છે, જે ધારાવીમાં તેના ગ્રીન નેટવર્કને વિસ્તૃત કરે છે. આ દૃષ્ટિકોણ એ સંકેત આપે છે કે રહેવાસીઓની લાંબા સમયથી ચાલતી આકાંક્ષાઓ હવે વાસ્તવિકતાની નજીક છે. આ પ્રોજેક્ટના કેન્દ્રમાં ત્રણ મુખ્ય લેન્ડસ્કેપ વ્યૂહરચના છે. ''ધારાવીમાં સતત '' લીલા રંગ ની કલ્પના કરવામાં આવી રહી છે, જે ખુલ્લી જગ્યાનો એક ભાગ બનાવે છે જે શ્વાસ લેવાના કોરિડોર તરીકે કાર્ય કરશે. ધારાવીના હૃદય તરીકે ''સેન્ટ્રલ પાર્ક'' ની કલ્પના કરવામાં આવી છે, જે એક જીવંત જગ્યા તરીકે સેવા આપશે જ્યાં રહેવાસીઓ ભેગા થઈ શકે છે, આરામ કરી શકે છે અને પ્રકૃતિ સાથે ફરી જોડાઈ શકે છે. વધુમાં, મીઠી નદી, જે હાલમાં પ્રદૂષિત જળાશય જેવી લાગે છે, તેને પુનર્જીવિત કરવામાં આવશે અને નદી કિનારે એક સહેલગાહ માટેનો જાહેર માર્ગ વિકસાવવામાં આવશે. ■

# બેસ્ટ ટિકિટ માટે વધુ એક ડિજિટલ સિસ્ટમ મોબાઈલ ક્યૂઆર દ્વારા મળશે ટિકિટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પ્રવાસીઓને વધુ સરળ, ઝડપી અને કૅશલેસ સુવિધા આપવા માટે બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ અંડરટેકિંગ (બેસ્ટ) ઉપક્રમે પ્રવાસીઓને ડિજિટલ ટિકિટ ઉપલબ્ધ કરી આપવાની છે. હવે 'ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ' આ પ્લેટફોર્મ પરની જુદી જુદી ઍપ્સમાંથી મોબાઈલ ક્યૂઆર કોડ દ્વારા ટિકિટ ખરીદી કરવાની સુવિધા શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આ નવી સિસ્ટમને કારણે પ્રવાસી અને કંડકટર બંનેને છુટ્ટા પૈસાની મગજમારીથી છૂટકારો મળશે અને સંપૂર્ણ પ્રક્રિયા પારદર્શક અને ઝડપી બનશે. 'ઓએનડીસી' એ કેન્દ્ર સરકારના વાણિજ્ય મંત્રાલય અંતર્ગત 'ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈંટરનલ ટ્રેડ'નો ઉપક્રમ હોઈ 'ડિજિટલ ઈન્ડિયા' અભિયાનનો એક ભાગ છે. હાલ દેશના ૨૬ શહેરમાં આ સિસ્ટમ કાર્યરત હોઈ આઠ મેટ્રો સેવા અને અનેક ટ્રાન્સપોર્ટ સિસ્ટમ આ નેટવર્ક સાથે જોડાયેલી છે. ■

# મૌલાના શૌકત અલી રોડ પરના અતિક્રમણનો સફાયો

મુંબઈઃ નાગપાડામાં મૌલાના શૌકત અલી રોડ પર બેસતા જૂના ફર્નિચરના વેપારીઓ સામે તેમ જ અતિક્રમણ કરનારા સામે મુંબઈ મહાનગરપાલિકાના 'ઈ ' વોર્ડ દ્વારા કાર્યવાહી કરીને તેને હટાવી દેવામાં આવ્યા હતા.

'ઈ ' વોર્ડ દ્વારા મૌલાના શૌકત અલી રોડ પર ખાસ કરીને મુરલી દેવરા આઈ હૉસ્પિટલથી જે.જે. હૉસ્પિટલ સિગ્નલ સુધીના પરિસરમાં મોટા પ્રમાણમાં અતિક્રમણ થયું હોવાથી રાહદારીઓને ચાલવામાં અડચણ આવી રહી હતી. આ કાર્યવાહી દરમ્યાન મૌલાના શૌકત અલી રોડ પર ફર્નિચરનું વેચાણ કરનારા સામે આકરા પગલાં લેવામાં આવ્યા હતા. ફૂટપાથ પર જૂના રહેલા ફર્નિચરને જેસીબીની મદદથી જગ્યા પરથી નષ્ટ કરવામાં આવ્યા હતા. એ સાથે જ તોડી પાડવામાં આવેલા ફર્નિચરનો કચરો પણ તાત્કાલિક હટાવવામાં આવ્યો હતો. ■

# થાણેના સર્વિસ સેન્ટરમાં વાહન ધોવા પર ૧૦ જૂન સુધી પ્રતિબંધ

થાણેઃ વધતી ગરમીને કારણે પાણીના જથ્થામાં ઝડપભેર ઘટાડો થઈ રહ્યો હોવાથી થાણે શહેરમાં આગામી સમયમાં પાણીની નિર્માણ થનારી અછત ટાળવા માટે તાત્કાલિક ધોરણે શહેરના તમામ સર્વિસ સેન્ટરમાં વાહનો ધોવા અને અન્ય સાફસફાઈના કામ પર ૧૦ જૂન, ૨૦૨૬ સુધી પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.

હાલ રાજ્યમાં આકરા ઉનાળાને કારણે કાળઝાળ ગરમી પડી રહી છે અને ગરમીને કારણે પાણીપુરવઠો કરનારા જળાશયમાં પાણીનો સ્ટોક દિવસેને દિવસે ઘટી રહ્યો છે. તેમ જ શહેરના કૂવા અને બોરવેલમાં પણ અત્યારથી તળિયા દેખાવા માંડ્યા છે. તેથી આવી પરિસ્થિતિમાં અત્યારથી પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવાની અપીલ થાણે પાલિકા કમિશનર અને મેયરે નાગરિકોને કરી છે.

પાણીની બચત માટે પ્રભાવી ઉપાયયોજના તરીકે સર્વિસ સેન્ટરમાં ટૂ, થ્રી અને ફોર વ્હીલર વાહનો સહિત અન્ય વાહનો ધોવા અને તેની સાફસફાઈ પર તાત્પૂરતો પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. આ આદેશનું ઉલ્લંઘન કરનારા સામે મહારાષ્ટ્ર મહાનગરપાલિકા અધિનિયમ અંતર્ગત સંબંધિત સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે એવું થાણે પાલિકા કમિશનર સૌરભ રાવે જણાવ્યું હતું.

એ સિવાય તમામ કમર્શિયલ એસ્ટાબ્લિશમેન્ટને પાણીનો અનાવશ્યક ઉપયોગ ટાળવાની અને પાણીનો પુનઃઉપયોગ કરવા પર ભાર આપવાનો પણ નિર્દેશ થાણે પાલિકા દ્વારા આપવામાં આવ્યો છે. ■






LIKE & FOLLOW: /Mumbaisamachar4u

### ‘ગૉડમૅન’ અશોક ખરાતનું થાણે કનેક્શન

# પાલિકાના નિવૃત્ત આસિસ્ટન્ટ કમિશનર વિરુદ્ધ મહિલા કર્મચારી સાથે દુષ્કર્મનો ગુનો

થાણેઃ મહિલાઓના જાતીય શોષણના આરોપસર ધરપકડ કરાયેલા નાશિકના ‘ગૉડમૅન’ અશોક ખરાતનું હવે થાણે કનેક્શન સામે આવ્યું છે. થાણે મહાનગરપાલિકાના નિવૃત્ત આસિસ્ટન્ટ કમિશનર વિરુદ્ધ પદનો દુરુપયોગ કરીને છેલ્લાં ત્રણ વર્ષથી મહિલા કર્મચારી સાથે દુષ્કર્મ કરવાનો ગુનો નોંધવામાં આવ્યો છે. પાલિકાનો આ નિવૃત્ત અધિકારી મહિલા કર્મચારીને અશોક ખરાત પાસે તેનું ભવિષ્ય જાણવા લઈ ગયો હતો, એવું ફરિયાદમાં જણાવાયું છે.

પોલીસ ફરિયાદ અનુસાર મહિલા થાણે મહાપાલિકા મુખ્યાલયમાં ડેટા એન્ટ્રી ઑપરેટર તરીકે કામ કરતી હતી. મહિલાએ આક્ષેપ કર્યો હતો કે આરોપી મહેશ આહેર તેને પોતાના ભાડાના ફ્લૅટમાં લઈ ગયો હતો, જ્યાં ઘેનયુક્ત ઠંડું પીણું પીવડાવી તેની સાથે દુષ્કર્મ કર્યું હતું.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે કથિત દુષ્કર્મનું આરોપીએ વીડિયો રેકોર્ડિંગ કરી લીધું હતું. પછી એ વીડિયોની મદદથી બ્લૅકમેઈલ કરીને મહિલાનું જાતીય શોષણ કરવામાં આવતું હતું. આ કથિત ગુનો ૨૦૨૦થી ૨૦૨૩ દરમિયાન થયો હોવાનું એફઆઈઆરમાં નોંધવામાં આવ્યું હતું.

એફઆઈઆર અનુસાર આરોપી આહેર મહિલાને ભવિષ્ય જોવડાવવાને બહાને નાશિકમાં અશોક ખરાત પાસે લઈ ગયો હતો. ત્યાં મહિલા પાસે કથિત વિધિ કરાવવામાં આવી હતી અને પછી એક વિશિષ્ટ પ્રકારનું રત્ન પહેરવા દબાણ કરાયું હતું.

આ પ્રકરણે કાસારવડવલી પોલીસે પાલિકાના ભૂતપૂર્વ અધિકારી અને અન્યો વિરુદ્ધ ૨૦ એપ્રિલે ભારતીય દંડ સંહિતાની સુસંગત કલમો હેઠળ એફઆઈઆર નોંધ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ કથિત ગુનો થાણે મહાપાલિકા મુખ્યાલય, હાઈ પ્રોફાઈલ સોસાયટીના ભાડેના ફ્લૅટમાં અને થાણે સ્ટેશન નજીકના એક મકાન સહિત વિવિધ સ્થળે બન્યો હતો. આ પ્રકરણે તપાસ કરવામાં આવી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# મીઠી નદીની સફાઈ પાછળ ₹ ૨૯.૬૬ કરોડનો ખર્ચ પાલિકા કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લગભગ એક મહિનાની શોધખોળ બાદ મુંબઈ મહાનગરપાલિકાને ત્રણ તબક્કામાં મીઠી નદીની સફાઈ કરવા માટે બે કૉન્ટ્રેક્ટરની નિમણૂક કરી છે. ચોમાસા પહેલાના સફાઈનું કામ એપ્રિલના પહેલા અઠવાડિયામાં શરૂ થયું હતું. જોકે તેનો ૨૯.૬૬ કરોડ રૂપિયાનો પ્રસ્તાવ આજે સ્થાયીમાં મંજૂરી માટે આવવાનો છે. અત્યાર સુધી મીઠી નદીનો નક્કી કરેલો ૧.૩૨ લાખ મેટ્રિક ટન કાંપના લક્ષ્યાંક સામે ૧૮ ટકા એટલે કે ૨૩.૨૫૭ મેટ્રિક ટન કાપ દૂર કરવામાં આવ્યો છે.

મીઠી નદીના કાંપ કાઢવાના પ્રોજેક્ટ હેઠળ ત્રણ તબક્કામાં કામ હાથ ધરવામાં આવી રહ્યું છે, જેમાં ફિલ્ટરપાડા (પવઈ)થી ટીચર્સ કોલોની (કુર્લા), ટીચર્સ કોલોનીથી બીકેસી કનેક્ટર બ્રિજ અને બીકેસી કનેક્ટર બ્રિજથી માહિમ નાળાના આઉટફોલ સુધીના વિસ્તારનો સમાવેશ થાય છે. શરૂઆતમાં મીઠીમાંથી ગાળ કાઢવા માટે યોગ્ય બોલી લગાવનારાઓને આકર્ષવામાં નિષ્ફળ ગયા બાદ પાલિકાએ ટેન્ડરમાં રહેલી અનેક શરતોને હળવી કરી હતી, જેને પગલે બે કૉન્ટ્રેક્ટર પ્રોજેક્ટમાં કામ કરવા આગળ આવ્યા હતા. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ અધિકારીઓને સૂચના આપવામાં આવી છે કે કૉન્ટ્રેક્ટરે યોગ્ય રીતે ગાળ નિર્ધારીત સમયમાં દૂર કરવાનો રહેશે અને તેની ચકાસણી બાદ જ તેમને પૈસા ચૂકવવામાં આવશે. પાલિકા કામની ગુણવત્તા અને સુસંગતતા પર નજીકથી નજર રાખશે. તેમ જ ખાતરી કરશે કે ડિજિટલ સિસ્ટમ પર ડેટા નિયમિતપણે અપડેટ કરવામાં આવે છે કે નહીં. જો કોઈ ખામી જોવા મળી તો સંબંધિત કૉન્ટ્રેક્ટર સામે કડક પગલા લેવામાં આવશે.

લગભગ ૨૨ કિલોમીટર લાંબી મીઠી નદી મુંબઈની સૌથી મોટી અને સૌથી મહત્ત્વની વરસાદી પાણીનો નિકાલ કરનારી નદી ગણાય છે. જે શહેરમાં પૂરજનક પરિસ્થિતિ નિર્માણ થવાથી બચાવે છે. શહેરની ચોમાસા પહેલાની તૈયારીના ભાગરૂપે એપ્રિલમાં મીઠીને સાફ કરવાનું શરૂ કરવામાં આવ્યું છે. મુંબઈમાં ૨૦૦૫ની સાલમાં આવેલા વિનાશકારી પૂર બાદ નદીની નિયમિત જાળવણી પાલિકા દ્વારા કરવામાં આવે છે, જેમાં મીઠીને સાફ કરીને તેમાથી ગાળ કાઢવામાં આવે છે, જેથી ચોમાસામાં પાણીનું વહન કરવાની ક્ષમતામાં અવરોધ નિર્માણ થાય નહીં અને ચોમાસામાં પૂરનું જોખમ પણ નિર્માણ થાય નહીં.

## છેલ્લા પાનાનું ચાલુ

### રાજ્ય પર કમોસમી

વિસ્તારમાં વરસાદના ઝાપટાં પડી ગયા હોવાનું જાણવા મળ્યું હતું.

મંગળવારે સવારના બદલાપુરમાં જોરદાર વરસાદ પડયો હતો. હજી બે દિવસ પહેલ અહીં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ નોંધાયો હતો. કર્જત શહેરમાં પણ સવારથી વાદળિયું વાતાવરણ રહ્યા બાદ જોરદાર વરસાદ પડી ગયો હતો. મુંબઈ નજીકના હિલ સ્ટેશન માથેરાનમાં પણ સવારથી કમોસમી વરસાદનાં ઝાપટાં પડવાથી ગરમીથી રાહત મળી હતી અને વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ હતી. રાજ્યમાં નાંદેડ જિલ્લામાં કમોસમી વરસાદને પગલે કેરીના પાકને નુકસાન થયું છે. મનમાડમાં પણ સવારથી જોરદાર વરસાદ રહ્યો હતો.

### ભૂતપૂર્વ ક્રિકેટર

હતી. જોકે શોએબ ખાને તેને ગાળો ભાંડવાનું શરૂ કર્યું હતું. શોએબ બાદમાં લાઠીથી કારને નુકસાન પહોંચાડ્યું હતું અને યુસુફ પર હુમલો કર્યો હતો.

યુસુફ પોતાના ઘરે પહોંચ્યા બાદ પરિવારજનોએ તેને પોલીસમાં ફરિયાદ નોંધાવવાની સલાહ આપી હતી. આથી તે પોલીસ સ્ટેશન જઇ રહ્યો હતો ત્યારે ભૂતપૂર્વ ક્રિકેટરના સસરા ખાલીદ ખાન સહિત અન્યો અધવચ્ચે તેને મળ્યા હતા અને લાઠી તથા બેઝબોલ બેટથી યુસુફ અને તેના સંબંધીઓ પર હુમલો કર્યો હતો.

દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને ખાલીદ ખાન સહિત ત્રણને તાબામાં લીધા હતા. ભાયખલા પોલીસ સ્ટેશનમાં ખાલીલ ખાન, શોએબ ખાન અને અન્યો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે આ વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસવામાં આવ્યા હતા અને સાક્ષીદારોનાં નિવેદન નોંધવામાં આવ્યાં હતાં. આ પ્રકરણે તપાસ ચાલી રહી છે.

### પાલઘરમાં ફટાકડા

આવી પહોંચ્યા હતા અને રેસ્ક્યુ ઑપરેશન હાથ ધર્યું હતું. વિસ્ફોટ બાદ લાગેલી આગને અગ્નિશમન દળ દ્વારા ઝડપથી કાબૂમાં લેવામાં આવી હતી.

અધિકારીના જણાવ્યા અનુસાર ઘાયલોમાં મોનિકા સચિન પડવલે (૩૦), મોનિકા મહેન્દ્ર જાધવ (૩૦), જાગૃતિ જગદીશ ગવાતે (૨૭), પ્રતિભા પ્રદીપ પવાર (૩૦) અને મોનિકા મોહન વાર્ડી (૨૫)નો સમાવેશ છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે ૧૦ એપ્રિલથી કાર્યરત આ યુનિટમાં કાચો માલ બહારથી લવાયો હતો અને જામઘર, કોન્સાઇ, પલસાઇ અને અલમાન સહિતના નજીકનાં ગામના કામદારો ત્યાં કામ કરી રહ્યા હતા.

આ યુનિટ પાસે જરૂરી લાઇસન્સ હતું કે નહી અને ત્યાં સલામતીના નિયમોનું પાલન કરવામાં આવી રહ્યું હતું કે નહીં તેની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આ પ્રકરણે શેડના માલિક સહ ત્રણ જણ વિરુદ્ધ ગુનો દાખલ કરી બે જણની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે ત્રીજા આરોપીની શોધ ચલાવવામાં આવી રહી છે. (પીટીઆઇ)

### બિઝનેસમૅન પાસેથી

પિસ્તોલની ધાકે બન્નેને ધમકાવ્યા હતા, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

બાદમાં આરોપીઓની ગૅન્ગે પિસ્તોલની ધાકે ફરિયાદી પાસેથી ત્રણ કરોડ રૂપિયાની ખંડણી માગી હતી. નાણાં ન આપે તો જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. ડરના માર્યા ફરિયાદીએ આરોપીએ આપેલા બૅન્ક ખાતામાં ઑનલાઈનથી ૨.૨૫ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. આ રકમ પણ એક એનજીઓના ખાતામાં જમા થઈ હતી.

રકમ ટ્રાન્સફર થયા પછી ફરિયાદી અને તેના મૅનેજરને છોડવામાં આવ્યો હતો અને આ બાબતે પોલીસ ફરિયાદ કરી તો ગંભીર પરિણામ ભોગવવાની ધમકી આપી હતી. પરિવારના સભ્યો અને મિત્રોની સલાહ પછી બિઝનેસમૅને પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. ગુનામાં સંડોવાયેલા આરોપી મુંબઈ, ઓડિશા, બિહાર અને ઝારખંડના વતની હોવાથી આંતરરાજ્ય ટોળકી આમાં સામેલ હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. આ કેસની વધુ તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપાઈ હતી. (પીટીઆઈ)

### સતત બીજા દિવસે

બદલાપુર લોકલ એ જ ટ્રેક પર આગળ નીકળી ત્યારે લોકો પાઈલટે સામે ઊભી રહેલી ટ્રેનને જોઈ હતી. સૌથી રાહતની વાત એ હતી કે રેલવે ટ્રેક પર ઈન્ટરનલ હોમ સિગ્નલ રેડ હતું, જેને કારણે મોટરમેન સમયસર ઈમરજન્સી બ્રેક મારી હતી, તેથી મોટી હોનારત પણ ટળી ગઈ હતી, એવો અધિકારીએ દાવો કર્યો હતો.

મધ્ય રેલવેના વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે જ્યારે ટ્રેનને રોકી દેવામાં આવી હતી, ત્યારે બંને ટ્રેન વચ્ચેનું અંતર લગભગ ૧૩૦ મીટરથી વધારે હતું. આ ઘટના પછી પ્લેટફોર્મ નંબર પાંચથી આઠ વચ્ચે ટ્રેનના ઓપરેશનને રોકી દેવામાં આવ્યું હતું. લગભગ એક કલાકની મહેનત પછી ટ્રેનોને પાછળ લેવામાં આવી હતી અને રુટને ક્લિયર કર્યો હતો. આ બનાવ મુદ્દે ટેક્નિકલ ખામી કે માનવીય ભૂલ અંગે ઉચ્ચસ્તરે તપાસ કરવાનો આદેશ આપ્યો છે, એમ મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સ્વપનીલ નીલાએ જણાવ્યું હતું.

આ મુદ્દે પ્રવાસીઓએ મોટરમેનની પૂછપરછ કરવા છતાં સંતોષજનક જવાબ મળ્યો નહોતો. ડોંબિવલીના રહેવાસી ચેતન પંચાલે કહ્યું હતું કે મધ્ય રેલવેમાં લોકલ ટ્રેનો નિયમિત રીતે ટેક્નિકલ ફેઈલ્યોર થાય છે, પણ રેલવેના પેટનું પાણી હાલતું નથી. અન્ય એક પ્રવાસીએ કહ્યું હતું કે એક જ ટ્રેક પર બે ટ્રેન સામસામે જોવા મળી હતી, જેના અંગે અનેક લોકોએ આશ્ચર્ય પણ વ્યક્ત કર્યું હતું, પણ રેલવેએ નક્કર જવાબ આપ્યો નહોતો.

### શરદ પવાર બારામતી

તેમની તબિયત બગડતા ડોક્ટરોએ તેમને મુંબઈની બહાર પ્રવાસ ન કરવાની સલાહ આપી છે. ’આ અનિવાર્ય પરિસ્થિતિને કારણે, હું મારો મતદાન કરી શકીશ નહીં. હું ખૂબ જ દુઃખી અને ભારે હૃદયથી આ વ્યક્ત કરવા માંગુ છું,’ તેમણે ઉમેર્યુ હતું.

પવારે વધુમાં જણાવ્યું હતું કે, તેમના પક્ષે પેટાચૂંટણીમાં સુનેત્રા પવારને ટેકો જાહેર કર્યો છે. ‘‘આ એક રીતે અમારા પક્ષ તરફથી સ્વર્ગસ્થ અજિત પવારને શ્રદ્ધાંજલિ છે. હું બારામતીના તમામ મતદારોને સુનેત્રા અજિત પવારને મત આપવા અને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા અપીલ કરું છું.

### ફડણવીસે ગરમી

બંધ કરવાની જરૂર પડી છે. આબોહવા પરિવર્તન દુષ્કાળ, કરા અને વધતા તાપમાન જેવા પડકારોને વધુ તીવ્ર બનાવી રહ્યું છે. નવું સ્થાપિત કેન્દ્ર શમન અને અનુકૂલન વ્યૂહરચનાઓ ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે,’ એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે, કેન્દ્ર સરકારના અધિકારીઓ, આરોગ્યસંભાળ કર્મચારીઓ અને શહેરી સમુદાયો માટે ગરમી સંબંધિત જોખમોની તૈયારી અને પ્રતિભાવ વધારવા માટે માળખાગત તાલીમ મોડ્યુલ પણ વિકસાવશે.

રાજ્યના ઉર્જા રોડમેપ પર પ્રકાશ પાડતા, ફડણવીસે કહ્યું હતું કે મહારાષ્ટ્ર ૨૦૩૦ સુધીમાં તેની બાવન ટકા ઉર્જા નવીનીકરણીય સ્રોતોમાંથી અને ૨૦૩૫ સુધીમાં ૬૫ ટકા ઉર્જા મેળવવાનું લક્ષ્ય રાખે છે.

‘સૌર ઉર્જા દ્વારા કૃષિ ક્ષેત્રને ૧૬,૦૦૦ મેગાવોટ વીજળી પૂરી પાડવાના પ્રયાસો ચાલી રહ્યા છે. તે જ સમયે, વધતા તાપમાનને કારણે એર-કન્ડિશનિંગ પર વધતી જતી નિર્ભરતાને કારણે પર્યાવરણીય અસરને ઘટાડવા માટે ટકાઉ ઠંડક ઉકેલો તરફ વળવાની જરૂર છે,’ એમ તેમણે કહ્યું હતું.

ફડણવીસે કહ્યું કે પર્યાવરણને અનુકૂળ બાંધકામ પદ્ધતિઓ અને ટકાઉ જીવનશૈલી હસ્તક્ષેપો પર ભાર મૂકતા, અસરકારક ગરમી કાર્ય યોજના અમલમાં મૂકવામાં આવશે.

આ કેન્દ્રની સ્થાપના નેચરલ રિસોર્સિસ ડિફેન્સ કાઉન્સિલના સહયોગથી કરવામાં આવી છે.

### સુનેત્રા પવારની

છે. તેમના પતિ અને તત્કાલીન ડેપ્યુટી સીએમ અજિત પવારનું ૨૮ જાન્યુઆરીએ વિમાન અકસ્માતમાં અવસાન થતા આ પેટાચૂંટણી યોજાઈ રહી છે. સુળેએ જણાવ્યું હતું કે, ‘‘આજે પણ કોઈને વિશ્વાસ નથી થતો કે અજિતદાદા હવે આપણી વચ્ચે નથી. તેમની ગેરહાજરીનું દુઃખ અમને હંમેશાં રહેશે.’’

તેમણે મતદારોને સુનેત્રા પવારનું સમર્થન કરવા વિનંતી કરતા કહ્યું કે, બારામતીનું આઠ વાર પ્રતિનિધિત્વ કરનાર દિવંગત નેતા અજિત પવારને આ એક સાચી શ્રદ્ધાંજલિ હશે. સુળેએ અફસોસ વ્યક્ત કર્યો કે આ ચૂંટણી બિનહરીફ ન થઈ શકી, પરંતુ તેમને વિશ્વાસ છે કે તેમના ‘ભાભી’ રેકોર્ડ મતોથી જીતશે. તેમણે વધુમાં ઉમેર્યું કે અજિત પવારે મહારાષ્ટ્રમાં બારામતીને એક અલગ ઓળખ અપાવી છે અને તેમના વારસાને આગળ ધપાવવો જરૂરી છે.

પેટાચૂંટણીની તૈયારીઓ દરમિયાન એવી અપેક્ષા હતી કે આ જંગ બિનહરીફ રહેશે, પરંતુ કૉંગ્રેસે પોતાનો ઉમેદવાર મેદાનમાં ઉતાર્યો હતો. જોકે, સત્તારૂઢ પક્ષો અને મહાવિકાસ આઘાડીના સાથી પક્ષો દ્વારા બિનહરીફ ચૂંટણી કરાવવાની અપીલ બાદ, ઉમેદવારી ફોર્મ પાછા ખેંચવાના છેલ્લા દિવસે કૉંગ્રેસે તેના ઉમેદવારનું નામ ખેંચી લીધું હતું.

આમ છતાં, ૨૨ અપક્ષ ઉમેદવારોએ હટવાની ના પાડી દેતા તેઓ ચૂંટણી મેદાનમાં યથાવત રહ્યા છે. હવે મતગણતરી ૪ મેના રોજ થશે.

### રોહિત પવારનો

છેલ્લા કેટલાક દિવસોથી કહી રહ્યા હતા કે તેમને આમંત્રણ નથી, પરંતુ સુનેત્રા પવારના એક ફોન બાદ તેઓ સીધા કાર્યક્રમમાં પહોંચી ગયા હતા. ખરેખર તો આ મંચ સંપૂર્ણપણે મહાયુતિના નેતાઓનું હતું, તેથી શરદ પવાર જૂથના અન્ય નેતાઓએ ત્યાં જવાની જરૂર નથી તેમ સ્પષ્ટ કર્યું હતું. રોહિત પવાર સહિત પરિવારના અન્ય સભ્યોએ અલગ સભાઓ કરી હતી. જોકે, શરૂઆતમાં એવું સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે રાષ્ટ્રવાદી કૉંગ્રેસ શરદચંદ્ર પવાર પક્ષ તરફથી મહાયુતિની અંતિમ સભામાં કોઈ હાજર રહેશે નહીં. ધારાસભ્ય રોહિત પવારે તો ત્યાં સુધી સ્પષ્ટ કહી દીધું હતું કે, આમંત્રણ મળે કે ન મળે, તેઓ કોઈ પણ સંજોગોમાં આ સભામાં ઉપસ્થિત રહેશે નહીં.

જોકે, ખુદ પક્ષના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ જ આ સભામાં ઉપસ્થિત રહેતા રાજકીય વર્તુળોમાં આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. થોડા દિવસો પહેલા જ સાંસદ સુપ્રિયા સુળેએ દેવેન્દ્ર ફડણવીસ નરેન્દ્ર દાભોલકરના વારસા મુજબ કામ કરી રહ્યા હોવાનું પ્રમાણપત્ર આપ્યું હતું. આથી, શું સુપ્રિયા સુળેની સફર ભાજપ તરફ ઝૂકી રહી છે? એવો પ્રશ્ન પણ હવે ઊભો થઈ રહ્યો છે.

### ફડણવીસે શૂન્ય

અપની જેમ કાર્ય કરવું જોઈએ.’ ‘શૂન્ય અમલદારશાહીનો મુખ્ય સિદ્ધાંત એ છે કે ઓછામાં ઓછા માનવ હસ્તક્ષેપ સાથે સરળ, અનુમાનિત સિસ્ટમો દ્વારા પાત્ર નાગરિકોને સીધી સેવાઓ પૂરી પાડવી,’ એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે તેમની સરકારે તેના ૧૦૦-દિવસ અને ૧૫૦-દિવસના કાર્યક્રમો દ્વારા વહીવટી કાર્યક્ષમતામાં સુધારો કરવાનો અને લગભગ ૮૫ ટકા લક્ષ્યો પ્રાપ્ત કરવાનો પ્રયાસ કર્યો છે.

તેમણે ઉમેર્યું કે, ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ સુધારવા માટે ઇ-ગવર્નન્સ દ્વારા અનેક પ્રક્રિયાઓને સરળ બનાવવામાં આવી છે.

‘વિકસિત મહારાષ્ટ્ર ૨૦૪૭’ રોડમેપ વિશે વાત કરતા, ફડણવીસે કહ્યું હતું કે, ‘મહારાષ્ટ્ર હવે ફક્ત દેશની અંદર જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરી રહ્યું છે. રાજ્યનું અર્થતંત્ર વૈશ્વિક સ્તરે ટોચના ૩૦ દેશોમાં સ્થાન ધરાવે છે અને આગામી વર્ષોમાં તે વધુ મજબૂત બનશે.’

તેમણે કહ્યું હતું કે, સુધારેલી ડિલિવરી માટે ૨૦ મુખ્ય સેવાઓ ઓળખવામાં આવી છે અને ‘આપલે સરકાર ૨.૦’ દ્વારા સેવાઓને વધુ સુલભ બનાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

‘દરેક વિભાગે સ્ટાર્ટઅપની જેમ કાર્ય કરવું જોઈએ. જો અધિકારીઓ સ્ટાર્ટઅપ અભિગમ અપનાવે છે, તો તે નવીનતા, કાર્યક્ષમતા અને ગતિ લાવશે,’ એમ ફડણવીસે જણાવ્યું હતું.

### ભાયંદરમાં ઝોમ્બી

યુનિટ-૧ના ઇન્ચાર્જ ઈન્સ્પેક્ટર સુશીલકુમાર શિંદેની ટીમે તાત્કાલિક વીડિયોની તપાસ હાથ ધરી હતી. તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે વીડિયો રેકોર્ડિંગ ૧૩ એપ્રિલની રાતે ૧૦ વાગ્યાની આસપાસ ભાયંદર પશ્ચિમમાં ૯૦ ફૂટ રોડ પર કરાયું હતું. પરિણામે પોલીસે આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે યુવકની શોધ હાથ ધરી હતી.

દાદર, બોરીવલી, મીરા રોડ અને ભાયંદરમાં તપાસ ચલાવીને બે દિવસ પછી પોલીસે યુવકને શોધી કાઢ્યો હતો. મજૂરીકામ કરતો સમીર રાજેન્દ્ર રાવલ (૨૨) બોરીવલી રેલવે સ્ટેશન નજીક રહેતો હતો. માર્ચ, ૨૦૨૬માં તે નોકરીની શોધમાં નેપાળથી ભાયંદર આવ્યો હતો. શરૂઆતમાં તે ભાયંદર પૂર્વના નવઘર નાકા પર રહેતો હતો અને પછી બોરીવલી રહેવા લાગ્યો હતો.

પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે રાવલ નેપાળનો વતની છે. છેલ્લાં બે વર્ષથી તેને નશા માટે પ્રેગાબાલિન નામની દવાનું સેવન કરવાની આદત હતી. આ દવાનો ઉપયોગ જ્ઞાનતંતુઓની પીડામાંથી રાહત મેળવવા થાય છે. ભાયંદરમાં આવ્યા પછી તે આ દવાની શોધમાં હતો, પરંતુ ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના કોઈ દવાની દુકાનવાળો તેને આ દવા આપતો નહોતો.

દરમિયાન નવઘર નાકા ખાતેની એક દવાની દુકાનમાંથી તેને પ્રિસ્ક્રિપ્શન વિના ૧૦ ટેબ્લેટ્સની એક સ્ટ્રિપ મળી હતી. ત્યારથી તે આ જ દુકાનમાંથી ટેબ્લેટ્સ ખરીદતો હતો. ૧૩ એપ્રિલની રાતે તે દવા ખરીદ્યા પછી પાંચ ટેબ્લેટ્સ એકસાથે લીધી હતી. દવાના ઓવરડોઝને કારણે તેને ચક્કર આવવા લાગ્યાં હતાં. પરિણામે રસ્તા પર ચાલતાં ચાલતાં તે એક જગ્યા પર ઊભો રહી ગયો હતો, જેનો કોઈએ વીડિયો બનાવી સોશ્યલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો.

યુવકે આપેલી માહિતીને આધારે પોલીસની એક ટીમ ફૂડ ઍન્ડ ડ્રગ એડ્મિનિસ્ટ્રેશનના અધિકારીઓ સાથે સંબંધિત દવાની દુકાને પહોંચી હતી, પરંતુ દુકાન બંધ હોવાનું નજરે પડ્યું હતું. આસપાસ તપાસ કરતાં વીડિયો વાયરલ થયા પછી ડરી ગયેલો દુકાનદાર દુકાન બંધ કરીને તેના વતન ગુજરાત જતો રહ્યો હતો. બે દિવસથી દુકાન બંધ હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. આ દુકાનદાર પર કાર્યવાહી કરવામાં આવશે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

### અજિત પવારના

ન આવ્યું હોત, તો પણ સુનેત્રા પવાર રેકોર્ડ મતોથી ચૂંટાઈ આવ્યા હોત. દાદા પછી, હું બારામતીના લોકોને મારી ભાભી માટે રેકોર્ડ બતાવવા માંગુ છું,’ એમ ફડણવીસે કહ્યું હતું.

દાદાના અવસાનથી મહારાષ્ટ્રને મોટું નુકસાન થયું છે એમ કહેતા ફડણવીસે જણાવ્યું હતું કે, દાદા પછી તેમણે પોતાના દુઃખને બાજુ પર રાખીને જવાબદારી લીધી. દાદા પછી, તેમની ભાભીએ રાજ્ય અને પાર્ટીનું સુકાન સંભાળ્યું. ઘણા લોકોએ તેમના રાજકીય અનુભવ પર સવાલ ઉઠાવ્યા, પરંતુ ભાભીએ દાદા સાથે રાજકારણને ખૂબ નજીકથી જોયું છે. તેઓએ સામાજિક, શૈક્ષણિક અને આર્થિક ક્ષેત્રોમાં કામ કર્યું છે. ભાભીમાં દાદાના બધા સપના પૂરા કરવાની ક્ષમતા છે. ફડણવીસે બારામતીના લોકોને ખાતરી પણ આપી કે ‘દાદા, શિંદે અને હું આગામી ૧૦-૧૫ વર્ષ સુધી અહીં કામ કરીશું’. ‘બારામતીમાં રેકોર્ડબ્રેક મતદાન થવું જોઈએ. હું સામેના ઉમેદવારોની ટીકા નહીં કરું, ઘણા લોકો પ્રસિદ્ધિ માટે આવા કામ કરે છે’, એવા શબ્દોમાં તેમણે ટીકા પણ કરી. તેમણે અજિત પવારના વિમાન દુર્ઘટનાની તપાસ અંગે ખાતરી આપતાં જણાવ્યું હતું કે, ‘ઘણા લોકો ઇચ્છે છે કે અકસ્માતનું સત્ય બહાર આવે, મેં ગૃહમાં પણ આ વાત કહી છે. સત્ય બહાર ન આવે ત્યાં સુધી હું શાંત બેસીશ નહીં,’ એમ મુખ્ય પ્રધાન ફડણવીસે પોતાના ભાષણના અંતે કહ્યું હતું.

## જૈન મરણ

ભગુપુર નિવાસી હાલ કાંદિવલી, ચુનિલાલ નાનચંદ શાહના સુપુત્ર વિનોદચંદ્ર (ઉં. વ. ૮૧) તા. ૧૭/૦૪/૨૬ને શુક્રવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ગુણવંતીબેનના પતિ. ચેતનાબેન, મનીષાબેન અને આશિષના પિતા. જયેશકુમાર, હિતેશકુમાર અને મૌસમીના સસરા. પિયેરપક્ષે અમીચંદ લક્ષ્મીચંદ વોરા, સુરેન્દ્રનગરના જમાઈ. રિયા અને ક્રેયાના દાદા. બંને પક્ષ તરફથી લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બિલખા નિવાસી હાલ બોરીવલી સ્વ. મનોરમાબેન મનસુખલાલ ગોરધનદાસ ઘાટલીયાના સુપુત્ર ચિ. બિપીનભાઇ (ઉં. વ. ૬૬) તે તરુલત્તાબેનના પતિ. અ. સૌ. જીગ્નાબેન ભાવેશકુમાર કોઠારી તથા જીજ્ઞેશના પિતાશ્રી. હિનાબેનના સસરા. અ. સૌ. નયનાબેન નવીનચંદ્ર ગાંધી, શૈલેશભાઇના મોટા ભાઇ. ઇન્દોર નિવાસી સ્વ. પુષ્પાબેન મોહનલાલ ન્યાલચંદ પારેખના જમાઇ તા. ૧૯-૪-૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૩-૪-૨૬ના સવારે ૧૦થી ૧૨. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ ઉપાશ્રય, ડાયમંડ ટોકીઝની સામે, એલ. ટી. રોડ, બોરીવલી (વેસ્ટ).

**નૃસિંહપુરા દિગંબર જૈન**

જેહર નિવાસી હાલ ગોરેગાવ, સ્વ. જયંતીલાલ હરિલાલ શાહના પુત્રવધૂ ગીતા શિરીષકુમાર શાહ (ઉં. વ. ૭૧) તે પૂર્વેશ તથા પૂજાના માતુશ્રી. વૈશાલી તથા દિપકકુમારના સાસુ. સ્વ. મીના, રેખાબેન, તુષારભાઈ-મીનાબેનના ભાભી. પિયરપક્ષે સ્વ. કેશવલાલ માણેકચંદ શાહના દીકરી. ૨૦/૪/૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સ્થાનકવાસી જૈન**

મોટા કોટડા નિવાસી હાલ ભાયંદર, શ્રીમતી ઊર્વી નિમિત રૂપાણી (ઉં. વ. ૩૮) તા. ૧૯-૪-૨૬, રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે નિમિત દિલીપ રૂપાણીના પત્ની તથા ગં.સ્વ હંસાબેન બકુલભાઈ શાહના પુત્રી. ઇલાબેન દિલીપભાઈ રૂપાણીના પુત્રવધૂ. અને નેત્રના મમ્મી. ધારા મિતેશ શાહના નણંદ. ઈશિતા મેઘલ શાહના ભાભી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ સાયન, મુંબઈ સ્વ. લીલાવતીબેન ચીમનલાલ શાહના પુત્ર રાજેન્દ્રભાઇ (ઉં. વ. ૭૪) સોમવાર, તા. ૨૦.૦૪.૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે મેઘનાબેનના પતિ. હર્ષલ, બિનોયના પિતાશ્રી. ચૈતાલી, અર્પિતાના સસરા. મહેન્દ્રભાઈના ભાઈ. સ્વ. ધનલક્ષ્મીબેન રસિકલાલ મણિયારના જમાઈ. આરોહી, ઝિવા, નૈતિકના દાદા. શાંતિ જાપ ગુરુવાર, તા. ૨૩.૦૪.૨૬ના રોજ સાંજે ૫ થી ૬. રામજી અંદરજી વાડી, બિલ્ડીંગ નં. ૩૦૯, સેન્ટ્રલ, ચંદાવરકર રોડ, બેંક ઓફ બરોડાની નજીક માટુંગા ઈસ્ટ. (દેહદાન, ત્વચાદાન, નેત્રદાન કરેલ છે). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

તળાજા નિવાસી હાલ મુલુન્ડ, ભાનુબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ દોશીના સુપુત્ર મેહુલ (ઉં. વ. ૫૩) તે સારિકાના પતિ. ધ્વનીના પિતાશ્રી. રાજુભાઈ, પંકજભાઈના નાનાભાઈ તથા બીનાબેન, પ્રીતિબેનના દિયર. શ્વસુરપક્ષે ભંડારિયા નિવાસી હાલ મુલુંડ. સ્વ. હર્ષદભાઈ જયંતિલાલ શાહના જમાઈ તા. ૨૦.૪.૨૬ના અરિહંતશરણ પામેલ છે. તેમની સાદડી તા. ૨૩.૦૪.૨૬ના ગુરુવારે સાંજે ૪.૦૦ થી ૫.૩૦. બંને પક્ષની સાદડી સાથે રાખેલ છે. સ્થળઃ- પેલેસ બેન્કવેટ, ઇમ્પિરિયલ હોલ, ૨જે માળે, નેતાજી સુભાષ રોડ, મુલુંડ વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોથારાના રમણીકલાલ દામજી સાવલા (ઉં. વ. ૭૭) તા.૧૮-૪-૨૬ના અવસાન પામેલ છે. દેવકાબેન દામજીના પુત્ર. વિજયાબેનના પતિ. ધીરેન (રાજુ)ના પિતા. ચંદ્રકાંત, જયંતિ, રમેશ, નરેન્દ્રના ભાઈ. લક્ષ્મીબેન હીરજીના જમાઈ. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં.કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦.

મોટી રાયણના ટેકચંદ ખીમજી ગડા (ઉં. વ. ૭૭) તા. ૨૦-૪-૨૬ના અવસાન પામેલ છે. કંકુબાઇ ખીમજી શામજીના પુત્ર. મણીબેનના પતિ. નીપા, નીરાલીના પિતા. કલ્યાણજી, લક્ષ્મી, વિમળાના ભાઇ. કોડાયના પુરબાઈ જેઠાલાલ દેરાજના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ. : મણીબેન ટેકચંદ, જી-૨, હરીદ્વાર બિલ્ડીંગ, એવરશાઇન નગર, મલાડ.

## પારસી મરણ

મની પરવેઝ ગીલડર તે મરહુમ પરવેઝના ધન્યાની. તે મરહુમો તેહમીના કૈખશરૂ સેઠનાના દીકરી. તે જહાંગીર ને ખુશમનના માતાજી. તે ફરીદા ને ખુશરુના સાસુજી. તે પીનાઝા ને મેહરઝાદના બપઇજી. તે ફરશીદ ને જેહાનના મમઇજી. (ઉં. વ. ૮૯) રે. ઠે. ફલેટ ૪૧૧-૪૧૨, ચોથે માળે, ૪૮ સાલસેથ પારસી કો. હા. સોસાયટી, પંપ હાઉસ, અંધેરી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૯૩. ઉઠમણાંની ક્રિયા તા. ૨૨-૪-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે સાલસેથ અગિયારીમાં છેજી.

ફ્રેની પેશોતન વાડીયા તે પેશોતનના ધનીયાની. તે મરહુમો મનીજે સાવકશા ખુરશેદજીના દીકરી. તે ઝરીન ને ઝુબીનના માતાજી. તે આરમીન ને તનાઝના સાસુજી. તે મરહુમો મીનુ, જાલ, ફિરોઝ, ખરસેતજી ને બાનુ શરોફના બહેન. તે આરઝાન ને ઝાઇરાના બપઇજી. (ઉં. વ. ૭૯) રે. ઠે. ૧૮૯ બાઇ હીરબઇ પીટીટ બિલ્ડિંગ, રૂમ. નં. ૧૦, પાંચમે માળે, ગ્રાન્ટ રોડ સ્ટેશન સામે, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૨-૪-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે, બાંદ્રા તાતા અગિયારીમાં છેજી.

## હિન્દુ મરણ

**લુહાર સુતાર**

સ્વ. પ્રભાબેન વિરજીભાઇ પરમાર (ઉં. વ. ૬૬) મૂળ ગામ સંજાણ ટીમ્બા હાલ બોરીવલી મુંબઇ તા. ૧૯-૪-૨૬ રવિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે વિરજીભાઇ પુરુષોત્તમભાઇ પરમારના ધર્મપત્ની તથા ભાવેશભાઇ, જીતેશભાઇ અને નીતાબેનના માતુશ્રી. દર્શનાબેન, મમતાબેન તથા કિરીટભાઇ જયસુખભાઇ મકવાણાના સાસુ. શામજીભાઇ તથા સુનિલભાઇના ભાભી. હંસાબેન તથા નિશાબેનના જેઠાણી. બાલુભાઇ વિઠ્ઠલભાઇ મકવાણા (ગુંદરણ, હાલ મીરા રોડ)ના દીકરી. બાબુભાઇ, મનસુખભાઇ, મુકેશભાઇ અને સુરેશભાઇના બહેન. ક્રિશા, અનુષ્કા, ઓમ, વેદાંત, વ્યોમના દાદી. તેમની પ્રાર્થનાસભા તા. ૨૩-૪-૨૬ ગુરુવારના સાંજે ૫થી ૭. ઠે. રાજશ્રી હોલ, રવિન્દ્ર હૉટેલ પાસે, મુવીજેમ થિયેટરની સામે, એસ. વી. રોડ, દહીંસર (પૂર્વ). લૌકિક રિવાજ તથા બારમાની વિધિ બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા દિશાવળ વણિક**

હાલ મલાડ નિવાસી સ્વ. ચંદ્રભાગાબેન જયેન્દ્રલાલ મહેતાના સુપુત્ર પ્રદીપભાઇ (ઉં. વ. ૬૮) તા. ૧૯-૪-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે જયશ્રીબેનના પતિ. જીગર-નીરવના પિતા. આરતી અને નેહાના સસરા. અનિલભાઇ, સ્વ. નરેશભાઇ તથા સ્વ. નિહારિકાબેન યોગેશભાઇ મણિયાર, લીનાબેન શૈલેષભાઇ કાનાણી, નિતિકાબેન વિક્રમભાઇ વાસાના ભાઇ. સસરા પક્ષે દામનગર નિવાસી હાલ મુંબઇ સ્વ. જશવંતીબેન નવનીતલાલ ગાંધીના જમાઇ. પ્રાર્થનાસભા તા.૨૩-૪-૨૬ સાંજે ૫થી ૭. ઠે. કેવલબાગ, કીલાચંદ રોડ, કાંદિવલી ફલાય ઓવરના નીચે, કાંદિવલી (વેસ્ટ).

**હાલાઇ લોહાણા**

મૂળગામ જોડિયા હાલ વડાલા નિવાસી સ્વ. નિરંજનભાઇ શાંતિલાલ આડઠક્કરના પત્ની ગં. સ્વ. સુભદ્રાબેન તે મણીબેન તથા નારાયણદાસ દેવચંદ દત્તાણીના દીકરી તા. ૧૭-૪-૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તે રાજેશભાઇ, દેવેનભાઇ તથા ટીનાબેન સુદીપ ઠક્કરના માતુશ્રી. કાજલબેન, સુદીપકુમાર હીરાલાલ ઠક્કર તથા દીપાલીબેનના સાસુ. સ્વ. તુલસીદાસભાઇ, જમનાદાસભાઇ તથા મોહનભાઇના બહેન. જય, ટીશા, વિરાજના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**હાલાઇ લોહાણા**

મુળ ગામ મેંદરડા, હાલ નાલાસોપારા, હિતેશ (ઉં. વ. ૪૭) તે ગં.સ્વ. જ્યોતિબેન દિનેશભાઈ વનરાવનદાસ અઢીયાના દિકરા. જીજ્ઞાના પતિ. દેવાંશીના પિતા. હેતલ મહેશકુમાર ગણાત્રા અને મેહુલના ભાઇ. ગં.સ્વ. જશુબેન કાંતિલાલ રાજાના જમાઇ. સોમવાર તા. ૨૦/૦૪/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

અમરેલી નિવાસી હાલ સુરત, સ્વ. જયંતિલાલ પ્રતિલાલ નાનજીભાઈ દ્વાવડા (ઉં. વ. ૯૨) તા. ૧૬/૪/૨૬ ગુરૂવારના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. અંજવાળીબેનના પતિ. રવિન્દ્રભાઈ, સરસ્વતિબેન, હીરાબેન, જશુબેનના માતુશ્રી. મીનાબેન રવિન્દ્રભાઈ, રમેશકુમાર મગનલાલ, છોટાલાલ જીવનભાઈ, સ્વ. રજનીકુમાર વિનુભાઈના સાસુ. બરવાળા બાવીશી હાલ સાંતાક્રૂઝ, સ્વ. મોહનલાલ લાલજી, સ્વ. દેવશીભાઇ, સ્વ. છગનભાઇ, સ્વ. નટુભાઇ, સ્વ. હરિભાઈ, સ્વ. અમુભાઈ, સ્વ. નબુબેન ગોવિંદભાઈના બનેવી. પ્રેયસ, શીતલ, અવનિના દાદા. પ્રાર્થનાસભા તા. ૨૩/૦૪/૨૬ને ગુરૂવારે સાંજે ૫ થી ૭, શ્રી લુહાર સુતાર વેલ્ફેર સેંટર, વિશ્વકર્મા ચોક, બોરીવલી ઇસ્ટ.

**શિહોર સં. ઔદિચ્ય અગિયારસ બ્રાહ્મણ**

મૂળ દિહોર હાલ કાંદિવલી, જયોતિન્દ્ર હર્ષદરાય દવે (ઉં. વ. ૭૬) શુક્રવાર તા. ૧૭/૦૪/૨૬ના અવસાન પામેલ છે. તે સ્વ. ચંદ્રાબેન હર્ષદરાય દવેના સુપુત્ર. સાધનાબેન દવેના પતિ. વિરલ, દેવલ, મેહુલના પિતા. ટીના, ચિરાગ, કેવિનના સસરા. જયેશભાઈ, દિપકભાઈ, નીતાબેન, વર્ષાબેનના મોટાભાઈ. સ્વ. રૂક્ષમણીબેન જાદવજી ભટ્ટના જમાઈ. લૌકીક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

રોહા કોટડાના સ્વ. મણીબેન કેશવજી કોઠારી (જટુભા)ના સુપુત્ર મોહનલાલ (ઉં. વ. ૮૩) તા. ૨૦/૪/૨૬ના રામશરણ પામેલ છે. ખારઘર હાલ મુલુંડ, તે સ્વ. લક્ષ્મીબેન મથુરાદાસ ધીરાવાણીના જમાઈ. પ્રફુલાબેનના પતિ. ગં.સ્વ. કસ્તુરબેન વિસનજી ચંદે, સ્વ. હીરજીભાઈ, મથુરાદાસ, કનૈયાલાલના ભાઈ. રાજીવ, રચના કેતન પલણ, સ્વ. રોહનના પિતાશ્રી. રશ્મિના સસરાજી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

કવર સ્ટોરી_નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

## વૉરને માથે અલ નીનોની આફત રોકાણકારો માટે નવી ચિંતા?

**પશ્ચિમ એશિયાની વૉરનો અંત મૃગજળની માફક છળી રહ્યો છે. એવા સંજોગોમાં એક તરફ અમેરિકા-ઈરાન યુદ્ધ વચ્ચે ખાતરની અછત વધી રહી છે ત્યાં બીજી તરફ અલ-નીનોને કારણે ચોમાસાં પર જોખમ તોળાઈ રહ્યું છે, આ સંજોગોમાં નબળાં ચોમાસાં અને ખાતરના વધતા ખર્ચ ગ્રામીણ વિકાસ ગતિ અને બળતણ, ખાદ્ય ફુગાવાને પાટા પરથી ઉતારી શકે છે!**



અખાતી યુદ્ધને કારણે ક્રૂડ ઓઇલ અને ગેસની ઉપલબ્ધતા અને ફુગાવા ઉપરાંત અન્ય અનેક ક્ષેત્ર પર નકારાત્મક અસર પડી રહી છે. અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે જ્યારે ક્રૂડ તેલ સાથે ખાતરના ભાવમાં ઝડપી ઉછાળો આવવાને પરિણામે કંપનીઓના ઇનપુટ ખર્ચમાં પણ વધારો થયો છે. આ ઓછુ હોય તેમ નવી મુસીબત આભ ફાડીને ત્રાટકવાની તૈયારીમાં છે.

૨૦૨૬ની મોસમમાં સામાન્ય કરતા ઓછા ચોમાસાની આગાહીએ ખેડૂતોની સાથે સાથે રોકાણકારોની ચિંતા પણ વધારી દીધી છે. ભારતમાં ૨૦૨૬માં પાછલા અનેક વર્ષોમાં સૌથી શુષ્ક ચોમાસું જોવા મળે અવી શક્યતા દર્શાવાઇ રહી છે. આપણું અર્થતંત્ર ખેતી પર કેટલું નિર્ભર છે અને ખેતી મોનસુન પર કેટલી નિર્ભર છે તે આપણે જાણીએ છીએ.

સરકારે ભલે સિંચાઇ વ્યવસ્થા, તળાવોના સ્તર અને ધાન્યના સંગ્રહ કે ખેડૂતોની અગાઉની સરખામણીએ સારી સ્થિતિની વાતો કરી હોય, પરંતુ સત્ય તો સમયે જ પુરવાર થશે. સ્કાયમેટે લાંબા ગાળાના સરેરાશના ૯૪ ટકા વરસાદની આગાહી કરી છે, જે સામાન્ય રીતે જોવા મળતી ૯૬ ટકાથી ૧૦૪ ટકાની રેન્જથી નીચે છે.

ભારતીય હવામાન વિભાગ (આઇએમડી)એ પણ અલ નીનો અસરને ટાંકીને પચાસ વર્ષની સરેરાશના ૯૨ ટકા જેટલા વરસાદનો અંદાજ લગાવ્યો છે. આ દરમિયાન, અમેરિકા-ઈરાન યુદ્ધ વચ્ચે કાચા માલના પુરવઠામાં વિક્ષેપને કારણે ખાતરના ભાવ વધુ વધી શકે છે, જે નબળી પડી રહેલી ગ્રામીણ પરિસ્થિતિને વધુ વણસાવશે એવી ભીતિ ક્ષેત્રના નિરીક્ષકો વ્યક્ત કરી રહ્યા છે. આ ઓછું હોય એમ ક્રિસિલના અહેવાલમાં એવી આગાહી કરવામાં આવી છે કે, પશ્ચિમ એશિયાનું યુદ્ધ ખાતરના ઉત્પાદનમાં ૧૦થી ૧૫ ટકાનો ઘટાડો અને સરકારના સબસિડી બોજમાં રૂ. ૨૫,૦૦૦ કરોડ સુધીનો વધારો કરી શકે છે.

ચોમાસામાં વરસાદની ઊણપ અને ખાતરના વધતો ખર્ચ ગ્રામીણ વિકાસની ગતિને ફટકો મારવા સાથે ખાદ્ય ફુગાવાને ભડકાવી શકે છે, જે ભારતના અનુકૂળ વિકાસ-ફુગાવાના અંદાજને નુકસાન પહોંચાડે છે. સાદી ભાષામાં અર્થતંત્ર તેના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર ફેંકાઇ શકે છે. નૈઋત્ય ચોમાસું ભારતના આર્થિક વિકાસ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે, કારણ કે દેશનું કૃષિ ક્ષેત્ર આ મોસમી વરસાદ પર ભારે આધાર રાખે છે.

એક રિસર્ચ અહેવાલ અનુસાર ભારતનું ગ્રામીણ અર્થતંત્ર ૨૦૨૬માં ચોમાસાની ઊણપ અને ઝડપથી વધતા ઇનપુટ ખર્ચના બેવડા જોખમનો સામનો કરી રહ્યું છે, જે કૃષિ ઉત્પાદન, ખેડૂતોની આવક, ગ્રામીણ માગ અને ખાદ્ય ફુગાવાને જોખમમાં મૂકે છે.

હવે રોકાણકારો શા માટે ચિંતામાં મુકાયા છે અને તેમને આ બાબત કઇ રીતે અસર કરે છે, એ જોઇએ. ખરીફ પાક ગ્રામીણ આવકમાં વધારો કરે છે, જેના પરિણામે એફએમસીજી, ટ્રેક્ટર, ઓટોમોબાઇલ્સ, ટૂ -વ્હિલર અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સની માગ વધે છે.

બીજી બાજુ, નબળા અથવા અનિયમિત ચોમાસાને કારણે ખરીફ વાવેતરમાં ઘટાડો થાય છે. જળાશયોનું સ્તર નીચું જવાને કારણે રવિ પાકની સંભાવના નબળી પડે છે અને તેને પરિણામે ખાદ્ય ફુગાવામાં વધારો થઈ શકે છે. આ રીતે અગાઉ જણાવેલા ઉદ્યોગોના માર્જિન પર અસર થતાં તેના શૅરમાં પણ નકારાત્મક અસર જોવા મળે એ સંભવ છે.

એક તરફ યુએસ-ઈરાન લશ્કરી અથડામણનો અંત આવતો નથી અને બીજી તરફ અલ નિનોને કારણે જો ૨૦૨૬માં સામાન્ય કરતા ઓછો વરસાદ થાય તો, કૃષિ ક્ષેત્ર માટે વરસાદ અને ખાતરની અછત કે ખેંચને પરિણામે વધેલા ઇનપુટ ખર્ચનું સંયોજન કૃષિ ઉત્પાદન, ગ્રામીણ વપરાશ અને ફુગાવાના વ્યવસ્થાપન માટે પડકારજનક સંભાવનાઓ ઊભી કરી શકે છે.

સરકાર પહેલાથી જ ફર્ટિલાઇઝર અને ફૂડ માટેની ઊંચી સબસિડીના કારણે વધારાની નાણાકીય તાણનો સામનો કરી રહી છે, ત્યારે નબળા ચોમાસાથી પાક ઉત્પાદનમાં ઘટાડો, ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો અને ખાદ્ય સબસિડીની માગમાં વધારો થશે, એવું આ ક્ષેત્રના નિરીક્ષકો માને છે.

તાજેતરમાં જ આઠમી એપ્રિલના રોજ કેન્દ્રીય મંત્રીમંડળે આગામી ખરીફ સિઝન માટે ફોસ્ફેટિક અને પોટાશિક (પીએન્ડકે) ખાતરો માટે લગભગ રૂ. ૪૧,૫૩૩.૮૧ કરોડના પોષક તત્ત્વો આધારિત સબસિડી (એનકેએસ) દરોને મંજૂરી આપી હતી. નોંધવું રહ્યું કે, પશ્ચિમ એશિયા સંઘર્ષ અને તેના પરિણામે ક્રૂડના ભાવમાં થયેલા વધારાને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૭માં ભારતના વિકાસ અને ફુગાવા અંગે અનિશ્ચિતતા ઉભી થઈ છે.

જોકે એક અગ્રણી અર્થશાસ્ત્રીએ ભિન્ન મત વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ક્રૂડ ઓઇલના ઊંચા ભાવ, ખાતરની અછત અને સંભવિત અલ નીનો એકસાથે પુરવઠા બાજુના આંચકાનું કારણ બને છે, પરંતુ આ વખતે ભારત પર તેની અસર સંપૂર્ણપણે નકારાત્મક નહીં પણ મિશ્ર રહેવાની સંભાવના છે.

તેમણે કહ્યું હતું કે, અલબત્ત ૧૦૦ ડોલર પ્રતિ બેરલથી મોંઘું ક્રૂડ તેલ આયાતી ફુગાવાને ઇંધણ આપે છે. પરિવહન અને ઉત્પાદન ખર્ચમાં વધારો કરે છે, ચાલુ ખાતાની ખાધને વિસ્તૃત કરે છે અને નાણાકીય સંતુલન પર તાણ લાવે છે. આનાથી વૃદ્ધિ લગભગ છ ટકાથી ૬.૬૦ ટકા સુધી ઘટી શકે છે, પરંતુ અર્થતંત્ર ભાંગી નહીં પડે.

સબસિડી અને પ્રવાહિતાના પગલાં સહિતની નીતિ સહાય ઉપરોક્ત ફટકાને હળવો બનાવી શકે છે. એકંદરે, ૨૦૨૬માં અસમાન વૃદ્ધિ અને અસ્થિર બજારો જોવા મળી શકે છે, પરંતુ વ્યાપક આર્થિક મંદી અને ચારેકોર આર્થિક હાહાકાર મચી જાય એવું નથી લાગતું, એમ તેમણે કહ્યું હતું.

એક અન્ય અર્થશાસ્ત્રીના મતે, જોખમો વાસ્તવિક છે અને નજીકના ગાળા માટે અનિશ્ચિતતા ઊભી કરે છે, જે ૨૦૨૬માં વૃદ્ધિગતિ ધીમી પાડી શકે છે, જે બજારને વિક્ષેપ પહોંચાડવાનું કારણ બને તેવી શક્યતા વધુ છે, પરંતુ અર્થતંત્ર એકધારી મંદીમાં સરી પડે એવી સંભાવના ઓછી છે.

ભારત તેની આયાત પર નિર્ભરતાને કારણે ક્રૂડ ઓઇલના ઊંચા ભાવનો સામનો કરી રહ્યું છે અને લાંબા સમય સુધી ઓઇલના આંચકાથી વૃદ્ધિ-ફુગાવા વચ્ચેના અવકાશમાં વધારો થાય છે. આમ છતાં, જ્યાં સુધી ક્રૂડ લાંબા સમય સુધી પ્રતિ બેરલ ૧૦૦ ડૉલરથી ઉપર ન ટકી રહે ત્યાં સુધી વધુ તીવ્ર નકારાત્મક અસર સંભવ નથી.

સરવાળે ક્રૂડ ઓઇલના ઊંચા ભાવ, ખાતરની અછત સાથે અલ નિનો જોખમ ૨૦૨૬માં આર્થિક વૃદ્ધિ ધીમી પાડશે અને વળતરમાં પણ ઘટાડાની સંભાવના છે, પરંતુ તે સતત આર્થિક પતન અથવા બજારમાં મંદીનો સંકેત આપતા નથી. નીતિ પ્રતિભાવ, આંચકાઓનો સમયગાળો અને કોર્પોરેટ એડેપ્ટેબિલિટી આખરી પરિણામો નક્કી કરશે. નિષ્ણાતો કહે છે કે, સાવધાની આવશ્યક છે, પરંતુ નિરાશાવાદી બનવાની જરૂર નથી. ■

---

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## હંગેરીમાં નવો સૂર્યોદયઃ તાનાશાહીના અસ્ત ને લોકતંત્રનો વિજય



બુડાપેસ્ટની ઐતિહાસિક ડેન્યુબ નદીના કિનારે ૧૨ એપ્રિલની એ રાત્રિ માત્ર હંગેરી માટે જ નહીં, પણ સમગ્ર વિશ્વના લોકશાહી ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થઈ ગઈ છે. હજારો લોકોના ગુંજતા નારા, 'યુરોપ' અને 'સ્વતંત્ર હંગેરી'ના સુરાવલીઓ અને રસ્તાઓ પર ઊતરેલો માનવ મહેરામણ માત્ર એક સામાન્ય ચૂંટણી પરિણામનો ઉત્સવ નહોતો, પરંતુ ૧૬ વર્ષની લાંબી અને દમનકારી તાનાશાહી સત્તાના અંતનો પરમ સંતોષ હતો.

વિક્ટર ઓર્બાન વિશ્વમાં 'યુરોપના તાનાશાહ' તરીકે ઓળખાતા હતા અને જેમની સત્તા અજેય મનાતી હતી, તેમનો સૂર્ય આજે આથમી ગયો છે. વિરોધ પક્ષના પ્રખર અને યુવા નેતા પીટર મેગ્યારની તિસ્ઝા પાર્ટીએ જે પ્રચંડ અને ઐતિહાસિક વિજય મેળવ્યો છે, તેમણે સાબિત કરી દીધું છે કે ભલે ગમે તેટલી તાકાત વાપરવામાં આવે, પણ અંતે જનતાનો અવાજ જ સર્વોપરી સાબિત થાય છે. આ જીત માત્ર હંગેરીની ભૌગોલિક સીમાઓ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે વિશ્વભરમાં ફેલાઈ રહેલા સરમુખત્યારશાહી વલણો અને જમણેરી પોપ્યુલિઝમ સામે લોકતંત્રનો એક વિરાટ અને પ્રેરણાદાયી વિજયઘોષ છે.

વિક્ટર ઓર્બાન ૨૦૧૦થી સતત સત્તાના સર્વોચ્ચ શિખરે બિરાજમાન હતા અને તેમણે પોતાની પકડ મજબૂત કરવા માટે સામ, દામ, દંડ અને ભેદની તમામ નીતિ અપનાવી હતી. ચાર ટર્મ સુધી એકચક્રી શાસન કરનાર ઓર્બાને પોતાની ફિડેસ પાર્ટી દ્વારા હંગેરીની લોકશાહીના પાયાના સ્તંભોને વ્યવસ્થિત રીતે હચમચાવી દીધા હતા. સંસદમાં તેમની પાસે રહેલી બે-તૃતીયાંશ બહુમતીનો અત્યંત ક્રૂર ઉપયોગ કરીને તેમણે બંધારણમાં એવા અનેક ફેરફારો કર્યા હતા જે સત્તાને માત્ર એક વ્યક્તિ અને એક પક્ષના હાથમાં કેન્દ્રિત કરે. મીડિયા પર તેમનો સંપૂર્ણ કાબૂ હતો, જેના કારણે વિરોધ પક્ષોનો અવાજ જનતા સુધી પહોંચવો લગભગ અશક્ય બની ગયો હતો. ન્યાયતંત્રની સ્વતંત્રતા પર વારંવાર તરાપ મારવામાં આવી અને ચૂંટણી પ્રક્રિયામાં પણ એવા સુધારા કરાયા જે સત્તાધારી પક્ષને જ ફાયદો કરાવે. રશિયાના વ્લાદિમીર પુતિન અને અમેરિકાના ડોનલ્ડ ટ્રમ્પ જેવા નેતાઓ સાથેના તેમના ગાઢ સંબંધોએ હંગેરીને યુરોપિયન યુનિયનની મુખ્યધારાથી અલગ પાડી દીધું હતું. ખાસ કરીને યુક્રેન યુદ્ધ દરમિયાન માનવતાવાદી અભિગમ રાખવાને બદલે રશિયા તરફી તેમનું વલણ સમગ્ર યુરોપ અને 'નાટો' સંસ્થા માટે માથાના દુખાવા સમાન અને સુરક્ષા માટે મોટું જોખમ બન્યું હતું. ઓર્બાનને આત્મવિશ્વાસ હતો કે તેમના પ્રોપગેન્ડા અને સત્તાના જોરે તેઓ કાયમ માટે સત્તામાં ટકી રહેશે, પરંતુ તે ભૂલી ગયા હતા કે જ્યારે જનતા જાગૃત થાય છે ત્યારે મોટામાં મોટા કિલ્લાઓ પણ રેતીના મહેલની જેમ ખરી પડે છે.

૧૨ એપ્રિલ ૨૦૨૬ના રોજ હંગેરીની જનતાએ જે મિજાજ અને સાહસ બતાવ્યાં તે ખરેખર અનન્ય અને અભૂતપૂર્વ હતા. દેશમાં રેકોર્ડબ્રેક ૭૯ ટકા મતદાન થયું, જે હંગેરીના ઇતિહાસમાં સર્વોચ્ચ છે અને તે દર્શાવે છે કે લોકો સત્તાના પરિવર્તન માટે કેટલા આતુર અને પ્રતિબદ્ધ હતા. પીટર મેગ્યારની તિસ્ઝા પાર્ટીએ કુલ ૫૪ ટકા મતો મેળવીને ૧૯૯ સભ્યોની સંસદમાં ૧૩૮ બેઠકો જીતી લીધી છે. આ બે-તૃતીયાંશ બહુમતી એ વાતનો પુરાવો છે કે લોકોએ ઓર્બાનની નીતિઓને સંપૂર્ણપણે નકારી કાઢી છે. આ આંકડો નવી સરકાર માટે એટલો મજબૂત છે કે તેઓ ઓર્બાને લોકશાહી વિરોધી અને વ્યક્તિગત હિત માટે જે જે કાયદાઓ ઘડ્યા હતા તેને તુરંત ઉખેડી ફેંકી શકે છે. બીજી તરફ, વર્ષો સુધી સત્તા ભોગવનાર ફિડેસ પાર્ટી માત્ર ૫૫ બેઠકો પર સમેટાઈ ગઈ છે, જે તેમના અહંકાર, ભ્રષ્ટાચાર અને સત્તાના દુરુપયોગ સામે જનતાએ આપેલો એક અત્યંત કડક અને જડબાતોડ જવાબ છે. આ પરિણામોએ દુનિયાને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે જ્યારે દેશનું અર્થતંત્ર નબળું પડે, સામાન્ય માણસ માટે મોંઘવારી અસહ્ય બની જાય અને શાસકો સામાન્ય જનતાની પીડા ભૂલીને માત્ર ભ્રષ્ટાચારમાં ડૂબી જાય, ત્યારે જનતાનો આક્રોશ કોઈપણ સરકારી પ્રચાર યંત્રથી દબાવી શકાતો નથી.

આમ પીટર મેગ્યારનો ઉદય અને તેમની આ રાજકીય સફર આ સમગ્ર લોકશાહી ક્રાંતિનો સૌથી રસપ્રદ અને પ્રેરણાદાયી ભાગ છે. એક સમયે વિક્ટર ઓર્બાનની જ છાવણીમાં મહત્ત્વના હોદ્દા પર રહેલા અને યુરોપિયન સંસદના સભ્ય રહી ચૂકેલા મેગ્યારે જ્યારે પ્રત્યક્ષ જોયું કે સરકારમાં રાષ્ટ્રહિતને બદલે માત્ર વ્યક્તિગત સ્વાર્થ, કુટુંબવાદ અને ભ્રષ્ટાચાર જ હાવી થઈ રહ્યા છે, ત્યારે તેમણે આ પદ્ધતિ વિરુદ્ધ બગાવતનું રણશિંગુ ફૂંક્યું. તેમણે 'તિસ્ઝા' નામની નવી પાર્ટીની સ્થાપના કરી અને હંગેરીને ફરીથી 'મુક્ત, લોકશાહી અને ખરા અર્થમાં યુરોપિયન' બનાવવાનું વચન આપ્યું. મેગ્યારે માત્ર લાંબાં ભાષણો આપવાને બદલે યુવાનો, શિક્ષિત મધ્યમ વર્ગ અને પરિવર્તન ઝંખતી સ્ત્રીઓની નસ પકડી. તેમણે ન્યાયતંત્રની સ્વાયત્તતા પુનઃસ્થાપિત કરવાની, યુરોપિયન યુનિયન સાથેના તૂટેલા સંબંધો ફરીથી જોડવાની અને સામાન્ય લોકોના ખિસ્સા પર જે મોંઘવારીનો ભાર છે તેને ઘટાડવાની જે વાત કરી, તેણે હંગેરીના અંધકારમય ભવિષ્યમાં નવી આશાનો સંચાર કર્યો. સરકારી મીડિયાએ તેમના પર પ્રતિબંધો મૂક્યા અને તેમને બદનામ કરવાના અનેક પ્રયત્નો કર્યા, છતાં મેગ્યારે સોશ્યલ મીડિયા અને સીધા જનસંપર્ક દ્વારા લોકોના હૃદયમાં સ્થાન બનાવી લીધું.

આ ઐતિહાસિક ચૂંટણીના વૈશ્વિક અને રાજકીય પ્રત્યાઘાતો અત્યંત ગંભીર અને દૂરોગામી સાબિત થશે. હંગેરી જે અત્યાર સુધી યુરોપિયન યુનિયન અને નાટોમાં રહીને પણ રશિયાનાં હિતોનું રક્ષણ કરતું હતું, તે હવે લોકશાહી મૂલ્યોના મજબૂત સ્તંભ તરીકે ઉભરશે. નવી સરકારના આગમન સાથે જ યુક્રેન યુદ્ધમાં યુરોપિયન દેશોની એકતા વધુ મજબૂત બનશે અને પ્રાદેશિક સુરક્ષાના મોરચે રશિયા પર નૈતિક અને વ્યૂહાત્મક દબાણ વધશે. વધુમાં, વિશ્વના જે જે દેશોમાં અત્યારે જમણેરી લોકપ્રિય નેતાઓ લોકશાહીની આડમાં પોતાની તાનાશાહી ચલાવી રહ્યા છે, તેમના માટે હંગેરીનું આ પરિણામ એક ગંભીર ચેતવણી સમાન છે. હંગેરીની જનતાએ એ સાબિત કરી દીધું છે કે રાષ્ટ્રવાદના ખોટા મોહમાં અને પ્રોપગેન્ડાના જોરે નાગરિકોની સ્વતંત્રતા અને તેમના અધિકારો છીનવી લેનારા નેતાઓને મતપેટીની તાકાત દ્વારા સત્તા પરથી ઉતારી શકાય છે. બુડાપેસ્ટની સડકો પર આ રાત્રે જે ઉલ્લાસ જોવા મળ્યો, તે માત્ર એક પક્ષની જીતનો નહોતો પણ માણસની આઝાદીના પુનર્જન્મનો હતો.

જોકે, વિજયના આ જશન પછી પીટર મેગ્યાર અને તેમની નવી સરકાર માટેનો માર્ગ ફૂલોની સેજ નથી. ૧૬ વર્ષના ઓર્બાનના શાસને દેશના વહીવટીતંત્રમાં જે ઊંડા મૂળિયાં જમાવ્યાં છે તેને જડમૂળથી દૂર કરવા, વર્ષોના ભ્રષ્ટાચારના કાદવને સાફ કરવો અને યુરોપિયન યુનિયનનાં લોકશાહી ધોરણો મુજબ હંગેરીના અર્થતંત્રને ફરીથી પાટા પર લાવવું એ અત્યંત કપરું કાર્ય છે. મેગ્યારે રાષ્ટ્રવાદ અને ઉદારવાદી લોકશાહી મૂલ્યો વચ્ચે એક એવું બારીક સંતુલન જાળવવું પડશે જે હંગેરીની પોતાની સાંસ્કૃતિક ઓળખ પણ જાળવી રાખે અને તેને આધુનિક વિશ્વ સાથે કદમ મિલાવવામાં મદદ પણ કરે. હંગેરીના લોકોએ અત્યારે જે આશા અને વિશ્વાસ તેમનામાં મૂક્યો છે, તેના પર ખરા ઊતરવું એ તેમની સૌથી મોટી પરીક્ષા હશે.

ટૂંકમાં કહી શકાય કે, હંગેરીની આ ચૂંટણીએ એક શાશ્વત સત્યને ફરીથી સ્થાપિત કર્યું છે કે કોઈ પણ સરમુખત્યાર ગમે તેટલો શક્તિશાળી હોય, તે જનતાના સામૂહિક અવાજથી ક્યારેય મોટો હોતો નથી. જ્યારે સામાન્ય માણસ પોતાના ડરને ત્યાગીને અને મૌનને તોડીને મતદાન મથક સુધી પહોંચે છે, ત્યારે મોટામાં મોટા અને અહંકારી સત્તાધીશોના સિંહાસન પણ ડોલી ઉઠે છે. આમ ૧૨ એપ્રિલ ૨૦૨૬ની એ રાત્રિ માત્ર હંગેરી માટે જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં લોકતંત્રમાં અતૂટ વિશ્વાસ રાખનારા દરેક નાગરિક માટે દિવાળીના ઉત્સવ સમાન હતી. બુડાપેસ્ટના આકાશમાં ફૂટેલા ફટાકડા અને લોકોની આંખમાં રહેલા હર્ષના આંસુ એ વાતની સાક્ષી પૂરે છે કે લોકશાહી ક્યારેક કમજોર થઈ શકે છે, દબાઈ શકે છે, પણ તે ક્યારેય મરતી નથી. હંગેરીના લોકોએ સમગ્ર વિશ્વને રસ્તો બતાવ્યો છે કે લોકશાહી ક્યારેય હારતી નથી, તે માત્ર જનતાના જાગૃત થવાની અને એક થવાની રાહ જુએ છે. હંગેરીના લોકતંત્રના આ નવસર્જનને સમગ્ર વિશ્વ અત્યારે વંદન કરી રહ્યું છે. ■

---

**આ તો સ્કેમ છે... સ્કેમ છે..!**

feedback@bombaysamachar.com
પ્રફુલ શાહ

## જાપાનમાં ડ્રાઇવર પાસે ફોન જોઈને નેતાજી સુખરામને આશ્ચર્ય થયું અને...



પંડિત સુખરામ શર્મા

ઘણીવાર વ્યક્તિ કે નેતા સમય, સંજોગ અને નિયતિના પ્રતાપે અગાઉ કોઈએ ન કર્યું હોય એ કરી બતાવે છે. દાખલા તરીકે સ્વ. વડા પ્રધાન રાજીવ ગાંધી દેશમાં રંગીન ટેલિવિઝન લાવ્યા હતા. આ સિવાય પણ ઘણા સકારાત્મક અને વિકાસલક્ષી કામકાજ થયાં હતાં એમના શાસનકાળમાં, પરંતુ સમય બદલાવા સાથે હવે તેમને બોફોર્સ કાંડ, શ્રીલંકામાં મોકલેલા ભારતીય શાંતિ રક્ષક દળ અને તમિળનાડુના શ્રીપેરામબ્દુરમાં ભયંકર બોમ્બ ધડાકામાં થયેલા કમોત બદલ યાદ કરાય છે.

આ ઉલ્લેખનું કારણ છે પંડિત સુખરામ શર્મા. એમના પૂરા નામમાં સમાયેલા શબ્દો એક અલગ જ વ્યક્તિત્વ અને આભાનો અણસાર આપે પણ... સાત વખત વિધાનસભા અને ત્રણ વાર લોકસભાની ચૂંટણી જીતનારા સુખરામ શર્માનો જન્મ ૨૭ જુલાઈ ૧૯૨૭ના રોજ હિમાચલ પ્રદેશના કોટલીમાં ૧૦ સંતાનોવાળા ગરીબ પરિવારમાં થયો હતો. દિલ્હી લો સ્કૂલમાં અભ્યાસ બાદ ૧૯૫૩ મંડી જિલ્લા અદાલતમાં વકીલ તરીકે પ્રેક્ટિસ શરૂ કરી. ૧૯૬૨માં તેઓ હિમાચલ પ્રદેશના ટેરિટોરિયલ કાઉન્સિલના સભ્ય બન્યા.

સુખરામ શર્માએ રાજકીય કારકિર્દીનો આરંભ ૧૯૬૩માં મંડી વિધાનસભા બેઠક કોંગ્રેસની ટિકિટ પર જીતીને કર્યો અને આ પ્રતિનિધિત્વ ઠેઠ ૧૯૮૪ સુધી કર્યું. ૧૯૮૪માં લોકસભા માટે ચૂંટાયા અને રાજીવ ગાંધીની સરકારમાં જુનિયર મંત્રી તરીકે પદ તરત મળી ગયો. તેમને સંરક્ષણ ઉત્પાદન અને સપ્લાય, આયોજન અને ખાદ્ય અને નાગરિક પુરવઠા મંત્રાલયમાં રાજ્ય કક્ષાના પ્રધાન તરીકેની જવાબદારી સોંપાઈ હતી. ૧૯૯૩થી ૧૯૯૬ વચ્ચે સુખરામ દૂરસંચાર યાની ટેલિકોમ્યુનિકેશન ખાતું સંભાળતા કેન્દ્રિય રાજ્ય પ્રધાનની રૂએ જ સ્વતંત્ર અખત્યાર સાથે.

આ હોદ્દા સંભાળવા દરમિયાન તેમણે ઘણું કરી નાખ્યું, લિટરલી હોં. ઘણાને યાદ નહિ હોય કે મોબાઇલ ફોન ભારતમાં લાવવા પાછળની રસપ્રદ કહાનીના હીરો સુખરામ છે. તેઓ દૂરસંચાર પ્રધાનની રુએ જાપાન ગયા હતા. તેમના ધ્યાનમાં આવ્યું કે કારમાં જાપાની ડ્રાઇવરના ખિસ્સામાં મોબાઇલ ફોન હતો. આ જોઈને તેમને વિચાર આવ્યો કે જો જાપાન પાસે આ ટેક્નોલોજી હોઈ શકે તો ભારતમાં શા માટે નહીં? જાપાનનો પ્રવાસ તો પૂરો થઈ ગયો પણ મોબાઇલ ફોન મનમાં ઘર કરી ગયો.

જોકે સુખરામ ખુદ ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીને પણ મોબાઇલ ફોન ભારતમાં આવવાનો શ્રેય આપતા હતા. રાજીવ ગાંધી ભારતમાં કમ્પ્યુટર અને ટેલિફોનને ઘરઘર પહોંચાડવા એકદમ તત્પર હતા.

સુખરામે પોતાના વિઝન વિશે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના સ્થાપક સ્વ. ધીરુભાઈ અંબાણી સાથે વાત કરી. ધીરુભાઈએ કહ્યું હતું કે એક દિવસ મોબાઇલ ટેલિફોન ઇન્ડસ્ટ્રી ખૂબ નફામાં રહેશે. આજે રિલાયન્સ જિયો દેશનો સૌથી મોટો મોબાઇલ ટેલિકોમ ઓપરેટર છે એ યોગાનુયોગ નથી જ. ધીરુભાઈમાં ગજબની દૂરંદેશી અને વેપારી કુનેહ ભારોભાર હતા.

અલબત્ત, ઘણાંને ત્યારે દેશમાં મોબાઇલ ફોન આવે એ શક્યતા જ હાસ્યાસ્પદ લાગતી હતી. સુખરામે જ હળવાશ સાથે એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે નેવુંના દાયકામાં આ પ્રકારની ટેક્નોલોજી વિશે વાત કરવામાં પણ ઘણી અડચણો હતી. એક વખત તેમણે જનસભામાં કહી દીધું કે એક દિવસ તમારાં બધાના ખિસ્સામાં મોબાઇલ ફોન હશે તો તેમની વાતને શંકાભરી નજરે જોવામાં આવી. કેટલાક લોકોએ પ્રશ્ન કર્યો કે હજી ઘરોમાં પૂરતા લેન્ડલાઇન ફોન (એ સમયે ફોન માટે અરજ કર્યા બાદ ૧૫-૨૦ વર્ષે માંડ ફોનના કાળા ડબ્બાના ઘરમાં પગલાં પડતાં હતાં) નથી અને મોબાઇલ ફોનની વાતો કરો છો?! પછીથી મોબાઇલ ફોનમાં કેમેરા પણ ફિટ થઈ ગયા એનું સુખરામને ય આશ્ચર્ય થયું હતું.

જો કે પંડિત સુખરામ શર્મા હજી ઘણાં અને મોટા આશ્ચર્ય અને આઘાત પામવાના હતા અને આપવાના પણ હતા. (ક્રમશઃ)■

## સિક્કાની ત્રીજી બાજુ

__જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# યુવાનો મહિને લાખો રૂપિયાની નોકરી કેમ જતી કરી રહ્યા છે?

### એક તરફ, અધધ રકમની જોબ યુવાનો જતી કરી રહ્યા છે તો બીજી બાજુ, સુરત- નોઈડા સહિત અનેક સ્થળોએ કર્મચારીઓ ઓછા પગારની વિરુદ્ધ હડતાળ-પ્રદર્શન કરી રહ્યા છે. કારણ શું છે?

'એક છોટી સી નૌકરી કા તલબગાર હૂં મૈં'... ' કિશોરકુમાર પોતાના પર જ ફિલ્માવાયેલા એક ગીતમાં કહે છે. ફિલ્મનું નામ પણ હતું 'નૌકરી'.

નોકરી મળવી એ ત્યારે પણ સદ્ભાગ્ય હતું, આજે પણ છે. ઉચ્ચ ડિગ્રીવાળા નવરા આંટાફેરા મારે છે, પણ તેમને જ કોઈ જોબ નથી મળતી અને અનાયાસ મળી પણ જાય તો આવા ઊંચા પગારવાળી નોકરી ને કોઈ લાત મારી દે ખરું ?

હા, બે યુવાને એવું કર્યું છે. વનેશ માળી નામના એક યુવાનને પુણેમાં એક સિનિયર પદ માટે રૂ. ૪૭ લાખના વાર્ષિક પેકેજની નોકરી નકારી કાઢી. વનેશ માળીનું કહેવું છે કે કંપની અને પગાર બંને ભવ્ય છે, પરંતુ તેને એવું લાગે છે કે આ પદ માટે જરૂરી કૌશલ્ય હજુ તેની પાસે નથી. તેનું કહેવું છે કે પદની સાથે જવાબદારી પણ આવે છે. અપેક્ષા પણ વધી જાય છે. જેટલું ઊંચું પદ, કંપનીને તેની પાસેથી તેટલી જ વધુ અપેક્ષા. આવામાં શીખવાનો સમય ઓછો મળે છે. જો પોતે પર્ફોર્મ ન કરી શક્યો તો પોતાના અને કંપની બંને માટે જોખમ.

આને લઈને સોશ્યલ મીડિયા પર બે પ્રકારના પ્રતિભાવ હતા એક વર્ગે તેની પ્રમાણિકતાની પ્રશંસા કરી તો બીજા વર્ગના લોકોએ કહ્યું કે મોટા ભાગના લોકો આવી તક નથી છોડતા. વિકાસ માટે જોખમ તો લેવું પડે. નવી જવાબદારીઓથી જ શીખવાનું મળે છે.


નોએડામાં વિરોધ

એવા દાખલા પણ જોવા મળે છે કે ઇન્ટરવ્યૂ લેનાર ઉપરી અધિકારી જે કંઈ પૂછે તેનો 'હા'માં ઉત્તર આપે અને 'ચીંધ્યું કામ પોતે શીખી જશે' એવી બાંયધરી આપીને જોબમાં જોડાઈ તો જાય પણ પછી કામ ન ફાવે ત્યારે હાથ ઊંચા કરી દે ત્યારે કંપની પાસે તેમને નભાવવા સિવાય કોઈ વિકલ્પ હોતો નથી.

નોકરી નકારવાનો બીજો કિસ્સો જરા જુદો છે. દિલ્હીના ૨૪ વર્ષના ચિરાગ મદને પ્રતિ વર્ષ રૂ. ૧૭ લાખ (એટલે કે મહિને લગભગ દોઢ લાખ રૂપિયા)ના પેકેજવાળી નોકરી છોડી દીધી. ના, વનેશની જેમ ચિરાગનું નોકરી માટે છોડવાનું કારણ જવાબદારી માટે તૈયાર ન હોવું અથવા કૌશલ્યનો અભાવ નથી. ચિરાગ માટે કારણ છે અંગત જીવન અને નોકરી વચ્ચે સંતુલન. વર્ક-લાઇફ બેલેન્સ.

નોકરી માટે જાહેરખબરમાં એવું લખાયું હતું કે સવારે નવથી સાંજના પાંચ વાગ્યાની નોકરી છે, પરંતુ ચિરાગ નોકરીમાં જોડાયો તેના થોડા જ સમયમાં, કાર્યનો સમય વધારીને સવારના નવથી રાતના સાત કરી નાખવામાં આવ્યો. સપ્તાહમાં બે દિવસ રજા મળતી હતી. તેના બદલે કામગીરી છ દિવસની કરવામાં આવી....

ચિરાગે વીડિયો ક્લિપમાં કહ્યું કે 'નોકરી છોડવાનો નિર્ણય તેણે આવેશમાં આવીને નથી લીધો, પરંતુ બરાબર વિચારીને લીધો છે. તેણે કાર્યસ્થળે જે વર્ક કલ્ચર હતું તેનું વર્ણન પણ કર્યું છે. સ્ટાફને કામનો ભાર પૂર્ણ કરવા માટે ભોજન દસથી પંદર મિનિટમાં લઈ લેવા દબાણ થતું.

બીમારી માટે રજા લેવી એ પણ ખૂબ અઘરી બની ગઈ હતી એવી રજા માટે વિસ્તૃત સ્પષ્ટીકરણ આપવું પડતું હતું.

આ ઉપરાંત. સેલ ટાર્ગેટ ઊંચો અપાતો.

૧૦ કરોડ રૂપિયાના સોદાનું લક્ષ્ય પૂરું ન થાય તો દબાણ વધતું જતું હતું અને કાર્યપ્રદર્શનની સતત સમીક્ષા થતી હતી... કંપનીઓની આવી નીતિ-રીતિ પર પણ લોકોના નેગેટિવ પ્રતિભાવ આવ્યા.

આ વાત માત્ર બેંકિંગ કે ફાઇનાન્સિયલ ઇન્સ્ટિટ્યૂટની નથી, એકંદર મોટાભાગની કંપનીઓમાં આવું જ વાતાવરણ છે. તાજેતરમાં નોઇડામાં કર્મચારીઓએ હડતાળ કરી. પોલીસ પર પથ્થરમારા સુધી વાત પહોંચી ગઈ. આવા પ્રદર્શન પછી તેમનો પગાર વધારો થયો ખરો. અહીંના કામદારોને વર્ષોથી આ કૂદકે ને ભૂસકે વધતી મોંઘવારીમાં મહિને માત્ર રૂ. ૧૦,૦૦૦થી લઈને રૂ. ૧૫,૦૦૦ મળતા હતા ! બિહાર- સુરત- માનેસર અને પાનીપતમાં પણ આવાં પ્રદર્શનો થયાં છે. પગાર ઉપરાંત રજા, કાર્યસ્થળે પીવાનું અને શૌચાલયમાં પાણી, જમવા માટે બેસવાની જગ્યા, જમવા અને ચા પીવા માટે વિરામ સહિત અનેક પ્રશ્નોને કર્મચારી અને કામદારો માટે મહત્ત્વની બની રહે છે.

આ બધું જ્યારે માથા પરથી ઉપર જાય ત્યારે નોઇડા જેવાં પ્રદર્શન અન્ય સ્થળો પર થાય એ સહજ છે. આમ એક તરફ, લોકો પગારવધારા માટે આંદોલન કરે છે અને બીજી તરફ, અંગત જીવનને અસર પડે તેવી ઊંચા પગારવાળી નોકરી યુવાનો જતી કરી રહ્યા હોય એવો જબરો વિરોધાભાસ પણ જોવા મળે છે. ■

## ઔર યે મૌસમ હંસીં...

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ગામડાં: વેકેશન પડતા જ્યાં જતા એ અત્યારે કેવી હાલતમાં હશે?

એક સમય બધાને યાદ હશે, વેકેશન પડતું એટલે મોસાળ કે વતનમાં ગામડે રહેવા જતા. થોડા સમય પહેલા હું ગામડે ગયો હતો. મારો હેતુ હતો કે જે ગામોમાં બધા મામા અથવા કાકાઓ હોય એ ગમતા ગામની હાલત આજે કેવી છે એ જોઉં તો ખરો...

આધુનિક યુગમાં શહેરોમાં પ્રદૂષણ, ટ્રાફિક અને અશાંતિ છે, ચોવીસ કલાક ઇન્ડસ્ટ્રી અને વિકાસની વાતો વચ્ચે જમીનમાંથી નીકળતું પાણી લાલ કલરનું પ્રદૂષિત થવા લાગ્યું છે. ગામડાની સ્વચ્છ હવાપાણી અમૂલ્ય વરદાન જેવા લાગ્યા. હવા અને પાણી કરતાં એ ધરતીની માટીને સ્પર્શવું વધુ ગમ્યું. વર્ષો પછી હાથમાં ઢેફું લઈને વહાલ કર્યું. થોડા દિવસ અગાઉ કોઈ સ્વામીજી માટી બચાવો આંદોલન કરી રહ્યા હતા એ માટી હાથમાં લીધી ત્યારે એનું મહત્ત્વ સમજાયું.

હજુ કળાના નામ પર જે કંઈ કારીગરી બચી છે એ માટલા, ઘડા, કૂંડા કે દીવડા બનાવવામાં જોવા મળી છે એ જોઈને ગમ્યું. હજુ થોડું ઘણું સચવાયેલું છે એની ખુશી થઇ. હા, નજર સામે બનેલા ઘડામાં પાણી વધુ સમય ઠંડું રહેતું હોય એવી લાગણી થઇ કદાચ પાણી કરતાં માટલામાં મને વધુ મીઠાશ હોય એવી અનુભૂતિ થઇ. જોકે આ કળા પણ હવે ખતમ થઇ રહી છે.

અને હા, પાણીની ઠંડક વચ્ચે ગામનું સૌંદર્યને વધારનારા હતા દેશી વૃક્ષો. આમલી, લીમડો, પીપળો અને વડ... આ બધાં વૃક્ષો ગામના ખભે ઊભાં રહીને પેઢીઓથી છાયા અને આશ્રય આપે છે. ઉનાળાની તપતી બપોરે જ્યારે સૂર્યકિરણો આગ વરસાવતા હોય ત્યારે આ વૃક્ષોની છાયામાં બેસવાની મજા અલગ હતી. ઘરના વડવાઓ સાથે બપોરે કોઈ ઝાડ નીચે ખાટલા પર બેઠા હોય એવું યાદ આવે છે? લીમડાના પાંદડાની તાજી સુગંધ, આમલીના પાકેલા ફળની મજા અને પીપળા કે વડની વિશાળ છાયા આશ્રમમાં બેઠા હોય એવું લાગતું, હકીકત એ છે કે છેલ્લા દાયકાની અસહ્ય ગરમીમાં આ મોજ ગાયબ થવા લાગી છે.

હા, એક આટો માર્યો, તળાવકિનારે. તળાવ કિનારા પર ઊભા રહીને દૂર સુધી પથ્થર નાખવો. તળાવના કિનારે ઊભા રહો તો હજુ પણ ઠંડો અને




ભીનો પવન ચહેરા પર વહી જાય છે, એરકન્ડીશન્ડ હવા કરતાં વધુ મીઠડો અને તાજગીભર્યો હતો. સમસ્યા એ જોવા મળી કે હવે દિવસમાં તળાવ કિનારે કોઈ જોવા મળતું નથી. ઘણાખરા ઘરોમાં એસીની હવા છે. હા, એવા પણ ઘર છે જ્યાં છાપરા પર તાડપત્રીનો સહારો છે. એ ઘર સમય સાથે આગળ વધ્યા નથી પણ ત્યાં જ ઊભા છે જ્યાં એમને દાયકાઓ પહેલા છોડ્યા હતા.

વેકેશનમાં તળાવ કિનારે એકાદ કલાક બેસીને એ સ્મરણો અને વડીલોને યાદ કરવા જેવા છે. તળાવકિનારા પર ગામના દેવીની સ્થાપના હોય, કદાચ નવી પેઢીને ખબર નહીં હોય. દરેક ગામમાં ગ્રામ્યદેવી હોય, મોટેભાગે ગામના પ્રવેશ પર હોય અથવા તળાવકિનારા પર નાનકડી દેરી હોય. હા, આજે પણ મંદિરોના નાના- મોટા સ્થાપત્યો બચ્યા છે, પણ મોટાભાગના મંદિરો કે ધાર્મિક સ્થાનો પર પૂજાપાઠ કરવા માટે લાયક વ્યક્તિઓ પણ નથી રહી. સવારની આરતી અને ગીતો ફક્ત ફિલ્મોમાં જ બચ્યા છે. આરતી માટે પણ ભંડોળની ક્ષમતા મુજબ મશીનની વ્યવસ્થા થવા લાગી છે.

સવારના સમયે જ્યારે સૂર્યના પહેલા કિરણો ગામ પર પડે ત્યારે બળદગાડાના પૈડાંનો ઘરઘરાટ અને ખેડૂતોની હાક પાડવાનો અવાજ સંભળાતો હતો. સાંજ પડતાં ગાયો ઘરે પાછી ફરતી અને તેમની ગળામાં બંધાયેલી ઘંટડીઓનો મીઠો અવાજ ગામની ગલીઓમાં ફેલાઈ જતો. ગામમાં એક પવિત્ર વાતાવરણ ઊભું થતું. આ બધું ફક્ત સિનેમામાં જોવા મળે. આજે પણ અવાજોમાં ફરક છે. ફરક એટલો જ થયો છે કે એ મોબાઈલની રિંગટોન અને ટ્રેક્ટરની હોર્નમાં વટલાઈ ગયાં છે. આધુનિકતા આવી છે, પણ ગામડાઓએ આવકારી છે. ગાય અને ભેંસ લુપ્ત થવા લાગ્યા છે એ ચિંતાનો વિષય છે.

એકવાર કોલેજમાં ભણતા યુવાનોને ચરોતરમાં એક ગામની ડેરીમાં લઇ ગયો હતો, જ્યાં દૂધ જમા કરાવવા લોકો આવે. ફેટ મુજબ દરેકના ખાતામાં પૈસા આવે એવી ચર્ચા વચ્ચે મોટાભાગના આ યુવાનોને પહેલીવાર ખબર પડી કે દૂધ આ રીતે જમા કરાવવાનું હોય, એમને એવો જ ખ્યાલ હતો કે દૂધ ફેક્ટરીમાં બનતું હોય છે.

હા, ગામનું હૃદય હોય છે નાનકડું બસસ્ટેન્ડ. લગભગ એ જ હાલતમાં છે. સાદી, છતવાળી બેન્ચ, પાણીની ટાંકી અને ધૂળિયા રસ્તાની બાજુમાં આવેલું આ બસસ્ટેન્ડ ગામની આજેય લાગણીનું મથક છે. સવારથી જ હલચલ ચાલુ થાય પણ બપોર સુધી અહીં એક વડીલની ભજિયાની નાનકડી દુકાન વર્ષોથી ચાલે છે. વર્ષોથી આ જ જગ્યાએ બેસીને ગરમાગરમ ભજિયા તળે છે; કડક, મસાલેદાર અને સુગંધથી ભરપૂર તેમના હાથમાં જાદુ છે. એક પ્લેટ ભજિયા સાથે ચાનો કપ ભલભલા તણાવને દૂર કરવા સક્ષમ છે. ખેડૂતો ખેતરેથી પાછા આવતાં સાઈકલ કે ટ્રેક્ટર પરથી ઊતરીને અહીં ઊભા રહી જાય છે. બહારગામથી આવતા અમારા જેવા વતની પણ ભજિયા માટે પેટમાં થોડી જગા રિઝર્વ રાખી મૂકે.

આ બસસ્ટેન્ડ પર માત્ર ભજિયા જ નહીં, લાગણીઓની પણ એક અલગ જ દુનિયા બનાવે છે. અહીં વર્ષોથી વડીલો બાંકડે કે ચોતરે બેસીને વેકેશનમાં પોતાના સ્વજનની રાહ જોતા હોય છે. કોઈના દીકરા-વહુ કે પછી દીકરી શહેરથી વેકેશન ગાળવા આવવાના હોય, તેમની આંખોમાં ઉત્સાહ અને અધીરાઈ છલકાતી દેખાતી હોય. જ્યારે બસ આવે અને તેમના પરિવારના સભ્યો ઊતરે ત્યારે તેમના ચહેરા પર જે ખુશી છવાઈ જાય છે, તે જોવા જેવી હોય છે. ઊભા થઈને આવ્યા? બાળકો ક્યાં છે? હવે બસમાં આવનારાની સંખ્યા ઘટવા લાગી છે. નાની-નાની લાગણીઓ જ અમારા બસસ્ટેન્ડને જીવંત બનાવી દે છે. સાંજ પડતાં જ આ જ બસસ્ટેન્ડનો ચહેરો બદલાઈ જાય છે. ભજિયાની દુકાન સમેટાઈ જાય છે અને તેની જગ્યાએ એક આધુનિક, રંગબેરંગી મંચુરિયન અને નુડલ્સ સાથે ચાઇનીસ લારી આવીને ગોઠવાઈ જાય છે. ■

**ધ એન્ડ:**

*તમે જ્યાં છો ત્યાંથી શરૂઆત કરો, જે છે તેનો ઉપયોગ કરો અને જે કરી શકો છો એ જ કરો. (વિખ્યાત ટેનિસ ખેલાડી આર્થર એશ)*

## શરદ જોશી સ્પીકિંગ

___સંજય છેલ
feedback@bombaysamachar.com

# ઉફ્ફ, નેતાઓનાં આવાં નિવેદન...



એક તો રાજકારણને ઓળખવું મુશ્કેલ છે અને એના કરતાં વધારે મુશ્કેલ છે નેતાઓનાં નિવેદનોને સમજવાં!

નેતાઓનાં નિવેદન જાણે કે નિવેદન નહીં, પણ હીલ સ્ટેશનું હવામાન હોય એમ સવારે અલગ અને સાંજે અલગ હોય. એ નિવેદન નહીં- જાણે હવામાનની આગાહી થઈ. નેતાનો પહેરવેશ બદલાય તો પણ ઠીક છે, અહીંયા તો આત્મા જ બદલાય જાય છે. શબ્દો પર સ્થળ અને કાળનો પ્રભાવ જોવો હોય તો નેતાઓનાં બદલાતાં નિવેદનોનો અભ્યાસ કરો. ગંગા ગયા તો ગંગાના સમર્થનમાં અને યમુના ગયા તો દેખીતી રીતે શબ્દોમાં યમુનાના વખાણ હોય...

સાથે સાથે એ પણ કહી દે કે ગંગા માટે મેં જે કંઈ કહ્યું હતું, મારો કહેવાનો મતલબ એ નહોતો...!

મુંબઈમાં કંઈ કહ્યું હોય એ દિલ્હીમાં જાય એટલે બદલાઈ જાય છે અને ફરી મુંબઈ આવે એટલે પાછું એ બદલાય છે. નિવેદન નહીં જાણે, ધંધાવાળી સ્ત્રીની વફાદારી થઈ!

વાહિયાત હાસ્ય નાટકોમાં ઘણી વાર ડાયલોગ દ્વિઅર્થી હોય છે, પણ વાક્યના બંને અર્થ એક જ વખતમાં સ્પષ્ટ થઈ જાય છે એ એનો એક ખાસ ગુણ છે જેને આપણે માનવો પડે. જોકે નેતાઓનાં નિવેદનની વિશેષતા એ છે કે એમણે કહેલાં વાક્યનો બીજો અર્થ ચોવીસ કલાક પછી ખબર પડે છે અને એ જ છાપામાંથી જાણવા મળે, જેમાં કાલે એ જ વાક્યનો પહેલો અર્થ ખબર પડી હતી.

નેતાના મોંમાંથી નીકળેલા શબ્દોમાં ઘણી તાકાત હોય છે. તે હોય છે છતાં પણ તે નથી હોતા. શબ્દોની પ્રકૃતિ હવા જેવી હોય છે. હવાની જેમ કોઈ પણ દિશામાં વહી જાય. એનો રંગ પાણી જેવો છે.

જે રંગમાં ભેળવો એવા રંગનું થઈ જાય. એનું સ્વરૂપ આકાશ જેવું છે, જે તમારાથી પકડી ન શકાય. તે આગ જેવા ભડકતા અને ભયાનક લાગે છે, પણ ફૂંકથી લઈ ફાયર બ્રિગેડ એને સરળતાથી ઓલવી શકે છે.

તે ખૂબ જ વાસ્તવિક લાગે છે એટલે કે એકદમ પોતાની માટીથી જોડાયેલા લાગે છે, પણ એટલાં ક્ષણિક હોય છે કે ક્યારે પાછા માટીમાં ભળી જાય કહી ના શકાય. આમ આખી વાત પંચતત્ત્વોની છે, પણ વિશ્લેષણ કરો તો બીજાં તત્ત્વો પણ શોધી શકાય! દિલ્હીનું વલણ, રાજકીય પક્ષની છબી, વિરોધીઓનો વિરોધ, મૂર્ખતાની અનુભૂતિ, આસપાસનું દબાણ વગેરે અનેક તત્ત્વોની તપાસ નેતાઓનાં નિવેદનોમાં કરી શકાય છે.

નિયમ એ હોવો જોઈએ કે જે દિવસે નેતા સનસનાટીભર્યું નિવેદન આપે એ દિવસે એને વાંચો પણ એને ગંભીરતાથી લેવાનું નહીં. ચોવીસ કલાક રાહ જુઓ. નિવેદન બદલાશે અથવા નિવેદનનો અર્થ બદલશે. નહીં બદલાય તો બની શકે કે નેતા જ બદલાઈ જાય!

એક છીછરા શબ્દ માટે છૂટ આપો તો હું કહીશ કે નેતાના વાક્યોમાં 'શબ્દ' મને પોતાની એસી- તેસી કરાવતા લાગે છે! ■

## તસવીરની આરપાર

___ભાટી એન.
feedback@bombaysamachar.com

# ફ્લેમિંગો: સદાબહાર સુંદર પક્ષી

દુનિયામાં પક્ષીઓ વિવિધ પ્રકારનાં હોય છે પણ તેમાંનું બ્યુટીફૂલ પક્ષી હોય તો તે સુરખાબ છે, જે કચ્છનાં નાના રણમાં અને પોરબંદર જેવા શહેરમાં હજારોની સંખ્યામાં જોવા મળે છે. આછી ગુલાબી ચાદર પાથરી હોય તેવી અનુભૂતિ તંતોતંત થાય છે.

સુરખાબ ફ્લેમિંગો ફોનિકોપ્ટેરિડે પરિવારમાં એક પ્રકારનું વેડિંગ પક્ષી છે, જે ફોનિકોપ્ટેરિફોર્મ્સ ક્રમમાં એકમાત્ર અસ્તિત્વમાં રહેલું કુટુંબ છે. સમગ્ર અમેરિકામાં (કેરેબિયન સહિત) વિતરીત ચાર ફ્લેમિંગો પ્રજાતિઓ છે. ફ્લેમિંગો સર્વભક્ષી પ્રાણીઓ છે જે ખારા ઝીંગા, સાયનોબેક્ટેરિયા, લાર્વા, જંતુઓ, મોલસ્ક અને ક્રસ્ટેશિયન્સને ફિલ્ટર કરીને ખાય છે.

તેમની ચાંચ ખોરાકમાંથી કાદવ અને કાંપને અલગ કરવા માટે અનુકૂળ હોય છે અને તેનો વિશિષ્ટ રીતે ઊંધો ઉપયોગ થાય છે. ખોરાકને ફિલ્ટર કરવામાં લેમેલી નામની રુવાંટીવાળી રચનાઓ દ્વારા મદદ મળે છે, જે મેન્ડિબલને રેખાંકિત કરે છે અને તેમની મોટી, ખરબચડી જીભ. ઝડપથી તેમના માથાને પાછું ખેંચીને, ફ્લેમિંગો વમળ ઉત્પન્ન કરે છે જે કાંપ અને ઝીંગાને ઉત્તેજિત કરે છે.

ફ્લેમિંગો તેમની ચાંચને બકબક કરીને દિશાત્મક પ્રવાહોને વધુ પ્રેરિત કરે છે, જ્યારે તેમના પગ



નીચે જવાથી અપૃષ્ઠવંશી પ્રાણીઓને ફસાવવા માટે એડીઝ બને છે.

ફ્લેમિંગોનો ગુલાબી કે લાલ રંગ તેમના પ્રાણી અને વનસ્પતિ પ્લાન્કટોનના આહારમાં રહેલા કેરોટીનોઇડ્સમાંથી આવે છે. અમેરિકન ફ્લેમિંગો તેમના ખોરાકમાં બીટા કેરોટીનની ઉપલબ્ધતાને કારણે તેજસ્વી લાલ રંગના હોય છે જ્યારે ઓછા ફ્લેમિંગો આ રંગદ્રવ્યની ઓછી માત્રાને કારણે નિસ્તેજ ગુલાબી હોય છે.

આ કેરોટીનોઇડ્સ લીવર ઉત્સેચકો દ્વારા રંગદ્રવ્યોમાં વિભાજિત થાય છે. આનો સ્રોત પ્રજાતિઓ દ્વારા બદલાય છે અને રંગ સંતૃપ્તિને અસર કરે છે. ફ્લેમિંગો જેનો એકમાત્ર ખોરાક વાદળી-લીલો શેવાળ છે.

ફ્લેમિંગો ખૂબ જ સામાજિક પક્ષીઓ છે; તેઓ વસાહતોમાં રહે છે. જેમની વસ્તી હજારોમાં હોઈ શકે છે. આ મોટી વસાહતો ફ્લેમિંગો માટે ત્રણ હેતુઓ પૂરા પાડે છે તેવું માનવામાં આવે છે: શિકારીઓથી બચવું, ખોરાકનું સેવન મહત્તમ કરવું અને દુર્લભયોગ્ય માળાનાં સ્થળોનો વધુ કાર્યક્ષમ રીતે ઉપયોગ કરવો. સંવર્ધન પહેલાં, ફ્લેમિંગો વસાહતો લગભગ ૧૫ થી ૫૦ પક્ષીઓના સંવર્ધન જૂથોમાં વિભાજિત થાય છે. આ જૂથોમાં નર અને માદા બંને સુમેળભર્યા ધાર્મિક પ્રદર્શનો કરે છે. જૂથના સભ્યો એક સાથે ઊભા રહે છે અને એકબીજાને તેમની ગરદન ઉપર તરફ લંબાવીને, પછી માથાને ધ્વજવંદન કરતી વખતે બૂમ પાડે છે અને પછી તેમની પાંખો ફફડાવે છે, પ્રદર્શનો કોઈ વ્યક્તિ તરફ નિર્દેશિત નથી લાગતા, પરંતુ રેન્ડમ રીતે થાય છે.

આ પ્રદર્શનો 'સિંક્રનસ માળો'ને ઉત્તેજીત કરે છે અને તે પક્ષીઓને જોડી બનાવવામાં મદદ કરે છે જેમને પહેલાથી સાથી નથી, ફ્લેમિંગો મજબૂત જોડી બંધન બનાવે છે. જોકે મોટી વસાહતોમાં, ફ્લેમિંગો ક્યારેક સાથી બદલી નાખે છે, કદાચ કારણ કે વધુ સાથી પસંદ કરવા માટે ઉપલબ્ધ હોય છે. ફ્લેમિંગો જોડીઓ માળો બનાવવાના પ્રદેશો સ્થાપિત કરે છે અને તેનું રક્ષણ કરે છે. તેઓ માળો બનાવવા માટે કાદવના ફ્લેટ પર યોગ્ય સ્થાન શોધે છે (માદા સામાન્ય રીતે સ્થળ પસંદ કરે છે. માળો બાંધતી વખતે સામાન્ય રીતે સંભોગ થાય છે, જે ક્યારેક બીજી ફ્લેમિંગો જોડી દ્વારા તેમના ઉપયોગ માટે માળો બનાવવાના સ્થળ પર કબજો કરવાનો પ્રયાસ કરવામાં વિક્ષેપિત થાય છે.

ફ્લેમિંગો આક્રમક રીતે તેમના માળાનાં સ્થળોનો બચાવ કરે છે. નર અને માદા બંને માળો બનાવવામાં અને માળો અને ઇંડાનું રક્ષણ કરવામાં ફાળો આપે છે. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## યશોમતિ મૈયાસે બોલે નંદલાલા...



સંઘર્યો સાપ પણ કામ આવે કે ચપટી ધૂળ પણ કામ લાગે અને જૂનું એટલું સોનું તેમ જ હાથી જીવતો લાખનો, મરે તો સવા લાખનો જેવી કહેવતોથી 'મુંબઈ સમાચાર'ના વાચકો વાકેફ છે જ. કોઈ વસ્તુ ક્યારે કેટલી ઉપયોગી સાબિત થાય કે લાંબા સમય પછી વસ્તુનું મૂલ્ય આંખો પહોળી થઈ જાય એટલું વધી જાય એ એનો ભાવાર્થ છે. આપણા વિશ્વવિખ્યાત ચિત્રકાર રાજા રવિ વર્માના ઓગણીસમી સદીના પેન્ટિંગ 'યશોદા અને કૃષ્ણ'ના તાજેતરમાં થયેલા લિલામમાં ૧૬૭ કરોડ રૂપિયા ઉપજ્યા. ભારતીય પેન્ટિંગના ઉપજેલા દામનો આ રેકોર્ડ છે. આ સાથે ગયા વર્ષે પેન્ટર એમ.એફ. હુસેનના ગ્રામ યાત્રા પેન્ટિંગનો લિલામીનો રેકોર્ડ (૧૩.૭ મિલિયન ડૉલર - આશરે ૧૧૭ કરોડ રૂપિયા) તૂટી ગયો છે. રવિ વર્માના ચિત્રમાં યશોદા મૈયા ગાયને દોહી રહ્યાં છે અને બાલકૃષ્ણ હાથમાં પવાલો લઈ રાહ જોઈ રહેલા દેખાય છે. લાલાની આંખોમાં રમતિયાળ ભાવ આબાદ ઊપસી આવ્યા છે. પાંચ વર્ષ પહેલાં વીસમી સદીના મહાન સ્પેનિશ ચિત્રકાર પાબ્લો પિકાસોની ૧૪૦મી જન્મજયંતી વખતે તેમની માસ્ટરપીસ કળાકૃતિઓના લાસ વેગસની પ્રખ્યાત હોટેલ અને કસીનોમાં લિલામી વેચાણ થયું ત્યારે અધધ અહીં શકાય એવા ૧૦ કરોડ ૮૯ લાખ ડૉલર ઉપજ્યા હતા. અચરજની વાત એ છે કે એક યુવતીના રેડ - ઑરેન્જ કેપના પોર્ટ્રેટના જ ચાર કરોડ ડૉલર આવ્યા. કલાકૃતિના શોખીનોના ખિસ્સા એટલા પહોળા અને એટલા ઊંડા હોય છે કે એની બોલી છાપરું ફાડીને આસમાનમાં વિહરવા લાગે છે.

## પંખીડા તું ઊડી જાજે કતાર દેશ રે...



યુએસ-ઈઝરાયલ - ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે કેટલાક લોકો નવાણિયા કૂટાઈ ગયા છે એમાં આરબ દેશ કતારનો પણ સમાવેશ છે. કતારની રાજધાની દોહામાં અદ્યતન સગવડ ધરાવતી હોસ્પિટલમાં મોડર્ન સર્જરીમાં ઉપયોગમાં લેવાતા હાઈ ટેક સાધનો સાથે નર્સ, ડોક્ટર, વોર્ડબોય વગેરેની સતત ચહલપહલ જોવા મળે છે, પણ આ હોસ્પિટલમાં માનવ દરદી નથી, અહીં બાજ કે શકરા (ફાલ્કન) તરીકે ઓળખાતું શિકારી પક્ષી ચારેકોર જોવા મળે છે. વર્તમાન તણાવપૂર્ણ પરિસ્થિતિમાં પણ પક્ષીની ચાકરીમાં કોઈ બાંધછોડ નથી કરવામાં આવી. તાજેતરનાં વર્ષોમાં આ પક્ષીની ડિમાન્ડ વધી છે અને એને માટે યોજાતી રેસ અને બ્યુટી કોન્ટેસ્ટના પ્રમાણમાં વધારો જોવા મળી રહ્યો છે. ફાલ્કન માંદું પડે કે એને કોઈ શારીરિક ઈજા થાય તો એને હોસ્પિટલમાં લાવવામાં આવે છે, જ્યાં એનું ચેકઅપ, મેડિકલ ટેસ્ટ, પીંછાં બદલવા, ઓર્થોપેડિક સર્જરી કરવી વગેરે ચીવટપૂર્વક કરવામાં આવે છે. માનવ દરદી માટે જે હદે કાળજી લેવાય એટલી જ કદાચ એથી વધુ કાળજી આ પક્ષીની રાખવામાં આવે છે. ફાલ્કનના નહોરને આકાર આપવા (નેઈલ ફાઈલિંગ) પર વિશેષ ધ્યાન અપાય છે, કારણ કે રણમાં ઉડાઉડ કરતાં આ પંખીને દોહાની ગગનચુંબી - વૈભવશાળી ઈમારતમાં પોતાના નહોર ફિટ બેસે એવી જગ્યા સહેલાઈથી નથી મળતી. માનવ દરદી માટે જેમ બ્લડ બેન્ક હોય એમ અહીં ફાલ્કન માટે ફેધર્સ બેન્ક - પીંછાની બેન્ક છે. 'પંખીડા તું ઊડી જાજે કતાર દેશ રે...' એવું ગીત ત્યાં ગવડાવવું જોઈએ, નહીં!

## પ્રેમિકા પંત બની Girl friend Pant




અનુવાદ આસાન કામ નથી. ભાષા પર ગજબનાક પ્રભુત્વ ધરાવતા મધુ રાયે લખ્યું છે કે 'અનુવાદ એટલે ઇન્વર્ટેડ કારપેટ. અનુવાદ એટલે ઊંધી જાજમ. મૂળ લખાણનો અનુવાદ વાંચીએ ત્યારે વેલબુટા ભરેલી રમ્ય જાજમને ઊંધી કરીને જોતા હોઈએ એવું લાગે. સવળી બાજુનો નયનરમ્ય ભાગ ઊંધો કરતાં ભરતનો બરછટ ભાગ દેખાય, મૂળ ડિઝાઇન કેવી હશે તેનો અંદાજ આવે, પરંતુ મૂળનું સૌંદર્ય ન દેખાય.' જોકે, અનેકવાર એવા અનુવાદ જોવા મળે છે કે કપાળ કૂટવાનું મન થાય. અંગ્રેજીમાં એક રૂઢિપ્રયોગ છે Lost in translation- મતલબ ભાષાંતર કરતી વખતે ગેરસમજ થવી કે મૂળ વાતનો અર્થ કે ભાવ ગોટે ચડી જવો.

મધ્ય પ્રદેશના ગુના શહેરમાં આનો એક અજાયબ કિસ્સો જાહેરમાં આવ્યો છે. અનુવાદમાં લાપરવાહીને કારણે નગરપાલિકા હાંસીને પાત્ર બની છે. થયું એવું કે જનગણના માટે નગરપાલિકા દ્વારા ૩૬ કર્મચારીઓને નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૧૭થી ૧૯ એપ્રિલ દરમિયાન એક કોલેજમાં તૈયાર કરવામાં આવેલી એક યાદી પર કેટલાક લોકોની નજર પડી તો કેટલાક લોકો સ્તબ્ધ થઈ ગયા, અમુક ખડખડાટ હસવા માંડ્યા તો 'યે ક્યા હો રહા હૈ' જેવો ભાવ પણ નજરે પડ્યો. એક યુઝર આઈડીમાં Girlfriend Pant લખવામાં આવ્યું હતું. સોશ્યલ મીડિયામાં આ ઉદાહરણ વાયરલ થઈ ગયું અને સાબદા થયેલા તંત્રએ તપાસનો આદેશ આપતા ખબર પડી કે વ્યક્તિનું અસલી નામ 'પ્રેમિકા પંત' છે જેનો અંગ્રેજી અનુવાદ કોઈ ભેજાગેપ વ્યક્તિએ પ્રેમિકાનું ગર્લફ્રેન્ડ કરી નાખ્યો. લખનારે તો લખી નાખ્યું, પણ વરિષ્ઠ અધિકારીએ યાદી ચકાસ્યા વિના જ ઓકેની સાઈન પણ કરી દીધી. અર્થનો અનર્થ થઈ ગયો. પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં સુનીલ કર્માકર નામની વ્યક્તિને વોટર કાર્ડ મળ્યું એમાં એમની તસવીરને બદલે શ્વાનનો ચહેરો નજરે પડ્યો. જોકે, ચૂંટણી પંચે માફી માગી ભૂલ સુધારી લીધી છે.

## પ્રેમનો માર્ગ છે રોજગારનો, છે બેકારનું કામ જો ને



'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને' ભક્તકવિ પ્રીતમદાસની આ પંક્તિમાં ભક્તિ માટે સાહસની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. જોકે, ચીનના નોકરી વાંછુકોમાં આ પંક્તિ અલગ ભાવ સાથે પ્રચલિત થઈ હોય એવું લાગે છે. દેશનો યુવાવર્ગ નોકરી મેળવવા ઓફિસના આંટાફેરા મારવાને બદલે ડેટિંગ ઍપ્સ (પ્રેમીપાત્ર મેળવવાની સુવિધા) પર આંગળીઓને નર્તન કરાવી રહ્યો છે. તેમની આ પ્રવૃત્તિ જોઈ પ્રીતમદાસની પંક્તિ 'પ્રેમનો માર્ગ છે રોજગારનો, છે બેકારનું કામ જો ને' સ્વરૂપમાં કહેવી જોઈએ એવું નથી લાગતું? ચીનની સરકારી નીતિઓને કારણે લિંક્ડઇન અને ઈન - કરિયર જેવા પ્રોફેશનલ પ્લેટફોર્મ્સ દૂર કરી દેવામાં આવતા લોકોમાં નેટવર્કિંગની વિમાસણ ઊભી થઈ છે. આ વાતાવરણમાં ટિંડર, બમ્બલ અને ફેસબુક જેવા દિલસે મિલે દિલ માટેના ડેટિંગ પ્લેટફોર્મ્સ રોજગારના નવા અડ્ડા બની ગયા છે.

'સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ' નામના અખબારના અહેવાલ અનુસાર આ પ્લેટફોર્મ પર યુવતીઓ ડેટ્સ પર જવાને બદલે 'કંપનીમાં મારી નોકરીનું કંઈક ગોઠવી આપો ને' જેવી વિનવણીઓ કરી રહી છે. વાત એ હદે આગળ વધી કે નવા ઉમેદવારને શોધી રહેલી એક કંપનીના એચઆર ડિપાર્ટમેન્ટે ડેટિંગ ઍપ પરથી જ ઉમેદવારની નોકરીનું પાકું કરી નાખ્યું. હવે તો અનેક યંગસ્ટર્સ ડેટિંગ ઍપને રોજગાર શોધવાના સાધન તરીકે વાપરી રહ્યા છે અને કંપનીઓ પણ ચાંપતી નજર રાખી રહી છે. કહે છે ને કે બધા દરવાજા બંધ થયા પછી એક અણધાર્યો નવો દરવાજો ખૂલી જતો હોય છે. રોમેન્સને બદલે રેઝ્યુમે (પ્રેમને બદલે નોકરીની અરજી)ને પ્રાધાન્ય અપાઈ રહ્યું છે.

## લ્યો કરો વાત

*એકવીસમી સદીમાં વિજ્ઞાનનો પ્રભાવ પોલીસ - ગુનેગારની દુનિયામાં પણ જોવા મળી રહ્યો છે. 'સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ' નામના અખબારના અહેવાલ મુજબ પોલીસ મચ્છરની મળેલી મદદને કારણે ગુનેગારનું પગેરું શોધી એને પકડવામાં સફળ રહી હતી.*

*બન્યું એવું કે ઘરફોડી કરી ચોર કિંમતી માલ સામાન ઉઠાવી પલાયન થઈ ગયો. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું કે હાથ સફાઈ કરી લીધા પછી ભૂખ્યા - થાક્યા ચોરે નુડલ્સ બનાવી ખાધા અને મચ્છરથી રક્ષણ મેળવવા મોસ્કિટો કોઈલ સળગાવી બ્લેન્કેટ ઓઢી ઊંઘી ગયો હતો. પોલીસને બે મચ્છર મરેલા અને રૂમની ભીંત પર લોહીના ડાઘ નજરે પડ્યા. ડાઘ તાજા હોવાથી એ લોહી ચોરનું હોવાનું અનુમાન બાંધી પોલીસે એને ડીએનએ ટેસ્ટિંગ માટે મોકલી આપ્યું. રિપોર્ટમાં જાણવા મળ્યું કે એ લોહી નામચીન ગુનેગારનું હતું અને પોલીસે એની ધરપકડ કરી. પૂછતાછમાં ગુનેગારે એ અને અન્ય ચાર ઘરફોડીની કબૂલાત કરી. આમ મચ્છરે પાંચ ઘરફોડીનો ભેદ ઉકેલી નાખ્યો.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**'લોકલ ફોર વોકલ'ની દેશી વ્યાખ્યા શું?**
* પોળમાં પિયર અને પોળમાં સાસરું...

**બોલે એને શું કહેવાય?**
* ગુજરાતીમાં બોલર...

**ક્રિકેટની સાથે શું રમી શકાય ?**
* સટ્ટો...

**શું કળી ના શકાય?**
* સ્ત્રીનું રુદન- પુરુષનું મૌન ને નેતાનું વલણ...

**મન હોય તો માળવે જવાય. મન ના હોય તો?**
* ઘેર ચૂપચાપ પડયા રહેવાનું...

**રોપણમાં સારું અને ખરાબ શું?**
* વૃક્ષારોપણ સારું અને દોષારોપણ ખરાબ...

**કેટલી રેખા જાણીતી છે?**
* હસ્ત રેખા- લક્ષ્મણ રેખા અને અમિતાભવાળી રેખા!

**સંકલ્પ ક્યારે તૂટે?**
* સંકલ્પ લીધા પછી...

**સૌને ગમે એ રોકાણ કયું?**
* રાત્રિ રોકાણ...

**જાણીતા કેવી રીતે થવાય?**
* પારકા પૈસે જલસા કરીને...

**રાજમાતાના પતિને શું કહેવાય?**
* રાષ્ટ્ર પતિ...

**નાકમાંથી નસકોરા બોલે. તો કાનમાંથી?**
* તમરાં...

**ઘરમાં પગ ના ટકે તો?**
* -તો બહાર ટાંટિયા તૂટે...

કચ્છી ચોવક__કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# હિન્દુ - મુસ્લિમ -શીખ-ઈસાઈ બધામાં કહેવત છે સમાઈ!

હિન્દુ ધર્મમાં 'પુરાણો'નું ખૂબ મહત્ત્વ છે. ભારત વર્ષના વ્યવહારિક જીવન પદ્ધતિના ઘડતરમાં પુરાણોનો સિંહફાળો છે. બધા મળીને ૧૮ પુરાણ છે. તેમાંના મોટાભાગના પુરાણોમાં કહેવતોના પ્રયોગ થયા હોવાનું વાંચવા મળે છે. અથવા તો ત્યાંથી કહેવતોનો પ્રાદુર્ભાવ થયો હોઈ શકે! એક કહેવત છેઃ 'સતાં સાપ્તપદં મૈત્રમ્' એટલે કે 'સાત પગલાં સાથે ચાલનાર મિત્ર બની જાય છે.' તો ચાણક્ય સૂત્ર નામના નીતિગ્રંથમાં 'ના તપ્તલોહં લોહેન સંઘતે' જેવી પ્રચલિત કહેવત પ્રયોજાઈ છે જેનો અર્થ છેઃ 'ગરમ કર્યા વગર તો લોઢું પણ લોઢાં સાથે સંધાતું નથી.'

મુસ્લિમ ધર્મના એક પુસ્તક 'મખઝને અખલાક'ના 'મિશાલ' નામના પ્રકરણમાં કહેવતોનો ઉલ્લેખ જોવા મળે છે જેમ કે 'હાથમેં લીયા કાંસા તો રોટીકા ક્યાં સાંસા' ધગશ રાખનાર વ્યક્તિને ધંધો મળી રહે છે. એવો તેનો અર્થ થાય.

તો વળી ઈસાઈ ધર્મમાં, ધર્મગ્રંથ બાઈબલની ગુજરાતી આવૃત્તિમાં કહેવતોનો એક વિભાગ 'દૃષ્ટાંત વચનો'નામથી સમાવિષ્ટ છે. કહેવત સાહિત્યનું ધર્મમાં પણ એટલું જ મહત્ત્વ છે. બાઈબલમાં વપરાયેલી કહેવતોમાંની એક છેઃ 'દુષ્ટતા કરવી મૂર્ખને રમત જેવું લાગે છે.' આ રીતે તમામ ધર્મગ્રંથોમાં કહેવતોએ યથાસ્થાને ગોઠવાઈને પોતાનું મહત્ત્વ જાળવી રાખ્યું છે.

'હલો, હાણે કચ્છ...' માતાના દૂધ જેવી કચ્છીભાષાની સમૃદ્ધિના મૂળમાંજ (કહેવતો) 'ચોવકું' હોય તેવું અનુભવાય છે. ચોટદાર કચ્છીભાષાને 'ચોવકું' એ ચમત્કૃતિ બક્ષી છે. ઘણીવાર તો એક જ વિચારને બે રીતે રજૂ કરવામાં આવેલો પણ જોવા મળે છે. જેમ કે, 'લાડીનેં પાડી નિવડે વખાણ' અહીં 'લાડી' અને 'પાડી'ને પ્રતીક બનાવવામાં આવ્યા છે. 'લાડી' એટલે 'વહુ' અને 'પાડી' એટલે દૂધ આપતી થાય તે પહેલાંની ભેંશની આવૃત્તિ! 'ચોવક'ને ગુજરાતીમાં આ રીતે કહી શકાયઃ 'લાડી' અને પાડી નિવડે જ વખાણાય' આ 'નિવડે' શબ્દ બહુ મહત્ત્વનો છે આ ચોવકમાં. 'પાડી'ની ફળદ્રુપતા અપેક્ષિત છે. 'લોડી'માં તે ઉપરાંત, 'વર', 'વટ' અને 'વ્યવહાર'સાચવવા જેવા ગુણ અને સંસ્કાર અપેક્ષિત છે.

હવે એ જ ચોવક પ્રતીકો બદલીને પણ કચ્છી ભાષામાં જોવા મળે છે, જેમ કે 'હોડી નેં નોં અગીયાં વેંધે ઓરખાજેં' હોડી એટલે હોડી-નાવ અને 'નોં' એટલે ઘરની વહુ. કહે છે કે બંનેનો સાચો પરિચય તો સમય જતાં જ થાય. પહેલી કહેવતનો અર્થ જ અહીં અભિપ્રેત છે, પણ જરા જુદી રીતે.

એક કહેવત છેઃ 'અધ છડે સજીલા ન ધોડજે' કમાલજી ચોવક આય! જે મળ્યું તેમાં સંતોષ માની લેવાનો? અડધો રોટલો મળતો હોય તો આખા રોટલા માટે મહેનત નહીં કરવાની? સીધોસટ અર્થ એજ થાય પણ ગર્ભિત સંકેત છે, તેમાં સલાહ છે. આવક મેળવવા આંકરાંતિયા ન થવાની સલાહ. નીતિથી ચાલવાની સલાહ. જે મળે છે તે છોડી દઈને 'વધુ મેળવવાનો દાવ ન રમાય. જે મળે છે તે જાળવી રાખીને 'સજીલા' ધોડ કઢાજે!

એક બીજી કહેવતમાં મૂળભૂત જરૂરિયાતોના અભાવને અદ્ભુત રીતે વણી લેવામાં આવ્યો છે. 'અન, વસતર ને આબરૂ તાંણ ફકત ત્રીંજી' અન એટલે અનાજ, વસતર એટલે વસ્ત્રો અને આબરૂ એટલે પ્રતિષ્ઠા. ગુજરાતીમાં પણ આપણે આબરૂ કહીએ છીએ. 'તાંણ' એટલે 'અભાવ ચોવકમાં કહેવા મુજબ ત્રણ વસ્તુઓનો જીવનમાં અભાવ છે. 'અન્ન, વસ્ત્ર અને આબરૂ.' મૂળભૂત જરૂરિયાતોના અભાવની કરુણતા છલકે છે, એ ચોવકમાં અને છેલ્લેઃ અછી ગંધી આધીયો, છીંટજા છ ઢીંગલા, કચ્છી કપડ્ કોરી.' ■

મગજ મંથન_વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# જ્ઞાનમ્ મનુજસ્ય તૃતીય નેત્રમ્

## આવતીકાલે 'વિશ્વ પુસ્તક દિવસ' છે ત્યારે આવો, આજે પુસ્તકો વિશે વાત કરીએ...

ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સાહિત્યકાર - નિબંધ લેખક મણિલાલ દ્વિવેદી સન ૧૮૯૮માં સ્વધામ સિધાવ્યા. એ પહેલાં તેમણે લખેલા એક નિબંધ 'વાચન'માં પોતાની મનોવ્યથા આ રીતે ઠાલવી છેઃ

'આજકાલ સમાજમાં લોકો વાંચતા નથી, વાંચે છે તો ઉપરછલ્લું. બસમાં, રેલવેમાં સમય પસાર કરવાના હેતુથી છાપાં કે ચોપાનિયાં જેવું સાહિત્ય વાંચે છે. ક્યારેક સંક્ષિપ્ત પ્રકારનું સાહિત્ય વાંચી સંતોષ માને છે. ગ્રંથો-મહાગ્રંથો તો વાંચવાની વાત જ દૂર રહી! આમ આજનો સમાજ પલ્લવગ્રાહી પાંડિત્યથી વિશેષ કશું મેળવતો નથી...'

સવા શતાબ્દી પૂર્વે કહેલી આ વાતના સર્જક આજે હયાત હોત અને આજની વાચન દરિદ્રતા જોત તો કેવા દુઃખી થાત ?

ગ્રંથનો પંથ તો ખૂબ જ ગૌરવવંતો છે. તક્ષશિલા અને નાલંદા જેવી વિશ્વ વિખ્યાત વિદ્યાલયોમાં એવાં વિશાળ અને સમૃદ્ધ ગ્રંથાલયો હતાં કે એમાંના મૂલ્યવાન ગ્રંથોની ખ્યાતિ સમગ્ર એશિયામાં ફેલાઈ હતી. દૂર દૂરના દેશોમાંથી વિદ્યાર્થીઓ અને જ્ઞાન પિપાસુ ત્યાં અભ્યાસ માટે જતાં. મુદ્રણ યુગની શરૂઆત પહેલાં પ્રાચીન ભારતની વિદ્યાપીઠોમાંથી અમૂલ્ય ગ્રંથોની નકલ ઉતારવા માટે કેટલાક ચીની વિદ્વાનો ભારતમાં આવેલા. આ બધા બૌદ્ધ સાધુઓએ વર્ષો સુધી મહેનત કરીને કેટલાક ઉત્તમ ગ્રંથોની નકલ કરી હતી. જ્યારે પાછા ફરતા હતા ત્યારે દરિયો પાર કરતી વખતે તોફાન ઉપડે છે. ગ્રંથ ભંડારના ભારને લીધે વહાણ ડૂબી જવાનો ભય ઊભો થાય છે. બે જ વિકલ્પ બચે છેઃ ગ્રંથોનો ભંડાર દરિયામાં ફેંકવો અથવા પ્રવાસીઓનો બોજ ઓછો કરવો. કહેવાય છે કે જ્ઞાનના ભંડાર સમા ગ્રંથો દરિયામાં ફગાવી દેવાને બદલે આ બૌદ્ધ સાધુઓએ જળસમાધી લેવાનું પસંદ કર્યું હતું... આ પુસ્તક પ્રેમની ઈતિહાસે સુવર્ણ અક્ષરે નોંધ લીધી છે.

સદ્ગ્રંથ વાચન એ જીવન ઘડતરની પારાશીશી છે. એનું વાંચન માણસને શિક્ષિત અને દીક્ષિત બનાવે છે. ગાંધીજી આફ્રિકામાં હતા ત્યારે તેમણે રસ્કીનનું પુસ્તક 'અન ટુ ધ લાસ્ટ' વાંચીને તેમાંથી સર્વોદયની પ્રેરણા મેળવેલી તો વળી ગાંધીજીનો આધ્યાત્મિક અભિગમ ટોલ્સટોય રચિત 'કિંગડમ ઓફ ગોડ ઈસ વિધિન ધાય સેલ્ફ' અર્થાત્ 'વૈકુંઠ તારા હૃદયમાં છે.' વાંચીને કેળવાયો હતો. ભગવદ્ ગીતા વાંચીને ગાંધીજીએ કહેલું કે, 'આ અમૂલ્ય ગ્રંથ છે. મારા નિરાશાના



સમયે આ તત્ત્વજ્ઞાનના ગ્રંથે મને ખૂબ મદદ કરી છે.'

કહેવાય છે કે નેપોલિયનનો પુસ્તક પ્રેમ અદ્ભુત હતો. તે જ્યારે યુદ્ધમાં જતો ત્યારે પુસ્તકોને પણ સાથે રાખતો. યુદ્ધવિરામ વખતે પુસ્તકો વાંચીને વિરામ મેળવતો. નેપોલિયન કહે છે કે,'યુદ્ધની વચ્ચે અડગ રહેવાનું મનોબળ અને અશક્ય શબ્દ જ ન હોવાની સમજણ પુસ્તકોમાંથી મળી છે.'

એસિગિલિયોને જ્યારે મુસોલીની દ્વારા જેલમાં પૂરવામાં આવે છે, ત્યારે કેદમાં પણ થોડાં પુસ્તકો વાંચવા મળે તેવી વિનંતી કરેલી. તેમણે પાતંજલ યોગસૂત્રોનું પુસ્તક વાંચી હર્ષ પામી નોંધ લખેલી કે, 'આ અતિ ઉમદા ગ્રંથ છે. જેનું નામ લેતા મરણ સુધરે એવા મહર્ષિ પતંજલિ છે. જીવનને પ્રતિપળ જીવંત બનાવે તેવું આ પુસ્તક છે.'

ભારતીય જીવન પ્રણાલીમાં ગ્રંથોનો મહિમા અનેરો છે. હેમચંદ્રાચાર્યએ સિદ્ધહૈમ વ્યાકરણ તૈયાર કરી તેની પોથીને હાથી ઉપર સોનાની અંબાડીમાં મૂકીને પાટણમાં ફેરવેલી. જ્ઞાનપંચમીના દિવસે પોથીનું પૂજન કરેલું. માનવ સમાજ પર પ્રભાવ પાડવાની પુસ્તકોની શક્તિ પ્રબળ છે. કાર્લ માર્કસના પુસ્તક 'દાસ કેપિટલ'ને કારણે જ જગતભરમાં સામ્યવાદની વિચારણા ફેલાયેલી. સરસ્વતીચંદ્ર ગ્રંથમાં પંડિત યુગના ગુજરાત - ભારતનું જીવનચરિત્ર છે. તેના દ્વારા લેખકનો આશય ભારતની પ્રજાને ઉત્થાન માર્ગે લઈ જવાનો છે.

સરદાર વલ્લભભાઈ પટેલ બેરિસ્ટર થવા માટે જ્યારે વિલાયત ગયેલા, ત્યારે ત્યાં તેઓ પોતાના રહેણાંકથી બાર માઈલ દૂર ચાલીને પુસ્તકાલય જતા. પુસ્તકાલય બંધ થવાના સમયની જાણ ત્યાંનો પટાવાળો કરતો ત્યારે તે ઘેર જતા.

અરબસ્તાનનો લોરેન્સ નામનો માણસ ઓક્સફર્ડ વિશ્વવિદ્યાલયના પુસ્તકાલયના પચાસ હજાર પુસ્તકો છ વર્ષમાં વાંચી ગયેલો. પ્રાધ્યાપક ઓર્નોલ્ડ બેનોટ (ઓર્ટલેન્ડ) દર ચોવીસ મિનિટે એક નવલકથા વાંચી શકતા. રજાના દિવસે છ નવલકથા વાંચી જતા. મેકોલે જમવાના સમય સિવાય ભાગ્યે જ કોઈ સાથે વાત કરતા. ૧૮૩૬માં ભારત આવ્યા એ પહેલાં તેમણે એ ગ્રીક, ઈટાલિયન, સ્પેનિશ, લેટિન, ફ્રેન્ચ, અંગ્રેજી જેવી તમામ ભાષાના તમામ પુસ્તકો વાંચી લીધાં હતાં.

વૈજ્ઞાનિક માઈકલ ફેરેડ એક ગરીબ કુટુંબમાં જન્મેલાં. એક બાઈન્ડરને ત્યાં પૂંઠાં ચડાવવાની કામગીરી કરતાં - કરતાં તેમનાં વાચન પ્રેમે તેમનો ભેટો મહાન વૈજ્ઞાનિક હમ્ફી ડેવિડ સાથે કરાવ્યો. હમ્ફી ડેવિડના માર્ગદર્શન વડે જ તેઓ જબરા વૈજ્ઞાનિક બની શક્યા.

સર થોમસ ફિલિપના એક લાખ પુસ્તક સંગ્રહને ખસેડવા માટે ૧૮૩૬માં ૧૦૩ જેટલા વેગનની જરૂર પડેલી.

આમ, સદ્ગ્રંથ વાચન એ જ્ઞાન પ્રાપ્તિ અને સમસ્યા ઉકેલ માટેનું ઉત્તમ સાધન છે. શબ્દોનો મહાસાગર છે.

ઉપયોગિતાની બોલબાલામાં અટવાયેલો યંત્ર યુગનો આજનો માનવી સમયના અભાવની ફરિયાદ કરે છે. ટી.વી. ફિલ્મ દર્શન અને મોબાઈલ પાછળના કલાકો વેડફાય છે, એની દરકાર નથી. આજનો માનવી પુસ્તક ખરીદીમાં કંજૂસાઈ કરે છે. ભોજનના મેનુ પાછળ સહેજે પાંચસો કે હજાર રૂપિયા ખર્ચવા તેના માટે સામાન્ય છે. અરે નોકરિયાત વર્ગ પોતાના ઈજાફાની રકમ જેટલા પુસ્તકો પણ ખરીદતો નથી.

આપણે સૌ સાથે મળી એક સંકલ્પ લેવા જેવો છે : બહેન રાખડી બાંધે ત્યારે તેમને ભેટ સ્વરૂપે પુસ્તક આપીએ. દીકરીના કરિયાવરમાં પુસ્તકોની એક વધુ બેગ પણ મૂકીએ. સ્વાગત શિષ્ટાચારમાં પુષ્પગુચ્છના સ્થાને પુસ્તક ગુચ્છ આપીને સ્વાગત કરીએ. ■

# આતંકી હુમલાની વરસી હજુ પણ તાજા છે જખમ

પુણેઃ બે દિવસ પહેલાં, આશાવરી જગદાલેના ફોન પર એક વર્ષ જૂના ફેમિલી ટ્રિપના ફોટાની નોટિફિકેશન આવી, તેમના પુણેથી પહેલગામ પ્રવાસની સુખદ યાદો. મોટાભાગના લોકો માટે આવી યાદો ખુશી લાવે છે, પરંતુ આશાવરી માટે આ એ ભયાનક દુર્ઘટનાની યાદ હતી.

બાવીસ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને એક વર્ષ પૂર્ણ થયું. આ હુમલામાં આશાવરીના પિતા સંતોષ જગદાલે, તેમના મિત્ર કૌસ્તુભ ગણબોટે સહિત ૨૬ લોકોએ જીવ ગુમાવ્યો હતો. ગયા વર્ષના બાવીસ એપ્રિલને ''કાળો દિવસ'' ગણાવતા આશાવરીની માતા પ્રગતિ જગદાલેએ જણાવ્યું કે, બૈસરન વેલીમાં ખુશીના માહોલ વચ્ચે આતંકવાદીઓએ અચાનક હુમલો કરી તેમના પતિ અને અન્ય હિંદુ પ્રવાસીઓની હત્યા કરી નાખી હતી. નજર સામે બનેલી આ ઘટનાથી તેઓ હજુ પણ આઘાતમાં છે. આશાવરીના જણાવ્યા મુજબ, તે અને તેની માતા આજે પણ ગભરાટ અને માનસિક તણાવનો સામનો કરી રહ્યાં છે.

છેલ્લા એક વર્ષમાં કાઉન્સેલિંગ અને તબીબી સહાય છતાં, માનસિક ઘા હજુ પણ ઊંડા છે. ''મને નથી લાગતું કે કોઈ પણ સારવાર આ યાદને ભૂંસી શકે અથવા તેની તીવ્રતા ઓછી કરી શકે. આ યાદ જીવનભર અમારી સાથે રહેશે,'' આશાવરીએ ઉમેર્યું હતું.

પિતાના અવસાન બાદ રાજ્ય સરકારે આશાવરીને પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વહીવટી અધિકારી તરીકે નોકરી આપી છે, જ્યાં તે હાલ તાલીમ લઈ રહી છે. જોકે, આશાવરીએ જણાવ્યું કે આ નોકરી મેળવવા માટેનો સંઘર્ષ ખૂબ જ કષ્ટદાયક હતો. તેણે દુઃખ સાથે ઉમેર્યું હતું કે, ''વખતોવખત અમને સરકારી કચેરીઓમાંથી ઉડાવ જવાબ મળતા હતા, જેનાથી કંટાળીને મારી માતાએ એકવાર આશા છોડી દેવા પણ કહ્યું હતું. સ્વજન ગુમાવ્યા પછી હક માટે લડવું પડે તે પીડા હું ક્યારેય ભૂલી શકીશ નહીં.''

કૌસ્તુભ ગણબોટેના પુત્ર કુણાલ ગણબોટેએ જણાવ્યું હતું કે તે અને તેની માતા છેલ્લા એક વર્ષથી માનસિક આઘાતનો સામનો કરી રહ્યા છે. ''મારી માતા હજુ પણ આઘાતમાં છે. મને સરકારી નોકરીની પણ ઓફર કરવામાં આવી હતી, પરંતુ મેં ના પાડી કારણ કે હું મારા પિતા દ્વારા શરૂ કરાયેલા વ્યવસાયને આગળ વધારવા માંગતો હતો. માનસિક મુશ્કેલીઓ છતાં, અમે તેને ચાલુ રાખવામાં સફળ રહ્યા છીએ, અને તે તેમને યોગ્ય શ્રદ્ધાંજલિ છે,'' તેમણે કહ્યું હતું. ■

# ભાજપના નેતા મુનગંટીવારે ચંદ્રપુરમાં પ્રદૂષણ ફેલાવતા એકમો સામે ફરિયાદ નોંધાવી

ચંદ્રપુર : ભાજપના ધારાસભ્ય અને ભૂતપૂર્વ પ્રધાન સુધીર મુનગંટીવારે ચંદ્રપુર જિલ્લાના એક ગામમાં પ્રદૂષણને કારણે પાકને નુકસાન થવાના આરોપમાં એક કંપની અને મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (એમપીસીબી)ના અધિકારી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ભાજપ નેતાએ જણાવ્યું હતું કે, તેમણે ચંદ્રપુર તાલુકાના બેલસાણી ગામના કેટલાક ખેડૂતોના પ્રતિનિધિમંડળ સાથે સોમવારે રામનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં, આરોપ લગાવ્યો હતો કે કંપનીએ ૨૦૨૪ થી કોલસા ધોવાની ભઠ્ઠીઓ ચલાવીને વ્યાપક પર્યાવરણીય પ્રદૂષણ ફેલાવ્યું છે.

તેમણે દાવો કર્યો હતો કે પ્રદૂષણથી કપાસ, સોયાબીન અને અન્ય પાકોને ભારે નુકસાન થયું છે, પશુધનના મૃત્યુ થયા છે અને સ્થાનિકોના સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસરો થઈ છે. સરકાર દ્વારા નિયુક્ત સમિતિએ નિરીક્ષણ કર્યું હતું અને અસરગ્રસ્ત ખેડૂતોને કુલ રૂ. ૬૮,૬૧,૮૬૪ નું વળતર નક્કી કર્યું હતું, તેમ છતાં કંપની તરફથી હજુ સુધી વળતર વસૂલવામાં નિષ્ફળ રહ્યા છે.

તેમણે કંપની અને અધિકારી બંને સામે કાર્યવાહી કરવાની માગ કરતી વખતે આરોપ લગાવ્યો કે એમપીસીબીના પ્રાદેશિક અધિકારી તેમની ફરજો નિભાવવામાં નિષ્ફળ ગયા અને ભંડોળ વસૂલવા માટે કોઈ કાર્યવાહી કરી નથી. (પીટીઆઈ) ■

# રાજ્યસભાના ભૂતપૂર્વ સભ્ય ડો. ગોપાલરાવ પાટિલનું અવસાન

લાતુર (મહારાષ્ટ્ર): રાજ્યસભાના ભૂતપૂર્વ સભ્ય અને જાણીતા બાળરોગ નિષ્ણાત ડો. ગોપાલરાવ પાટીલનું મંગળવારે સવારે અવસાન થયું હતું. પાટીલે મહારાષ્ટ્રના લાતુર શહેરની એક ખાનગી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ ૯૪ વર્ષના હતા.

તેમણે ૧૯૯૪ થી ૨૦૦૦ દરમિયાન ભાજપ તરફથી રાજ્યસભાના સભ્ય તરીકે સેવા આપી હતી અને વાણિજ્ય, વિદેશ બાબતો અને રેલ્વે સહિતની મુખ્ય સંસદીય સમિતિઓમાં યોગદાન આપ્યું હતું. પાટિલ એક શિક્ષણશાસ્ત્રી પણ હતા. તેમણે શિવ છત્રપતિ શિક્ષણ સંસ્થાની સ્થાપના કરી હતી, જે લાતુરમાં રાજર્ષિ શાહુ કોલેજનું સંચાલન કરે છે. ૩ ઓક્ટોબર, ૧૯૩૧ના રોજ ધારાશિવ જિલ્લાના કવથા ગામમાં જન્મેલા પાટીલે હૈદરાબાદની ઉસ્માનિયા યુનિવર્સિટીમાંથી તબીબી શિક્ષણ મેળવ્યું અને ત્યારબાદ લાતુરના સૌથી આદરણીય બાળ નિષ્ણાતોમાંના એક બન્યા. ગ્રામીણ વિસ્તારોમાં તેમની મફત તબીબી સેવાઓને કારણે સ્થાનિકોએ તેમને 'દેવમાણુસ'નું બિરુદ આપ્યું હતું.

તેમણે હૈદરાબાદના કુર્નૂલમાં એક મેડિકલ કોલેજમાં લેક્ચરર તરીકે પણ સેવા આપી હતી અને કોલ્હાપુર જિલ્લાના કુરુન્ડવાડમાં મેડિકલ ઓફિસર તરીકે કામ કર્યું હતું. બાદમાં તેમણે ભારતીય બાળરોગ સંગઠનની શાખા સ્થાપવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેના પ્રથમ પ્રમુખ બન્યા હતા. બાળરોગ નિષ્ણાત તરીકેના યોગદાન બદલ તેમને અનેક પુરસ્કારો પણ મળ્યા હતા. પાટિલ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન, સ્વર્ગસ્થ વિલાસરાવ દેશમુખના સંબંધી હતા. તેમના પરિવારમાં તેમની પત્ની શાંતાબાઈ, એક પુત્ર અને ત્રણ પુત્રીઓ છે. (પીટીઆઈ) ■

નાશિક ટીસીએસ કેસ

# નિદા ખાન ધર્મ પરિવર્તનની ફરજ પાડતી હતી...

નાશિકઃ ટાટા કન્સલટન્સી સર્વિસીસ (ટીસીએસ)ના નાશિક યુનિટમાં સાથી મહિલાઓની જાતીય સતામણી તેમ જ ધર્મ પરિવર્તન માટે દબાણ કરવાના કેસની આરોપી નિદા ખાનને સોમવારે કોર્ટે વચગાળાની રાહત આપી નહોતી. પોલીસ અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું કે કંપનીના નાશિક યુનિટમાં નિદા ખાન ધર્મ પરિવર્તનની ફરજ પાડતી હતી. નિદા ખાન હાલ ફરાર હોઇ પોલીસની ચાર ટીમ વિવિધ સ્થળે તેની શોધ ચલાવી રહી છે.

પોલીસ દ્વારા દાખલ કરાયેલા નવ એફઆઇઆરમાંથી એકમાં નિદા ખાન અને અન્ય ચાર લોકોનાં નામ આરોપી તરીકે છે. ટીસીએસ યુનિટમાં જાતીય સતામણી અને ધર્મ પરિવર્તન માટે દબાણના પ્રકરણમાં ખાન મુખ્ય આરોપી છે. તેની ભૂમિકા બળજબરીથી ધર્મ પરિવર્ત સાથે જોડાયેલી છે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસે જાતીય સતામણીના કેસોમાં અત્યાર સુધી આઠ લોકોની ધરપકડ કરી હતી. પોલીસે કહ્યું હતું કે પ્રિવેન્શન ઓફ સેક્સ્યુઅલ હેરેસમેન્ટ (પીઓએસએચ) સમિતિમાં સ્થાનિક સભ્યોનો સમાવેશ થવો જોઇએ અને વીડિયો કોન્ફરન્સ પર આધાર રાખવાને બદલે વારંવાર રૂબરૂ મળવું જોઇએ.

આ કેસ પ્રકાશમાં આવ્યા બાદ નિદા ખાન ફરાર થઇ ગઇ છે અને ખાનને સેશન્સ કોર્ટે સોમવારે વચગાળાની રાહત આપી નહોતી. તેની આગોતરા જામીનની અરજી પર આગામી સુનાવણી ૨૭ એપ્રિલે હાથ ધરાશે. (પીટીઆઈ) ■

# મુંબઈ એરપોર્ટ પર ૫.૮૪ કરોડનો ગાંજો જપ્તઃ ઉલ્હાસનગરના યુવકની ધરપકડ

મુંબઈઃ કસ્ટમ્સ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) મુંબઈ એરપોર્ટ પર દાણચોરીનો ૫.૮૪ કરોડ રૂપિયાનો ઉચ્ચ ગુણવત્તાનો ગાંજો પકડી પાડીને ઉલ્હાસનગરના યુવકની ધરપકડ કરી હતી, જે બેંગકોકથી ફ્લાઇટમાં મુંબઈ આવ્યો હતો.

યુવકની ઓળખ હર્ષ મનોજ રિઝવાની તરીકે થઇ હતી, જેને મંગળવારે કોર્ટમાં લવાયો હતો ત્યારે તેના વકીલ બિરેન્દ્ર યાદવ અને આશિષ સિંહ કોર્ટમાં હાજર રહ્યા હતા અને તેમણે દલીલ કરી હતી. કોર્ટે હર્ષને બાદમાં અદાલતી કસ્ટડી ફટકારી હતી.

હર્ષ રિઝવાની સોમવારે મોડી રાતે થાઇ એરવેઝની ફ્લાઇટમાં મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશન એરપોર્ટ પર આવી પહોંચ્યો હતો. તેના સામાનની તલાશી લેવામાં આવતાં ટ્રોલી બેગમાં છ વેક્યુમ સિલ્ડ પ્લાસ્ટિક પેકેટ્સ મળી આવ્યાં હતાં, જેમાં ગાંજો છુપાવવામાં આવ્યો હતો.

એઆઈયુના અધિકારીઓએ હર્ષ રિઝ વાની પાસેથી કુલ ૫૮૪૯ ગ્રામ ગાંજો જપ્ત કર્યો હતો, જેની કિંમત ૫.૮૪ કરોડ રૂપિયા થાય છે.

દરમિયાનિ હર્ષ રિઝવાની વિરુદ્ધ નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપિક સબસ્ટેન્સીસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી.

# ભાયંદરમાં સગીરા સાથે દુષ્કર્મના કેસમાં રિક્ષા ડ્રાઈવર બેકસૂર

થાણેઃ ભાયંદરમાં ૧૪ વર્ષની સગીરા પર જાતીય હુમલો કરવાના ૨૦૨૦ના કેસમાં પીડિતા અને તેની માતા ટ્રાયલ દરમિયાન હાજર નહીં રહેતાં વિશેષ અદાલતે આરોપી રિક્ષા ડ્રાઈવરને નિર્દોષ છોડ્યો હતો.

પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળના કેસોની સુનાવણી કરતાં સ્પેશિયલ જજ રુબી યુ માલવણકરે આપેલા ચુકાદામાં આરોપી અજય ઉર્ફે લંગડા ઉર્ફે સોનુ ઓમપ્રકાશ તિવારીને બધા આરોપમાંથી મુક્ત કર્યો હતો. ૧૭ એપ્રિલે આપેલા ચુકાદાની નકલ મંગળવારે ઉપલબ્ધ થઈ હતી. ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ અનુસાર એપ્રિલ, ૨૦૨૦માં સગીરા ઘરેથી નીકળીને ગુમ થઈ ગઈ હતી. પછી પોલીસ સ્ટેશને પહોંચેલી સગીરાએ દાવો કર્યો હતો કે તેને તિવારી સાથે સંબંધ હતા, જે તેને ભાયંદરમાં લઈ ગયો હતો અને શારીરિક અડપલાં કર્યાં હતાં. જોકે પછી પીડિતા કે તેની માતામાંથી કોઈ પણ ટ્રાયલ દરમિયાન હાજર ન રહેતાં ફરિયાદ પક્ષનો કેસ કોર્ટમાં પડી ભાંગ્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે જાતીય હુમલાના કેસમાં ફરિયાદ પક્ષ માટે મુખ્ય અને મહત્ત્વપૂર્ણ સાક્ષીદાર પીડિતા સિવાય બીજું કોઈ ન હોઈ શકે. જોકે ફરિયાદ કરનાર અને પીડિતાને વારંવાર સમન્સ મોકલાવવા છતાં રિપોર્ટ્સ અનુસાર બન્નેની કોઈ ભાળ મળી નહોતી.પીડિતા અને તેની માતા હાજર રહેતી ન હોવાથી કોર્ટે ૨૦૨૦માં ધરપકડ કરાયેલા અને નવેમ્બર, ૨૦૨૦માં જામીન પર છોડવામાં આવેલા આરોપીને બેકસૂર જાહેર કર્યો હતો. (પીટીઆઈ) ■

# મીરા રોડમાં હત્યાના કેસમાં ફરાર સુપારી કિલર નવ વર્ષ બાદ ઝારખંડથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મીરા રોડમાં ઉછીના આપેલા રૂપિયા પાછા માગનારા શખસની કરાયેલી હત્યાના કેસમાં ફરાર સુપારી કિલરને ક્રાઇમ બ્રાન્ચે નવ વર્ષ બાદ ઝારખંડથી ઝડપી પાડ્યો હતો. આરોપીની ઓળખ રાજેશ ઉર્ફે ઉત્તમ મુનેશ્વર રવિદાસ (૩૮) તરીકે થઇ હોઇ તેને વધુ તપાસ માટે કાશીમીરા પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો. રાજેશ રવિદાસે ૨૦૧૫માં ઝારખંડમાં દોઢ લાખ રૂપિયાની સુપારી લઇ એક વ્યક્તિની હત્યા કરી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

મીરા રોડમાં કાશીમીરા પોલીસ સ્ટેશનની હદમાં કાશીગાંવ ખાતે રહેતા શામુ લહરી ગૌડ (૪૦)ની ૬ એપ્રિલ, ૨૦૧૭ની મધરાતે હત્યા કરવામાં આવી હતી. મધરાતે શામુ ગૌડના ઘરનો દરવાજો કોઇએ ખટખટાવ્યો હતો. શામુએ દરવાજો ખોલતાં અજાણ્યા શખસે ગોળી ધરબી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને પોલીસે તપાસ આદરી હતી.

તપાસમાં જાણવા મળ્યું હતું કે આરોપી સુનીલકુમાર રજક વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ હોઇ તેણે આ ગુનામાં જામીન મેળવવા માટે શામુ પાસેથી ૨૦૧૫માં પાંચ લાખ રૂપિયા ઉછીના લીધા હતા, જે શામુ પાછા માગી રહ્યો હોવાથી તેમની વચ્ચે વિવાદ થયો હતો. આથી શામુની હત્યા કરવા માટે સુનીલકુમારે આરોપી રાજેશ રવિદાસને બે લાખ રૂપિયાની સુપારી આપી હતી.

દરમિયાન રાજેશ રવિદાસ તેના ત્રણ સાથીદાર સાથે રિવોલ્વર લઇને ઝારખંડથી મીરા રોડ આવ્યો હતો. તેણે શામુના ઘરની રેકી કર્યા બાદ તેની હત્યા કરી હતી.

આ કેસમાં બે આરોપીને અદાલતે માર્ચ ૨૦૨૬માં દોષી ઠેરવીને જનમટીપની સજા અને એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. આ કેસમાં સુપારી કિલર રાજેશ રવિદાસ ફરાર હતો. ■

# વેપારીના અકાઉન્ટન્ટનું અપહરણ બાદ ₹ ૩૨.૫૦ લાખની લૂંટ

## ભૂતપૂર્વ કર્મચારી સહિત છ આરોપી મુંબઈ-ગોવાથી પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સાંતાક્રુઝના વેપારીના અકાઉન્ટન્ટનું સાયન વિસ્તારથી અપહરણ કર્યા બાદ તેની પાસેના ૩૨.૫૦ લાખ રૂપિયા લૂંટી લેવાના કેસમાં એન્ટોપ હિલ પોલીસે કંપનીના ભૂતપૂર્વ કર્મચારી સહિત છ લોકોની મુંબઈ અને ગોવાથી ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી ૨૯.૬૯ લાખ રૂપિયા જપ્ત કરાયા હોઇ પોલીસ હવે અન્ય ફરાર આરોપીની શોધ ચલાવી રહી છે.

એન્ટોપ હિલ પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ રાહુલ ગાયકવાડ, ઇરફાનઅલી અહમદ ખાન, વિવેક વિલાસ કાકડે, સંતોષ વસંત મલેકર, સ્વપ્નીલ ચંદ્રકાંત પાટીલ અને મોહંમદ રિઝવાન અન્સાર તરીકે થઇ હતી. બે આરોપીને નાલાસોપારાથી, ત્રણને ગોવાથી અને એકને કુર્લાથી ઝડપી પાડવામાં આવ્યા હતા.

વેપારીની કંપનીમાં કામ કરતા ૪૫ વર્ષનો અકાઉન્ટન્ટ ગયા સપ્તાહે સાયન-કોલીવાડા આવ્યો હતો અને કામ પત્યા બાદ તે બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ જવા માટે ટેક્સી બૂક કરાવી રહ્યો હતો ત્યારે ચાર અજાણ્યા શખસ તેની પાસે આવ્યા હતા. તેમણે પોતાની ઓળખ પોલીસ તરીકે આપી હતી અને ત્યાર બાદ તેનું કારમાં અપહરણ કર્યું હતું. અકાઉન્ટન્ટ પાસે એ સમયે ૩૨.૫૦ લાખ રૂપિયા હતા. આરોપીઓ તેને ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પરથી ઘાટકોપર લઇ ગયા હતા અને રોકડ લૂંટ્યા બાદ તેને એમ.જી. રોડ પર આરોપીઓ તેઓ ફરાર થઇ ગયા હતા. આ ઘટના બાદ પોલીસમાં ફરિયાદ નોંધાવાતાં ગુનો દાખલ કરાયો હતો. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RADDLE | ત્રિજ્યા |
| RADIUS | ઉદ્દામવાદી |
| RADIANCE | કિરણોત્સર્ગ |
| RADIATION | ગેરુ |
| RADICAL | તેજ |

### માતૃભાષાની મહેક

ગુજરાતી કહેવત હિન્દીમાં જન્મ લે છે ત્યારે ભાષા શુદ્ધતા એમાં ભારોભાર જોવા મળતી હોય છે. દૂઝણી ગાયની લાત પણ સારી કહેવત તમે સાંભળી હશે. ફાયદો કરાવી આપનારના દોષ સહન કરી લેવા એવો એનો ભાવાર્થ છે. હિન્દીમાં આ કહેવત માત્ર ભાષા ફેર સાથે અને કોઈ પણ બદલાવ વિનાના **दुधारु गाय की लात भली** સ્વરૂપમાં એ જોવા મળે છે.

### ગુજરાત મોરી મોરી રે

'સારું કાર્ય કરવામાં વિલંબ કરવો નહીં' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

કરવી કામમાં નહીં ઢીલ ધરમના

### ઈર્શાદ

*મને તું બાંધે જે જડજગતના નિત્ય નિયમે?*

*મને? મારો આપું પરિચય તને? હું પવન છું.*

*-- ચિનુ મોદી*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | ૫ | | | ૬ |
| ૭ | | | ૮ | | | | | ૯ | |
| | | | | | ૧૦ | | | | |
| | ૧૧ | ૧૨ | | | | | ૧૩ | | ૧૪ |
| | ૧૫ | | | ૧૬ | | | | | |
| ૧૭ | | ૧૮ | | | | | ૧૯ | ૨૦ | |
| ૨૧ | ૨૨ | | | ૨૩ | ૨૪ | | | | |
| | | | ૨૫ | | | | | | ૨૬ |
| ૨૭ | | | | ૨૮ | | | ૨૯ | | |
| | | ૩૦ | | | ૩૧ | | | | |

### આડી ચાવી

૧ વૃંદાવનમાં આવેલ એક પર્વત (૪)
૪ એક પાંડુપુત્ર (૩)
૭ પોપટ (૨)
૮ તોફાન (૨)
૯ હથિયાર (૨)
૧૦ જામીન તરીકેનું, સાટાનું (૨)
૧૧ આચ્છાદન, પડદો (૪)
૧૩ સરકારી કાનૂન, ધારો (૩)
૧૫ સૂર્ય (૨)
૧૬ કબૂલ કરવા યોગ્ય (૩)
૧૮ --- હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે (૩)
૧૯ રક્ષણ (૨)
૨૧ સુવાસિત (૩)
૨૩ બેઅદમ, છકી ગયેલું (૪)
૨૫ કમ્મર, કેડ (૨)
૨૭ ડાહ્યાને --- અને ગાંડાને ગામ (૨)
૨૮ રાત્રિ (૨)
૨૯ છોકરી (૨)
૩૦ હજાર (૩)
૩૧ કંદોઈ, સુખડિયો (૪)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ દ્વિ | ૨ તી | ય | | ૩ ગૌ | ણ | | ૪ ઠ | પ | ૫ કો |
| ૬ ભા | ર | | ૭ ખે | ર | | | ઠા | | લા |
| ધી | | ૮ ધા | દ | વ | | ૯ આ | રો | | હ |
| | ૧૦ ગી | ત | | | ૧૧ મુ | | | ૧૨ ચી | લ |
| ૧૩ સ | ર | ના | મું | | ફી | | | સા | |
| | ના | | | ૧૪ રા | | ૧૫ ચા | ૧૬ પ | ચી | પ |
| ૧૭ ભો | ર | | | ણી | | | ૧૮ ર | સ | |
| ગ | | ૧૯ પ | ડ | | ૨૦ અ | ૨૧ વ | ડ | | ૨૨ અ |
| વ | | મ | | | ૨૩ ન્યા | ય | | ૨૪ ના | મી |
| ૨૫ ટો | ળ | કી | | ૨૬ છાં | ય | | ૨૭ આ | દ | ર |

### ઊભી ચાવી

૨ ઉત્તમ, ચડિયાતું (૨)
૩ નમન, પ્રણામ (૪)
૫ ખાનદાન, ઊંચા કુળનું (૩)
૬ કપડું (૨)
૯ અખૂટ, અવિનાશી (૩)
૧૧ કાન્તિ, શોભા (૨)
૧૨ લોભ રહિત (૪)
૧૩ કામકાજમાં લીન (૪)
૧૪ મિયાંની --- મસ્જિદ ભણી (૨)
૧૭ અશ્રુ (૨)
૨૦ ખારાશવાળું તત્ત્વ (૨)
૨૨ કૃપા, મહેરબાની (૩)
૨૪ મુસલમાન રાજા (૪)
૨૫ કજિયો, ટંટો (૩)
૨૬ રૂ ભરેલું ગાદલું, બિછાનું (૩)
૨૭ ધમકી, ઠપકો (૨)
૨૯ ---ના બેઉ બગડે (૨)

### ઓળખાણ પડી?

વાયરલેસ ટેલિગ્રાફ સિસ્ટમ અને એને પગલે રેડિયોની શોધમાં નિમિત્ત બનેલા ઈટાલિયન વૈજ્ઞાનિકની ઓળખાણ પડી?

અ) રેડિસન
બ) માર્કોની
ક) ગટેનબર્ગ
ડ) ફ્લેમિંગ



### સુડોકુ - ૯૨૭૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૫ | | | | ૭ | | |
| ૯ | ૬ | | ૭ | | | | | |
| ૧ | ૭ | | | | ૯ | | | |
| ૮ | ૧ | | | ૯ | | | | |
| ૬ | | | ૪ | | ૧ | | | ૨ |
| | | | | ૨ | | | ૬ | ૫ |
| | | | ૬ | | | | ૨ | ૭ |
| | | | | | ૨ | | ૩ | ૧ |
| | | ૧ | | | | ૬ | ૫ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ - ૯૨૭૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૩ | ૧ | ૪ | ૮ | ૭ | ૨ | ૬ | ૫ |
| ૮ | ૬ | ૫ | ૯ | ૨ | ૩ | ૧ | ૭ | ૪ |
| ૪ | ૨ | ૭ | ૬ | ૧ | ૫ | ૯ | ૩ | ૮ |
| ૫ | ૪ | ૩ | ૨ | ૯ | ૮ | ૭ | ૧ | ૬ |
| ૬ | ૮ | ૯ | ૭ | ૩ | ૧ | ૪ | ૫ | ૨ |
| ૭ | ૧ | ૨ | ૫ | ૪ | ૬ | ૮ | ૯ | ૩ |
| ૨ | ૫ | ૪ | ૧ | ૬ | ૯ | ૩ | ૮ | ૭ |
| ૩ | ૯ | ૬ | ૮ | ૭ | ૪ | ૫ | ૨ | ૧ |
| ૧ | ૭ | ૮ | ૩ | ૫ | ૨ | ૬ | ૪ | ૯ |

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'આ પ્રકારની રમત રમવી સાહજિક ગણાય' વાક્યમાં સાહજિક શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) કુદરતી બ) મુશ્કેલ ક) ખેલદિલી ડ) અઘરું

### માઈન્ડ ગેમ

સમાજના ગરીબ ને ઉપેક્ષિત વર્ગ માટે શરૂ કરવામાં આવેલી 'સર્વન્ટ્સ ઓફ ઈન્ડિયા સોસાયટી'સંસ્થાના સ્થાપક કોણ હતા એ જાણો છો ?

અ) લોકમાન્ય ટિળક બ) રાજા રામમોહન રોય
ક) ગોપાલકૃષ્ણ ગોખલે ડ) બિપીનચંદ્ર પાલ

### ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| RABBIT | સસલું |
| RABBLE | તોફાની ટોળું |
| RABID | નિરંકુશ |
| RABIES | હડકવા |
| RACCOON | રીંછ |

**ગુજરાત મોરી મોરી રેઃ**
તમાકું ને તાડી, બે વીઘાં ભોંય પાડી

**ઓળખાણ પડી?**
હરગોવિંદ ખોરાના

**માઈન્ડ ગેમ :**
મણિ ભવન

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :**
ખબર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) નીતા દેસાઈ (૫) વિપીન શાહ (૬) ભારતી બુચ (૭) નૂતન વિપીન શાહ (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) મીનલ કાપડિયા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) શીરીન ઔરંગાબાદવાલા (૧૫) મહેશ સંઘવી (૧૬) કિરીટ છેડા (૧૭) લજિતા ખોના (૧૮) ચેતના છેડા (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) ભાવના કર્વે (૨૨) ભરત કજરિયા (૨૩) દિપીકા દોશી (૨૪) પ્રવીણ વોરા (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) અલકા વાણી (૨૭) વિણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) નિતીન જયંતીલાલ બજરિયા (૩૦) જ્યોત્સના ગાંધી (૩૧) રમેશ દલાલ (૩૨) હિના દલાલ (૩૩) ઈનાક્ષી દલાલ (૩૪) ડાયના સંતોકે (૩૫) મનીષા શેઠ (૩૬) ફાલ્ગુની શેઠ (૩૭) કમલ માતલિયા (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૦) પ્રજ્ઞા પુરોહિત (૪૧) પ્રમોદ પુરોહિત (૪૨) અંજુ ટોલિયા (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) ડો. પ્રકાશ કટકિયા (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ધીરેન્દ્ર મુલરાજ (૪૮) મહેશ દોશી (૪૯) સુભાષ મોમાયા (૫૦) જયવંત પદમશી ચિખલ

# અભિષેક સામે દિલ્હી પરાસ્ત, હૈદરાબાદમાં સનરાઇઝર્સનો જયજયકાર

હૈદરાબાદઃ સનરાઇઝર્સ હૈદરાબાદ (૨૦ ઓવરમાં ૨/૨૪૨)ની ટીમ અહીં મંગળવારે દિલ્હી કૅપિટલ્સ (૨૦ ઓવરમાં ૯/૧૯૫)ને ૪૭ રનથી હરાવીને પૉઇન્ટ્સ-ટેબલમાં ટૉપ-ઑર્ડરમાં પ્રગતિ કરવાની સાથે હવે પંજાબ, રાજસ્થાન, બેંગ્લૂરુ માટે પડકારરૂપ થઈ રહી છે. દિલ્હીના નીતીશ રાણા (૫૭ રન, ૩૦ બૉલ, ત્રણ સિક્સર, સાત ફોર) અને કે. એલ. રાહુલ (૩૭ રન, ૨૩ બૉલ, ત્રણ સિક્સર, એક ફોર) વચ્ચે ૮૬ રનની ભાગીદારી થઈ હતી અને બન્ને પ્લેયર ૧૦૭ રનના ટોટલ પર વિકેટ ગુમાવી બેઠા હતા. બન્નેના કૅચ અભિષેક શર્માએ ઝીલ્યા હતા. એશાન મલિન્ગાએ નીતીશ રાણા, ટ્રિસ્ટેન સ્ટબ્સ, મિલર અને આશુતોષ શર્માની મહત્ત્વની વિકેટ લીધી હતી, જ્યારે હૈદરાબાદના હર્ષ દુબેએ ૨૦મી ઓવરમાં ત્રણ વિકેટ લીધી હતી.



## અભિષેકને ૮૬મા રને જીવતદાન

એ પહેલાં, હૈદરાબાદે પ્રથમ બૅટિંગ મળતાં ફાયદો ઉઠાવીને શરૂઆતથી ફટકાબાજી કરી હતી અને દિલ્હીને ૨૪૩ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો હતો. અભિષેક શર્મા (૧૩૫ રન, ૬૮ બૉલ, ૧૦ સિક્સર, ૧૦ ફોર) અણનમ રહ્યો હતો. તેણે પચીસ બૉલમાં ૫૦ રન અને ૪૭મા બૉલ પર ૧૦૦ રન પૂરા કર્યા હતા. આઇપીએલના ઇતિહાસમાં અભિષેકની આ બીજી સેન્ચુરી હતી. અભિષેકને ૮૬મા રન પર નીતીશ રાણાના હાથે જીવતદાન મળ્યું હતું. હૈદરાબાદના ૨૪૨ રનમાં ટ્રૅવિસ હેડના ૩૭ રન અને કૅપ્ટન ઇશાન કિશનનું પચીસ રનનું યોગદાન હતું. કિશન રનઆઉટ થયો હતો અને એકમાત્ર અક્ષર પટેલને એક વિકેટ મળી હતી.

## અભિષેકના કબજામાં ઑરેન્જ કૅપ

છ દિવસમાં આ ત્રીજી અને કુલ ચોથી સેન્ચુરી હતી. ઑરેન્જ કૅપ અભિષેક (૩૨૩ રન) પાસે આવી ગઈ છે અને ક્લાસેન (૩૨૦ રન) નંબર-ટૂ છે. ■

# સંઘર્ષ કરી રહેલા લખનઊ સામે આજે જીતીને રાજસ્થાન ફરી વિજયના માર્ગ પર આવવા મક્કમ

લખનઊઃ રાજસ્થાન રૉયલ્સ (આરઆર) છેલ્લી બે મૅચ હાર્યું છે તથા લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)એ છેલ્લી ત્રણેય મૅચમાં પરાજય જોયો છે અને બુધવારે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) આ બે ટીમ વચ્ચે જે ટક્કર છે એમાં જીતનાર ટીમની ગાડી મુંબઈની જેમ ફરી પાટા પર આવતી જોવા મળશે. મુંબઈની ટીમ સોમવારે અમદાવાદમાં પહેલી વખત જીતીને અને આ વખતે સતત ચાર પરાજય જોયા બાદ ગુજરાત સામે વિજય મેળવીને ફરી વિજયના માર્ગે આવી ગયું છે.

બુધવારની મૅચ લખનઊમાં ભારતરત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં રમાવાની છે અને આ ગ્રાઉન્ડ પર યજમાન લખનઊની ટીમ ૨૦૨૫ની સીઝનની શરૂઆતથી માંડીને અત્યાર સુધીમાં નવમાંથી માત્ર બે મૅચ જીતી છે એટલે અહીં ઇતિહાસ રિષભ પંતની ટીમની તરફેણમાં નથી એ જોતાં એણે બુધવારે જીતવા માટે કમર કસવી પડશે અને નાનામાં નાની ભૂલ ન થાય એની તકેદારી રાખવી પડશે.

## લખનઊની પિચ કેવી છે?

લખનઊના એકાના સ્ટેડિયમની પિચ લાલ માટીથી બનાવવામાં આવી છે. એના પર બોલરને સારા બાઉન્સ મળે છે તેમ જ વિકેટકીપરે પણ બૅટ્સમૅન દ્વારા ચૂકી જવાતા બૉલ ઝીલવામાં ખાસ કોઈ સંઘર્ષ નથી કરવો પડતો. જોકે અસહ્ય ગરમીને કારણે પિચ સૂકી થઈ જવાની સંભાવના છે. અહીં રિષભ પંતના સુકાનમાં લખનઊની ટીમ પ્રથમ બૅટિંગ સાથે જે બે મૅચ રમી છે એમાં અનુક્રમે માત્ર ૧૪૧ રન અને ૧૬૪ રન કરી શકી છે અને એ બન્નેમાં પરાજિત થઈ છે. બુધવારે પ્રથમ બૅટિંગ આવશે તો લખનઊએ ધુંઆધાર બૅટિંગથી ૨૦૦ જેટલા રન તો કરવા જ પડશે.

## બન્નેની સંભવિત ટીમઃ

**લખનઊઃ** રિષભ પંત (કૅપ્ટન, વિકેટકીપર), મિચલ માર્શ, એઇડન માર્કરમ, આયુષ બદોની, મૅથ્યૂ બ્રીટ્ઝકે/નિકોલસ પૂરન, હિમ્મત સિંહ, મુકુલ ચૌધરી, એમ. સિદ્ધાર્થ/શાહબાઝ અહમદ, મોહમ્મદ શમી, પ્રિન્સ યાદવ, આવેશ ખાન/મયંક યાદવ અને (૧૨મો પ્લેયર) મોહસિન ખાન.

**રાજસ્થાનઃ** રિયાન પરાગ (કૅપ્ટન), યશસ્વી જયસ્વાલ, વૈભવ સૂર્યવંશી, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), શિમરૉન હેટમાયર, ડૉનોવાન ફરેરા, રવીન્દ્ર જાડેજા, જોફ્રા આર્ચર, રવિ બિશ્નોઈ, નેન્દ્રે બર્ગર, યશ રાજ પુન્જા અને (૧૨મો પ્લેયર) બ્રિજેશ શર્મા/સંદીપ શર્મા.■

# ટી-૨૦ વર્લ્ડ કપ ફિક્સિંગ કાંડઃ કૅનેડાની ટીમ પર લૉરેન્સ બિશ્નોઈ ગૅંગનો ઓછાયો?

નવી દિલ્હીઃ ભારત અને શ્રીલંકાની સંયુક્ત મેજબાની હેઠળ યોજાયેલા આઇસીસી મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ દરમિયાન મેચ ફિક્સિંગ થયું હોવાના જે અહેવાલ થોડા દિવસ પહેલાં મળ્યા એ 'ફિક્સિંગ કૌભાંડ' પાછળ લૉરેન્સ બિશ્નોઈ ગૅંગનો સીધો હાથ હોઈ શકે એવો અહેવાલ મળ્યો છે. ન્યૂ ઝીલૅન્ડ સામેની મેચમાં કૅનેડિયન ટીમે ફિક્સિંગ કર્યું હોવાના આરોપની ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) તપાસ કરી રહી છે, પરંતુ એ પહેલા ઘણી અટકળો લગાવવામાં આવી રહી છે.

આઇસીસીનું એન્ટી કરપ્શન યુનિટ હાલમાં કૅનેડાના કેપ્ટન દિલપ્રીત બાજવાની સંડોવણીની તપાસ કરી રહ્યું છે. ગ્રુપ સ્ટેજમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની મેચની એક મોંઘી ઓવર બાદ બાજવા પર શંકા ગઈ હતી. સ્પોટ ફિક્સિંગની શંકાને પગલે, યુનિટે બાજવાની પૂછપરછ કરી અને તેનો મોબાઇલ ફોન ડેટાની તપાસ કરવામાં આવી રહી છે.

કૅનેડાની એક ન્યુઝ ચેનલે અહેવાલ આપ્યો છે કે લોરેન્સ બિશ્નોઈ ગૅંગ આ સ્પોટ ફિક્સિંગ કેસ સાથે જડોયેલું હોઈ શકે છે. નોંધનીય છે લોરેન્સ બિશ્નોઈ ગૅંગ કૅનેડામાં ઘણી સક્રિય છે, આ ગૅંગને કૅનેડામાં આતંકવાદી સંગઠન જાહેર કરવામાં આવી. અહેવાલમાં વધુમાં દાવો કરવામાં આવ્યો છે કે બાજવાને અચાનક કેપ્ટન બનાવવા પાછળ લોરેન્સ બિશ્નોઈ ગૅંગ જવાબદાર હતી. રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો કે ક્રિકેટ કૅનેડાના વર્તમાન પ્રમુખ અરવિંદર ખોસાના ઉદય પણ આ ફિક્સિંગ સાથે સંકળાયેલા છે. ખોસાએ આ આરોપોને નકારી કાઢ્યા છે. ■

# આયુષ મ્હાત્રે સાથે એક અઠવાડિયામાં બે 'અન્યાય'

## ▶ દિલ્હી કેપિટલ્સ સામે અચાનક રિટાયર હર્ટ કરી દેવાયો અને સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ઈજા છતાં રમવા મોકલવામાં આવ્યોઃ સીએસકેની ટીકા થઈ રહી છે

*અજય મોતીવાલા*

મુંબઈઃ ઝિમ્બાબ્વેના પાટનગર હરારેમાં છઠ્ઠી ફેબ્રુઆરીએ ૧૮ વર્ષના આયુષ મ્હાત્રેની કૅપ્ટન્સીમાં ભારતની અન્ડર-૧૯ ટીમે ઇંગ્લૅન્ડને ફાઇનલમાં ૧૦૦ રનથી પરાજિત કરીને અન્ડર-૧૯ વર્લ્ડ કપ જીતી લીધો હતો ત્યારે આયુષે કલ્પના પણ નહીં કરી હોય કે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની બીજી સીઝનમાં તેણે એક મૅચમાં ઇચ્છા ન હોવા છતાં રિટાયર આઉટ થઈ જવું પડશે અને અઠવાડિયા પછીની મૅચમાં પરાણે રમવા મોકલવાને પગલે ઈજાનો શિકાર થઈ જતાં ટૂર્નામેન્ટની જ બહાર થઈ જવું પડશે. વાત એવી છે કે આ અન્ડર-૧૯ વર્લ્ડ ચૅમ્પિયન કૅપ્ટનની બીજી આઇપીએલ સીઝન અધવચ્ચે જ ખોરવાઈ ગઈ છે અને તેણે છથી આઠ અઠવાડિયાં માટે પથારીવશ થઈ જવું પડ્યું છે.

મૂળ મુંબઈ શહેરનો આયુષ મ્હાત્રે હૅમ્સ્ટ્રીન્ગ (સાથળ તથા ઘૂંટણના પાછળના ભાગમાં દુખાવો)ની ઈજાનો શિકાર થયો છે. પાંચ ટાઇટલ જીતી ચૂકેલી ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ની ટીમ આ વખતે છમાંથી ચાર મૅચ હારી છે અને એના વતી ૧૭૭.૮૭ના સ્ટ્રાઇક-રેટ સાથે સૌથી વધુ ૨૦૧ રન કરનાર આયુષ હવે ટૂર્નામેન્ટની બહાર થઈ ગયો છે. સીએસકેને તો મોટો ઝટકો લાગ્યો જ છે, આયુષની કારકિર્દીને પણ વિપરીત અસર થઈ રહી છે, કારણકે ૧૮મી એપ્રિલે હૈદરાબાદમાં સનરાઇઝર્સ હૈદરાબાદ સામેની મૅચમાં તેને પગમાં ગંભીર ઈજા હતી એમ છતાં તેને રમવાની ફરજ પાડવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. સ્પિન-લેજન્ડ રવિચન્દ્રન અશ્વિને આયુષની ઈજા બાબતમાં સીએસકેના વલણની સખત ટીકા કરી છે.



૧૮મી એપ્રિલે આયુષ મ્હાત્રે પગના સ્નાયુઓની ઈજા છતાં રમ્યો હતો. તેણે ૧૩ બૉલમાં ૩૦ રન કર્યા હતા. (પીટીઆઈ)

## સીએસકે આયુષને ૭૫ લાખ રૂપિયા આપે છે

સીએસકે તરફથી આયુષ મ્હાત્રેને આઇપીએલની એક સીઝન રમવાના ૭૫ લાખ રૂપિયા મળે છે. આ તેની બીજી સીઝન હતી. કોઈ પણ ખેલાડી ટૂર્નામેન્ટમાં જેટલી મૅચ રમે અને જેટલી મૅચ રમવા માટે ઉપલબ્ધ હોય એટલી મૅચોના જ તેને પૈસા મળતા હોય છે. તે ઉપલબ્ધ ન હોય એટલી મૅચના પૈસા તેને નથી અપાતા. આયુષ આ વખતે છ મૅચ રમ્યો છે એટલે તેને બાકીની મૅચોના પૈસા નહીં મળે એવું માનીને ચાલીએ તો આયુષને ઈજા હોવા છતાં હૈદરાબાદ સામેની ૧૮મી એપ્રિલની મૅચમાં તેણે રમવું પડ્યું અને તેની ઈજા વકરી જતાં હવે તે આખી સીઝનની બહાર થઈ ગયો તો શું સીએસકે તેને બાકીની મૅચોના પણ પૈસા આપશે? એવી ચર્ચા ક્રિકેટપ્રેમીઓમાં થઈ રહી છે.

## આયુષ અસહ્ય દુખાવા છતાં ૨૯ મિનિટ રમ્યો

હૈદરાબાદ સામેની ૧૮મી એપ્રિલની મૅચમાં સીએસકેનો માત્ર ૧૦ રનથી પરાજય થયો હતો. ૧૯૫ રનના લક્ષ્યાંક સામે સીએસકેની ટીમ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૮૪ રન કરી શકી હતી અને એમાં મૅથ્યૂ શૉર્ટના ૩૪ રન પછી સેકન્ડ-હાઇએસ્ટ રન આયુષના હતા જે તેણે માત્ર ૧૩ બૉલમાં એક સિક્સર અને પાંચ ફોરની મદદથી કર્યા હતા. મુખ્ય વાત એ છે કે તે પગના અસહ્ય દુખાવા છતાં ૨૯ મિનિટ સુધી ક્રીઝમાં રહ્યો હતો અને ચેન્નઈને જિતાડવા ૧૦૦ ટકા ક્ષમતાથી પ્રયત્ન કર્યો હતો.

## ઘૂંટણમાં પાટા બંધાવેલા, અશ્વિનનો સીએસકે પર ગુસ્સો

આયુષ ઘૂંટણ પર પાટા બંધાવીને રમવા આવ્યો હતો. તે રમી જ નહોતો શકતો. પગમાં દુખાવાની સીધી અસર તેના ચહેરા પર અને બૉડી-લૅન્ગવેજ પરથી જણાતી હતી. ફિઝિયોથેરપિસ્ટ એકથી વધુ વખત તેની સારવાર માટે મેદાન પર દોડી આવ્યા હતા. તે હૈદરાબાદના નીતીશ રેડ્ડીના બૉલમાં ક્લાસેનના હાથમાં કૅચઆઉટ થઈને પાછો આવી ગયો, પણ તેની ઈજા વિશેની ચર્ચા શરૂ થઈ ગઈ હતી. અશ્વિને પોતાની યુટ્યૂબ ચૅનલ પર જણાવ્યું, 'આયુષના પગના સ્નાયુઓ માત્ર ખેંચાઈ નહોતા ગયા, તેના પગમાં ગંભીર ઈજા જણાતી હતી. ફિઝિયો એક કરતાં વધુ વખત તેની મદદે દોડી આવ્યા એના પરથી જ ખ્યાલ આવી જવો જોઈતો હતો કે તેને રિટાયર હર્ટ તરીકે પાછો બોલાવી લેવાની જરૂર હતી. આઇપીએલ જેવી ટોચની પ્રોફેશનલ ઇવેન્ટમાં ખેલાડીની શારીરિક સલામતી અગ્રસ્થાને હોવી જોઈએ.'

## સારું રમ્યો છતાં રિટાયર આઉટ કરી દેવાયો!

અશ્વિનના મતે ચેન્નઈની ટીમમાં ઈજાગ્રસ્ત ખેલાડી સાથેના અભિગમની બાબતમાં બધુ ઠીક નથી, કારણકે તેના મતે અગાઉ દીપક ચાહર સાથે પણ આવું જ વલણ અપનાવાયું હતું. ૧૧મી એપ્રિલે ચેન્નઈમાં આયુષ મ્હાત્રે સાથે જે વ્યવહાર કરવામાં આવ્યો એ બદલ પણ સીએસકેના ટીમ મૅનેજમેન્ટની ટીકા થઈ છે. સીએસકે ત્યારે દિલ્હી સામેની એ મૅચ ઓપનર સંજુ સૅમસન (૧૧૫ અણનમ)ની સેન્ચુરી બદલ જીતી ગયું હતું. સીએસકેના ૨/૨૧૨ના જવાબમાં દિલ્હીએ ૧૮૯ રન કર્યા હતા અને સીએસકેનો ૨૩ રનથી વિજય થયો હતો. એ જીતમાં આયુષ (૫૯ રિટાયર્ડ આઉટ)નું પણ મોટું યોગદાન હતું. ત્યારે આયુષ ત્યારે ૩૬ બૉલમાં ચાર સિક્સર અને ત્રણ ફોરની મદદથી બનાવેલા ૫૯ રને સારું રમી રહ્યો હતો એમ છતાં તેને ઇનિંગ્સની છેલ્લી ક્ષણોમાં પાછા આવી જવા કહેવામાં આવ્યું હતું. તે ઝડપથી રન બનાવી રહ્યો હતો. તેણે સૅમસન સાથે બીજી વિકેટ માટે માત્ર ૬૭ બૉલમાં ૧૧૩ રનની ભાગીદારી કરી હતી. ઊલટાનું, સૅમસન ધીમું રમતો હતો એટલે તેને સદી બાદ રિટાયર આઉટ કરવાની જરૂર હતી, પરંતુ આયુષને બૅટિંગ છોડીને પાછા આવી જવા કહેવામાં આવ્યું હતું. ત્યારે આયુષ આઇપીએલ-૨૦૨૬નો પ્રથમ 'રિટાયર્ડ આઉટ' ખેલાડી બન્યો હતો.■

# હાર્દિકે આક્રમક મિજાજમાં ટિપ્સ આપી ત્યાર પછી તિલકે ૨૩ બૉલમાં ૮૨ રન ખડકી દીધા!

અમદાવાદઃ મુંબઈ ઇન્ડિયન્સનો તિલક વર્મા (૧૦૧ અણનમ, ૪૫ બૉલ, સાત સિક્સર, આઠ ફોર) સોમવારે અહીં ગુજરાત ટાઇટન્સ સામેના મુકાબલામાં આ વખતની ટૂર્નામેન્ટમાં સંજુ સૅમસન અને ક્વિન્ટન ડિકૉક પછીનો ત્રીજો સેન્ચુરિયન બન્યો એ સફળતા પાછળ મુંબઈના કૅપ્ટન હાર્દિક પંડ્યાની પણ મહત્ત્વની ભૂમિકા છે. ખૂબીની વાત એ છે કે હાર્દિક ક્રીઝમાં આવ્યા પછી તિલક વર્મા સાથે થોડા આક્રમક મૂડમાં જે સલાહ આપી ત્યાર બાદ તિલકનો બૅટિંગમાં અભિગમ બદલાઈ ગયો હતો અને તેણે અસલ મિજાજમાં ફટકાબાજી શરૂ કરી દીધી હતી. તિલકની અણનમ સેન્ચુરી મુંબઈ માટે વિજયી પુરવાર થઈ હતી. મુંબઈ પહેલી વખત અમદાવાદમાં જીતવામાં સફળ થયું હતું. મુંબઈના ૫/૧૯૯ના જવાબમાં ગુજરાત ૧૦૦ રનમાં ઑલઆઉટ થઈ જતાં મુંબઈનો ૯૯ રનથી શાનદાર વિજય થયો હતો.



૧૩મી ઓવરમાં નમન ધીર (૪૫ રન, ૩૨ બૉલ, એક સિક્સર, છ ફોર) પ્રસિદ્ધ ક્રિષ્નાના બૉલમાં કૅગિસો રબાડાના હાથમાં કૅચઆઉટ થયો ત્યારે તિલક સાથે હાર્દિક જોડાયો હતો. તિલક ત્યારે ૧૬ રન પર હતો. મુંબઈનો સ્કોર ૯૬/૪ હતો અને અમદાવાદમાં મુંબઈએ પહેલી જ વખત જીત મેળવવાનું મહેણું ભાંગવાનું હતું. તિલક એ તબક્કે પોતાના સ્કોરમાં એક-એક રન જોડી રહ્યો હતો.

જોકે મુંબઈની ઇનિંગ્સમાં ૧૪મી ઓવર પછી સિનારિયો બદલાઈ ગયો હતો. તિલકે ક્રિષ્નાની ૧૫મી ઓવરના પ્રથમ ત્રણ બૉલમાં એક છગ્ગો અને બે ચોગ્ગા ફટકારીને ગુજરાતની ટીમને સંકેત આપી દીધો હતો કે હવે તેને કોઈ જ નહીં અટકાવી શકે. તિલકે ત્યારથી માંડીને ઇનિંગ્સના અંત સુધીમાં માત્ર ૨૩ બૉલમાં ૮૨ રન ખડકી દીધા હતા અને ૧૦૧ રને અણનમ રહ્યો હતો. તેણે અશોક શર્માની ૧૮મી ઓવરમાં (૬, ૪, ૪, ૬, ૬) કુલ ૨૬ રન ખડકી દીધા હતા. તિલકે ઇનિંગ્સ પછી કહ્યું, 'બધા હાર્દિકભાઈના ઊર્જાત્મક અભિગમથી સૌ કોઈ પરિચિત છે. તેમણે મને પ્રોત્સાહિત કરતા કહ્યું કે તું મોટી ઇનિંગ્સ રમી શકે છે અને મને ખાતરી છે કે તું રમીશ જ. મેં હાર્દિકભાઈને શાંત પડવા કહ્યું, કારણકે મારે મારી ગેમ પર એકાગ્રતા બનાવી રાખવાની હતી. મેં તેમને ખાતરી આપી કે તમે ઇચ્છો છો એવું હું રમી બતાડીશ.'

તિલકે પાછલી પાંચ મૅચમાં ફક્ત ૪૦ જેટલા રન કર્યા હતા અને એક મૅચમાં તેણે બાવીસ બૉલમાં ફક્ત ૨૦ રન કર્યા હતા, પણ સોમવારે અમદાવાદમાં તેણે ૨૩ બૉલમાં ૮૨ રન કરીને સૌ કોઈને ચોંકાવી દીધા હતા. તેણે ૨૨૪.૪૪ના સ્ટ્રાઇક-રેટથી રન બનાવ્યા હતા. ■

## હાર્દિકે તિલકને પિચ પર શું કહેલું?

કૅપ્ટન હાર્દિક પંડ્યાએ સોમવારે અમદાવાદમાં મૅચ પછી તિલક વર્મા વિશે કહ્યું, 'તિલક એટલો બધો ટૅલન્ટ છે કે તેણે કોઈ ચિંતા કરવાની જરૂર જ નથી. મેં તેને એટલું જ કહ્યું કે બૉલ બરાબર જોઈ લે અને લગાવી દે ફટકો. તેને તેમ જ મુંબઈ ઇન્ડિયન્સને આવી ઇનિંગ્સની ખાસ જરૂર હતી. હું ક્યારેક ડગઆઉટમાંથી પણ બરાડા પાડતો હોઉં છું. કૅપ્ટન તરીકે મારામાં એ પ્રકારની ઊર્જા હોવી જરૂરી છે.' ■

# ક્રિસ ગેઈલે યુરોપીય ટી-૨૦ પ્રીમિયર લીગમાં ટીમ ખરીદી

મુંબઈઃ વેસ્ટ ઈન્ડિઝના ભૂતપૂર્વ કેપ્ટન અને વિસ્ફોટક બેટ્સમેન ક્રિસ ગેઈલે યુરોપિયન ટી-૨૦ પ્રીમિયર લીગમાં એક ટીમ ખરીદી છે. યુરોપિયન ટી૨૦ પ્રીમિયર લીગ (ઈટીપીએલ) એ સોમવારે સ્કોટલેન્ડની ''ગ્લાસગો મુગાફિયન્સ'' ફ્રેન્ચાઈઝીની જાહેરાત કરી છે જેમાં વેસ્ટ ઇન્ડિઝના દિગ્ગજ ક્રિકેટર ક્રિસ ગેઇલ સહ-માલિક અને વૈશ્વિક બ્રાન્ડ એમ્બેસેડર છે.

બોલિવૂડ અભિનેતા અભિષેક બચ્ચનની સહ-માલિકીની ઈટીપીએલની પ્રથમ સિઝન ૨૬ ઓગસ્ટથી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન રમાશે, જેમાં છ ફ્રેન્ચાઈઝી વચ્ચે ૩૩ મેચ છ શહેરોમાં ગ્લાસગો, એમ્સ્ટરડમ, એડિનબર્ગ, ડબલિન, બેલફાસ્ટ અને રોટરડેમમાં રમાશે.

ટી-૨૦ લીગ તરફથી જાહેરાત કરાયેલા એક નિવેદન અનુસાર, ગ્લાસગો ટીમની માલિકી તંશા બત્રા પાસે રહેશે, જેમાં મુગાફી ગ્રુપ સ્થાપક ભાગીદાર હશે. ગેઇલ સહ-માલિક અને વૈશ્વિક બ્રાન્ડ એમ્બેસેડર હશે. ગ્લાસગો ટીમ અંગે અભિષેકે કહ્યું હતું કે, ''અમને મુગાફી ગ્રુપ અને ક્રિસ ગેઇલનું આ સફરમાં સ્વાગત કરતાં આનંદ થાય છે. યુરોપ ક્રિકેટ માટે સૌથી રોમાંચક નવા પ્રદેશોમાંનો એક છે, જે સમૃદ્ધ સંસ્કૃતિ, વિવિધતા અને અપાર સંભાવનાઓ ધરાવે છે.'' આ લીગ દ્વારા અમે નવી પ્રતિભા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડીશું અને યુરોપને વિશ્વ ક્રિકેટનું કેન્દ્ર બનાવીશું.

ગેઈલે કહ્યું કે ઈટીપીએલની ચર્ચા વૈશ્વિક સ્તરે થઈ રહી છે. હું વિશ્વભરની ફ્રેન્ચાઇઝી લીગમાં રમ્યો છું અને મને વિશ્વાસ છે કે આ લીગ ખાસ રહેશે. ■

# લલિત મોદીનો આક્ષેપ, '૨૦૨૧ની આઇપીએલમાં કેટલીક ટીમો જીતવા બ્લૅક મૅજિકનો ઉપયોગ કરી રહી હતી'



નવી દિલ્હીઃ ૨૦૦૮માં આઇપીએલ શરૂ કરાવ્યા બાદ બે-ત્રણ વર્ષમાં જ આર્થિક ગેરરીતિના આરોપોને પગલે લંડનમાં જઈને વસી ગયેલા આ લીગના ભૂતપૂર્વ કમિશનર લલિત મોદી લગભગ દરેક સીઝનમાં આ ટૂર્નામેન્ટ જેવી શરૂ થાય એટલે કોઈને કોઈ મુદ્દો ઊભો કરીને ચર્ચામાં રહેતા હોય છે અને આ વખતે તેમણે આક્ષેપ કર્યો છે કે ૨૦૨૧ની સીઝનમાં કેટલીક ટીમોએ જીતવા માટે કાળા જાદુનો ઉપયોગ કર્યો હતો. બીજી રીતે કહીએ તો લગભગ દરેક આઇપીએલની મધ્યમાં લલિત મોદી કોઈને કોઈ ચર્ચાસ્પદ મુદ્દા સાથે સક્રિય થઈ જતા હોય છે. લલિત મોદીનું કહેવું છે કે પાંચ વર્ષ પહેલાંની આઇપીએલ-સીઝનમાં અમુક ટીમોએ હરીફ ટીમના ડ્રેસિંગ-રૂમમાં જઈને એ ટીમો પર હાવી થવા માટે કાળા જાદુનો ઉપયોગ કર્યો હતો. લલિત મોદીનું કહેવું છે કે આ ઘટનાઓના નક્કર પુરાવા તેમની પાસે છે અને તેમણે એ ટીમોને આવા કૃત્યોથી દૂર રહેવાની ચેતવણી પણ આપી હતી. ૨૦૨૧ની આઇપીએલમાં પાછળની મૅચો યુએઇમાં રમાઈ હતી. દુબઈની ફાઇનલમાં ચેન્નઈએ કોલકાતાને ૨૭ રનથી હરાવીને ચોથી વખત ટાઇટલ જીતી લીધું હતું.

લલિત મોદીનું એવું કહેવું છે કે 'બ્લૅક મૅજિકનો ઉપયોગ બૅટ્સમેનોને જલદી આઉટ કરાવવા માટે અને બોલર્સની બોલિંગમાં જોરદાર ફટકાબાજી કરાવવા વિશેનો હતો.'

લલિત મોદી ત્યાં સુધી કહે છે કે ભવિષ્યમાં તેઓ આ હરકતો પરથી વેબ સિરીઝ મારફત અથવા એક ફિલ્મમાં પડદો ઉઠાવશે. તેઓ કઈ ટીમની વાત કરશે એ જોવું રહ્યું. જોકે સોશ્યલ મીડિયામાં લલિત મોદીના આ આક્ષેપોની મજાક થઈ રહી છે. કેટલાક કહે છે કે જો ખરેખર આઇપીએલની કોઈ ટીમ દ્વારા કાળા જાદુ જેવું કંઈ થયું હોત તો રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી) છેક ૧૮મા વર્ષે (૨૦૨૫માં) પહેલી વખત ટાઇટલ ન જીત્યું હોત. કેટલાક લોકો લલિત મોદીના આક્ષેપોને માર્કેટિંગ સ્ટંટ ગણાવે છે. ■

# રવિચન્દ્રન અશ્વિનનો પિત્તો ગયો... 'કેપ્ટન રિયાને કેમ જાડેજા પર ભરોસો ન મૂક્યો?'

કોલકાતાઃ અહીં રવિવારે રાજસ્થાનના લેફ્ટ આર્મ સ્પિનર રવીન્દ્ર જાડેજાએ કોલકાતા સામેની મેચમાં આઠ રનમાં બે વિકેટ લીધી હતી અને તેની એક ઓવર બાકી રહી હતી એમ છતાં રાજસ્થાનના કેપ્ટન રિયાન પરાગે છેલ્લી ક્ષણોમાં જાડેજાને બાજુ પર રાખીને બિનઅનુભવી પેસ બોલર બ્રિજેશ શર્માને બોલિંગ આપી અને રાજસ્થાન હારી ગયું એને પગલે સ્પિન-લેજન્ડ રવિચંદ્રન અશ્વિને રાજસ્થાનના કેપ્ટન રિયાન પરાગ સામે આંગળી ચીંધી છે. અશ્વિનનો આક્ષેપ છે કે રિયાન પરાગે જાડેજા પર કેમ વધુ ભરોસો ન મૂક્યો?

પોઇન્ટ્સ-ટેબલની ત્રીજા નંબરની ટીમ રાજસ્થાન રોયલ્સને ત્યારના તળિયાના કોલકાતા નાઇટ રાઇડર્સ સામેની રવિવારની મેચમાં ૧૫૫ રનનો પોતાનો સ્કોર ડિફેન્ડ કરવાનો સોનેરી મોકો હતો, પરંતુ મૂંઝાયેલા કેપ્ટન રિયાન પરાગની કેટલીક ભૂલને કારણે રાજસ્થાનની ટીમે બે પોઇન્ટ ગુમાવવા પડ્યા હતા. કોલકાતાને જીતવા ૧૫૬ રનનો સાધારણ લક્ષ્યાંક મળ્યો હતો. હાર્ડ-હિટર અને આ વખતે કોલકાતાને અસલ મિજાજમાં પહેલી વખત જિતાડવાની તલાશમાં રહેલા રિન્કુ સિંહે (૫૩ અણનમ, ૩૪ બોલ, બે સિક્સર, પાંચ ફોર)એ બિનઅનુભવી પેસ બોલર બ્રિજેશ શર્માની ૨૦મી ઓવરમાં બે ચોગ્ગા અને એક છગ્ગો ફટકારીને કોલકાતાને દિલધડક વિજય અપાવ્યો હતો. બે વિકેટ લેનાર જાડેજાની એક ઓવર બાકી હતી અને એક વિકેટ લેનાર પેસ બોલર નેન્દ્રે બર્ગરની બે ઓવર પણ બાકી હતી છતાં રિયાન પરાગે બ્રિજેશ શર્મા (૧.૪-૦-૨૧-૦)ને ૧૮મી અને પછી ૨૦મી ઓવર આપીને દાટ વાળ્યો હતો. એ બે ઓવરમાં કોલકાતાએ વિજય માટે જરૂરી રન કરી લીધા હતા.

**ક્રોધિત અશ્વિને યુટયૂબ ચેનલ પર રિયાન પરાગ પર કયા આક્ષેપો?**

(૧) ટીમમાં રવીન્દ્ર જાડેજા જેવો અનુભવી સ્પિનર હોય અને મેચની છેલ્લી ક્ષણોમાં બિનઅનુભવી બ્રિજેશ શર્માને બોલિંગ આપવી એ વળી કેવી સમજદારી કહેવાય?

(૨) જાડેજા વર્લ્ડ ક્લાસ સ્પિનર છે. રિયાન પરાગે આંકડાઓ પર વધુ ભરોસો મૂક્યો. જે બોલરે ત્રણ ઓવરમાં આઠ રન આપીને બે વિકેટ લીધી હોય તેને ચોથી ઓવર કેમ ન અપાય?

(૩) રિન્કુ સિંહ જ્યારે તેના અસલ ફોર્મમાં રમી રહ્યો હતો ત્યારે રિયાન પરાગને લાગ્યું કે જાડેજાના સ્પિન કરતાં પોતાના ઑફ સ્પિન રિન્કુને ભારે પડશે. એવું વિચારીને રિયાને પોતે એક ઓવર બોલિંગ કરી હતી, પરંતુ જાડેજાને ચોથી ઓવર ન જ આપી.

(૪) જાડેજાને ચોથી ઓવર આપીને હારી પણ ગયા હોત તો પણ એવું તો કહેવાત કે તમે તમારા ચડિયાતા બોલરનો ઉપયોગ કર્યા પછી હાર્યા. બ્રિજેશ જેવો બોલર કે જેને આઈપીએલનો અનુભવ નથી તેને ડેથ ઓવર્સમાં બોલિંગ આપવાનો શું મતલબ?

(૫) જાડેજાને જો ચોથી ઓવર અપાઈ હોત તો તેણે રિન્કુની વિકેટ લીધી હોત અને જાડેજા મેન ઑફ ધ મેચ બની ગયો હોત.

(૬) ક્યારેય બેટ્સમેનો સાથે આવો ભેદભાવ થતો જોયો છે? જાણીતા બેટ્સમેનનો ભલે નબળું રમતા હોય પણ તેમને તેમના ક્રમે બેટિંગમાં મોકલવામાં જ આવતા હોય છે. બોલર સાથે જ કેમ કેપ્ટન આવો ભેદભાવ કરતો હોય છે?

(૭)રિયાને બિનઅનુભવી બ્રિજેશ શર્માને ૧૮મી અને ૨૦મી ઓવર આપી, પણ જાડેજાની ચોથી ઓવરનો ઉપયોગ ન કર્યો તે ન જ કર્યો. ■

# ઈરાન-અમેરિકા શાંતિ વાટાઘાટોમાં પ્રગતિની આશા વચ્ચે શૅરબજારોમાં લગભગ એક ટકા સુધીનો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: શેરબજારોમાં મંગળવારે સતત ત્રીજા દિવસે આગેકૂચ જોવા મળી હતી. ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડા સાથે ઈરાન અને અમેરિકા વચ્ચે શાંતિ વાટાઘાટોમાં અનેક અનિશ્ચિતતા છતાં પણ પ્રગતિના આશાવાદને કારણે શેરબજારના સેન્ટિમેન્ટમાં સુધારો જળવાયો હતો અને સેન્સેક્સ ૭૫૩ પોઈન્ટ ઊછળ્યો, જ્યારે નિફ્ટી ૨૪,૫૫૦ પોઇન્ટની સપાટીની ઉપર બંધ રહ્યો હતો.

સેન્સેક્સ ૭૫૩.૦૩ પોઈન્ટ અથવા ૦.૯૬ ટકા ઉછળીને ૭૯,૨૭૩.૩૩ પોઈન્ટ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૮૪૬.૭૮ પોઈન્ટ અથવા ૧.૦૭ ટકા ઉછળીને ૭૯,૩૬૭.૦૮ પોઈન્ટની ઊંચી સપાટીને અથડાયો હતો. જ્યારે પચાસ શેરો ધરાવતો નિફ્ટી ૨૧૧.૭૫ પોઈન્ટ અથવા ૦.૮૭ ટકા ઉછળીને ૨૪,૫૭૬.૬૦ પોઈન્ટ પર બંધ થયો હતો. સેન્સેક્સ કંપનીઓમાંથી, ટ્રેન્ટ, હિન્દુસ્તાન યુનિલિવર, આઇસીઆઇસીઆઇ બેંક, બજાજ ફાઇનાન્સ, એચડીએફસી બેંક અને એક્સિસ બેંક મુખ્ય વધનારા શેરોમાં સામેલ હતા, જ્યારે સૌથી વધુ ઘટનારા મુખ્ય શેરોમાં ભારત ઇલેક્ટ્રોનિક્સ, ટાઇટન, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને એનટીપીસીનો સમાવેશ હતો. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૦.૭૫ ટકા ઘટીને ૯૪.૭૬ ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ થઇ રહ્યું હતું. મંગળવારના સત્રના તીવ્ર ઉછાળા સાથે બીએસઇ પર લિસ્ટેડ બધી કંપનીઓના કુલ માર્કેટ કેપિટલાઇઝેસનમાં લગભગ ત્રણ લાખ કરોડ રૂપિયાનો ઉમેરો થયો છે, જે કુલ આંકડાને લગભગ ૪૬૯ લાખ કરોડ રૂપિયા સુધી લઈ ગયો છે. બેન્ચમાર્ક સૂચકાંકોએ સતત ત્રીજા સત્રમાં વધારો દર્શાવ્યો છે, જેમાં આ સમયગાળા દરમિયાન સેન્સેક્સ લગભગ ૧,૩૦૦ પોઈન્ટ એટલે કે ૧.૬ ટકા અને નિફ્ટી લગભગ ૩૮૦ પોઈન્ટ એટલે કે ૧.૬ ટકા ઊછળ્યો છે. પાછલા ત્રણ સત્રોમાં થયેલા તીવ્ર વધારાથી બીએસઇ પર લિસ્ટેડ બધી કંપનીઓના કુલ બજાર મૂડીમાં આઠ લાખ કરોડ રૂપિયાથી વધુનો ઉમેરો થયો છે.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે ટ્રેન્ટ ૩.૫૫ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૩.૧૩ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૪૧ ટકા, બજાજ ફાઈનાન્સ ૨.૨૮ ટકા, એચડીએફસી બેન્ક ૨.૦૪ ટકા, ઈટર્નલ ૧.૭૯ ટકા, એક્સિસ બેન્ક ૧.૭૨ ટકા, આઈટીસી ૧.૩૬ ટકા, બજાજ ફિનસર્વ ૧.૩૦ ટકા, ટીસીએસ ૧.૨૪ ટકા એશિયન પેઈન્ટ ૧.૧૮ ટકા અને અદાણી પોર્ટ્સ ૧.૦૭ ટકા વધ્યા હતા, જ્યારે બીઈએલ ૧.૩૩ ટકા, ટાઈટન ૦.૮૮ ટકા, રિલાયન્સ ૦.૬૬ ટકા, એનટીપીસી ૦.૪૫ ટકા, પાવર ગ્રીડ ૦.૩૯ ટકા, ટેક મહિન્દ્ર ૦.૨૫ ટકા અને સન ફાર્મા ૦.૧૪ ટકા ઘટ્યા હતા. અગ્રણી માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, રોકાણકારાએ મધ્યપૂર્વમાં સંભવિત નજીકના ગાળાના ઘટાડાની ધારણા સાથે પોઝિશન ગોઠવી હોવાથી ભારતીય ઇક્વિટી બજારો હકારાત્મક નોંધ પર ટ્રેડ થયા હતા. ઇંધણ બજારો કોન્સોલિડેશનના તબક્કામાં રહ્યા, કારણ કે ટ્રેડર્સ યુદ્ધવિરામ વાટાઘાટોની આસપાસ ચાલી રહેલી અનિશ્ચિતતા સામે નજીકના ગાળાના ઉકેલ અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝના સંભવિત ફરીથી ખુલવાની આશાને સંતુલિત કરી રહ્યા હતા.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો બેન્ચમાર્ક કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ ઊંચા મથાળે બંધ રહ્યા હતા. જ્યારે યુરોપના બજારો હકારાત્મક ક્ષેત્રમાં ટ્રેડ થઈ રહ્યા હતા. સોમવારે અમેરિકન બજારો થોડા નીચા સ્તરે બંધ થયા હતો.

તેજીનો વેગ મોટાભાગે મેક્રો અને બજારલક્ષી ટ્રિગર્સના સંયોજન દ્વારા પ્રેરિત હતો. ખાસ કરીને યુએસ-ઈરાન પરિસ્થિતિની આસપાસ ભૂ-રાજકીય ચિંતાઓને હળવી થવાથી જોખમ લેવાની ક્ષમતામાં સુધારો થવામાં મુખ્યટેકો મળ્યો હતો. ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થવાથી આને વધુસમર્થન મળ્યું હતું, જેણે ભારત જેવા ક્રૂડ ઓઇલના આયાત-આધારિત અર્થતંત્ર માટે ફુગાવાની ચિંતાઓને હળવી કરવામાં મદદ કરી અને તમામ ક્ષેત્રોમાં માર્જિન દૃશ્યતામાં સુધારો કર્યો હતો.

ઈરાન-યુએસ શાંતિ વાટાઘાટોમાં પ્રગતિની આશા અને સહાયક વૈશ્વિક સંકેતો વચ્ચે, ભારતના ઇક્વિટી બજારો મંગળવારે મજબૂત રીતે ઊછળ્યા છે. હોર્મુઝ સ્ટ્રેટના ફરીથી ખુલવા અંગે નવા વિવાદોએ ગ્લોબલ માર્કેટમાં અસ્થિરતા સર્જી દીધી છે. રોકાણકારોએ મધ્ય પૂર્વમાં તાજેતરના વિક્ષેપોનું સંપૂર્ણ પાયે સંઘર્ષની શરૂઆત કરતાં સંભવિત વાટાઘાટોની યુક્તિઓ કે વ્યૂહરચના તરીકે અર્થઘટન કર્યું હોવાથી ઇક્વિટી બજારને વધુ ઠેસ પહોંચી ના હોવાનું જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના સંશોધન વડા વિનોદ નાયરે જણાવ્યું હતું. જોકે, આ અઠવાડિયે યુદ્ધવિરામની આશા વચ્ચે બજારના સહભાગીઓ સાવચેતીના માનસ સાથે નવી ઘટનાઓ પર નજર રાખી રહ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

દરમિયાન, યુએસ કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શને સોમવારે જાહેરાત કરી હતી કે તેના રિફંડ-પ્રોસેસિંગ પ્લેટફોર્મનો પ્રથમ તબક્કો હવે કાર્યરત છે, જે આયાતકારો અને કસ્ટમ બ્રોકરોને તેમણે ચૂકવેલી ડ્યુટી વસૂલવા માટે દાવા ફાઇલ કરવાનું શરૂ કરવાની મંજૂરી આપે છે. આ ચુકાદાથી ભારતીય નિકાસકારોએ ચૂકવેલી રેસિપ્રોકલ ટેરિફના અંદાજે ૧૨ અબજ ડોલર પરત મળવાની આશા છે.

૫૬,૦૦૦થી વધુ નોંધાયેલા આયાતકારો હવે વ્યાજ સહિત ૧૬૬ બિલિયન ડોલરથી વધુ ટેરિફ રિફંડ વસૂલવા માટે નવા ફેડરલ પોર્ટલ દ્વારા દાવા ફાઇલ કરવાનું શરૂ કરી શકે છે. આ ૨૦ ફેબ્રુઆરીના રોજ સુપ્રીમ કોર્ટના સીમાચિહ્નરૂપ ૬-૩ના ચુકાદાને અનુસરે છે, જેમાં રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના વ્યાપક આયાત ટેરિફને ગેરબંધારણીય ગણાવીને રદ કરવામાં આવ્યા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ પાછલા કેટલાક સત્રમાં સાધારણ લેવાલી નોંધાવ્યા બાદ સોમવારના સત્રમાં રૂ. ૧,૦૫૯.૯૩ કરોડના ઇક્વિટી વેચ્યા હતા. સોમવારે, સેન્સેક્સ ૨૬.૭૬ પોઈન્ટ અથવા ૦.૦૩ ટકા વધીને ૭૮,૫૨૦.૩૦ પર બંધ થયો. નિફ્ટી ૧૧.૩૦ પોઈન્ટ અથવા ૦.૦૫ ટકા વધીને ૨૪,૩૬૪.૮૫ પર બંધ થયો હતો.

# અખાતી યુદ્ધ વચ્ચે ઇંધણના સ્થિર ભાવને કારણે ઓઇલ માર્કેટિંગ કંપનીઓને ભારે ફટકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મધ્ય પૂર્વના તણાવને કારણે વૈશ્વિક સ્તરે ઉછાળો આવ્યો હોવા છતાં ભારતે ઇંધણના રિટેલ ભાવ સ્થિર રાખ્યા છે. યુએઈ અને અમેરિકા જેવા દેશોમાં ડીઝલના ભાવમાં ૬૦ ટકાથી વધુનો વધારો જોવા મળ્યો છે, જ્યારે જાન્યુઆરીથી ભારતીય પેટ્રોલ અને ડીઝલ યથાવત છે. જોકે, આ સ્થિરતા જાળવવા માટેની કિંમત ઓએમસીએ ચૂકવવી પડે છે, જેમાં આંતરરાષ્ટ્રીય અસ્થિરતાથી ગ્રાહકોને બચાવવા માટે ઓઇલસ માર્કેટિંગ કંપનીઓને પ્રતિ લિટર ૩૫ રૂપિયા સુધીનું નુકસાન થયું હોવાના અહેવાલ છે.

પશ્ચિમ એશિયાના સંઘર્ષમાં વધારો અને હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાને કારણે બ્રેન્ટ ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થયા પછી પણ, ભારતમાં ઇંધણના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી, જ્યારે ઘણા દેશોમાં ૮૫ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો છે. આ સંદર્ભના ડેટામાં ભારત અને વિકસિત અને ઉભરતા દેશો વચ્ચે તીવ્ર તફાવત જોવા મળ્યો છે, જ્યાં ગ્રાહકોએ આ વર્ષે અત્યાર સુધીમાં ઇંધણના ભાવમાં વધારો અનુભવ્યો છે.

ડીઝલના મોરચે, ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે તાજેતરના મહિનાઓમાં ઘણા દેશોમાં ભાવમાં તીવ્ર વધારો જોવા મળ્યો છે. દેશની દ્રષ્ટિએ, યુએઈમાં લગભગ ૮૫ ટકાનો વધારો જોવા મળ્યો છે, ત્યારબાદ ઓસ્ટ્રેલિયા અને યુનાઇટેડ સ્ટેટ્સ આવે છે, જેમાં અનુક્રમે ૬૫ ટકા અને ૬૨ ટકાથી વધુનો વધારો નોંધાયો છે. દરમિયાન, કેનેડા, પાકિસ્તાન, ફ્રાન્સ, શ્રીલંકા અને બ્રિટનમાં, ભાવ ૩૫ ટકાથી ૫૩ ટકાની વચ્ચે વધ્યા છે.

વધુમાં, જે દેશોમાં ભાવમાં સામાન્ય વધારો થયો છે તેમાં ચીન અને બ્રાઝિલનો સમાવેશ થાય છે, જ્યારે રશિયા અપવાદ તરીકે ઉભરી આવ્યું છે, જ્યાં ડીઝલના ભાવમાં માત્ર એક ટકાથી વધુનો વધારો થયો છે. તેનાથી વિપરીત, ભારતમાં ડીઝલના ભાવ જાન્યુઆરીના સ્તરની તુલનામાં ૮૭.૬ રૂપિયા પ્રતિ લિટર પર યથાવત રહ્યા છે, જે યુએસ-ઈરાન તણાવ છતાં શૂન્ય વધારો દર્શાવે છે. પેટ્રોલના ભાવમાં પણ સમાન વલણ જોવા મળ્યું છે. પડોશી દેશ પાકિસ્તાનમાં પેટ્રોલના ભાવમાં સૌથી વધુ ૪૪ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે, ત્યારબાદ યુનાઇટેડ સ્ટેટ્સ (૪૨ ટકા) અને યુએઈ (૩૬ ટકા)નો સમાવેશ થાય છે.

# કોર્પોરેટ સેક્ટરના સીએસઆર ખર્ચમાં ૨૩ ટકાનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કોર્પોરેટ સેક્ટરના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) ખર્ચમાં ૨૩ ટકાનો વધારો નોંધાયો છે. સોમવારે પ્રાઇમ ડેટાબેઝ ગ્રુપ દ્વારા પ્રકાશિત એક અહેવાલમાં જણાવાયું છે કે એનએસઇના મુખ્ય બોર્ડ પર લિસ્ટેડ કંપનીઓ દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ખર્ચ વાર્ષિક ધોરણે ૨૩ ટકા વધીને ૨૦૨૪-૨૫ (નાણાકીય વર્ષ ૨૦૨૫)માં રૂ. ૨૨,૨૧૨ કરોડ થયો છે, જે પાછલા નાણાકીય વર્ષમાં રૂ. ૧૮,૦૧૧ કરોડ હતો.

નોંધવું રહ્યું કે આ હેડ હેટળના ખર્ચમાં વધારો કંપનીના નફામાં નોંધાયેલા તીવ્ર સુધારા સાથે આવે છે.રિસર્ચ ટીમના સાધનોએ જણાવ્યું હતું કે આ વધારો પાછલા ત્રણ વર્ષમાં આ કંપનીઓના સરેરાશ ચોખ્ખા નફામાં ૨૨ ટકાના ઉછાળાને કારણે થયો છે. આ કંપનીઓના સરેરાશ ચોખ્ખા નફામાં (પાછલા ત્રણ વર્ષમાં) આશ્ચર્યજનક ૨૨ ટકાનો વધારો નોંધાયો છે, જેમાંથી બે ટકા હિસ્સાની નિયમનકારી આવશ્યકતા અનુસાર સીસઆર પ્રવૃત્તિઓ પર ખર્ચ કરવાની અનિવાર્યતા રહે છે. ભારતનું સીએસઆર માળખું એપ્રિલ ૨૦૧૪થી અમલમાં છે, તેની શરત મુજબ તેના ક્રાઇટેરિઆમાં પાત્ર કંપનીઓએ પાછલા ત્રણ વર્ષના તેમના સરેરાશ ચોખ્ખા નફાના બે ટકા સામાજિક પહેલ માટે ફાળવવા અનિવાર્ય છે.

# બુલિયન બજારમાં વિરોધાભાસી વલણ: સોનામાં સાધારણ વધારો, ચાંદી સહેજ ઘટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: પ્રવર્તમાન વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે મંગળવારે બુલિયન બજારમાં વિરોધાભાસી વલણ જોવા મળ્યું હતું. હાજર બજારમાં સોના અને ચાંદીના ભાવમાં પણ સામસામા રાહ જોવા મળ્યા હતા, જેમાં સોનામાં વધારો અને ચાંદીમાં ઘટાડો હતો. જ્યારે વાયદા બજારમાં બંને કિંમતી ધાતુઓના ભાવમાં લગભગ એક ટકાનો ઘટાડો થયો હતો.

સ્થાનિક ઝવેરી બજારમાં ૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ રૂ. ૧,૫૨,૦૯૬ના પાછલા બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૫૯ના વધારા સાથે રૂ. ૧,૫૨,૩૫૫ની સપાટીએ સ્થિર થયા હતા. એ જ રીતે, ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧,૫૧,૪૮૭ના પાછલા બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૫૮ના વધારા સાથે રૂ. ૧,૫૧,૭૪૫ની સપાટીએ સ્થિર થયા હતા. જ્યારે .૯૯૯ ટચની હાજર ચાંદીના ભાવ રૂ. ૨,૫૦,૬૭૫ના પાછલા બંધ સામે એક કિલો ગ્રામદીઠ રૂ. ૧૬૨ના ઘટાડા સાથે રૂ. ૨,૫૦,૫૧૩ની સપાટીએ સ્થિર થયા હતા. આ તરફ મંગળવારે વૈશ્વિક અનિશ્ચિતતા જળવાઈ રહેવાને કારણે વાયદા બજારમાં સોના અને ચાંદીના ભાવમાં એક ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. યુએસ-ઈરાન યુદ્ધવિરામ અને ફેડરલ ચેરમેન નોમિની કેવિન વોર્શના સંભવિત આક્રમક વલણને કારણે બુલિયનના ભાવમાં દબાણ જોવા મળ્યું હોવાનું નિષ્ણાતો જણાવે છે. જીઓ-પોલિટિકલ તણાવ ઊંચા સ્તરે રહેતા રોકાણકારોમાં સાવચેતીના માનસ અને ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થવાને કારણે કિંમતી ધાતુઓમાં ઘટાડાનું વલણ જોવા મળ્યું હતું. વાયદા બજારમાં ઓનલાઇન પ્લેટફોર્મ પર પાંચમી જૂનના સોનાના કોન્ટ્રેક્ટ ૦.૩૪ ટકા અથવા ૫૨૮ રૂપિયા ઘટીને ૧,૫૩,૪૧૫ રૂપિયા પર ટ્રેડ થઈ રહ્યા હતા. બીજી તરફ, પાંચમી મેના ચાંદીના વાયદા કરાર લગભગ ૦.૯૨ ટકા અથવા ૨,૩૩૫ રૂપિયા ઘટીને ૨,૫૦,૨૧૦ રૂપિયા બોલાયા હતા. આંતરરાષ્ટ્રીય બજારોમાં પણ, બંને કિંમતી ધાતુઓ ઘટાડા સાથે રેડ ઝોનમાં ટ્રેડ કરી રહી હતી. કોમેક્સ ગોલ્ડ ૦.૪૩ ટકા ઘટીને ૪,૮૦૭ ડોલર પ્રતિ ઔંસ બોલાયું હતું, જ્યારે કોમેક્સ સિલ્વર ૧.૪૪ ટકા ઘટીને ૭૮.૮૮૫ ડોલર પ્રતિ ઔંસ બોલાઈ હતી.

કોમોડિટી બજારના એક નિષ્ણાતે જણાવ્યું હતું કે યુએસ-ઈરાન યુદ્ધવિરામ અને આગામી મેક્રોઇકોનોમિક ઘટનાઓને લગતી અનિશ્ચિતતાને કારણે બજારે સાવચેતીભર્યું વલણ અપનાવ્યું છે, જેના પરિણામે સોનાના ભાવમાં નજીવો ઘટાડો થયો છે. વિશ્લેષકના મતે, યુદ્ધવિરામ અંગે નિવેડો આવે તે પહેલાં નવી શાંતિ વાટાઘાટો સાકાર થશે કે કેમ તે અંગે બજારો નરમ વલણમાં રહ્યા હતા, બંને પક્ષોના વિરોધાભાસી સંકેતો અસ્થિરતામાં વધારો કરી રહ્યા છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે પુષ્ટિ આપી હતી કે ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ વાટાઘાટો માટે પાકિસ્તાન જશે, ઈરાની અધિકારીઓએ સંકેત આપ્યો હતો કે જ્યાં સુધી અમેરિકાની નૌકાદળની નાકાબંધી ચાલુ રહેશે ત્યાં સુધી વાટાઘાટો અશક્ય છે. જોકે, નવા અહેવાલો સૂચવે છે કે તેહરાન હજુ પણ પ્રાદેશિક મધ્યસ્થી દ્વારા સહભાગ લઈ શકે છે. તાજેતરના વિકાસ દ્વારા ભૌગોલિક રાજકીય જોખમો વધુ સ્પષ્ટ થયા છે, જેમાં અમેરિકાએ ઈરાનના ધ્વજ સાથેના જહાજને અમેરિકાએ કબજે કર્યું છે. હવે સમગ્ર વિશ્વની નજર શાંતિમંત્રણા પર મંડાયેલી છે.

# સટ્ટાકીય નિયંત્રણો હળવા બનતા રૂપિયો ગબડ્યો

મુંબઈ: આરબીઆઇએ સટ્ટાકીય નિયંત્રણો હળવા કર્યા હોવાથી રૂપિયો ગબડ્યો હતો. પશ્ચિમ એશિયામાં શાંતિ વાટાઘાટોની પ્રગતિ અંગેની અનિશ્ચિતતા વચ્ચે સ્થિર અમેરિકન ચલણ અને અસ્થિર ક્રૂડ ઓઇલના ભાવ વચ્ચે મંગળવારે ફોરેક્સ માર્કેટમાં ડોલર સામે રૂપિયો ૩૨ પૈસા ઘટીને ૯૩.૪૮ની સપાટી પર બંધ થયો હતો.

વિદેશી હૂંડિયામણ બજારના ડીલરોએ જણાવ્યું હતું કે, સ્થાનિક શેરબજારમાં સકારાત્મક વલણ સ્થાનિક ચલણને વેગ આપવામાં નિષ્ફળ રહ્યું, નોન-ડિલિવરેબલ ફોરવર્ડ માર્કેટમાં સટ્ટાકીય બેટ્સ પર નિયંત્રણો હળવા કરવાના રિઝર્વ બેંકના તાજેતરના પગલાની અસર પર પણ પડી હતી. રિઝર્વ બેંકે સોમવારે રૂપિયામાં વધુ પડતી સટ્ટાને કાબુમાં લેવા માટે પહેલી એપ્રિલના રોજ લેવામાં આવેલા નિર્દેશોને આંશિક રીતે પાછા ખેંચી લીધા હતા.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**The Willingdon Sports Club**
K Khadye Marg,
Mumbai 400034

Invites reputed and registered firms / vendors for AMC of various types of
**(1) Air-conditioners, Refrigerators, Ventilation System AND**
**(2) Supply, Installation, Testing & Commissioning (SITC) of IP based CCTV Surveillance System**

For Tender Forms and instructions visit our website: **https://www.willingdonclub.com/tenders/.** Tenders in sealed envelope duly completed will be acceped at our Purchase Department **between 10.00 a.m. and 5.00 p.m. on or before 07/05/2026.**

**Contacts: For**
**(1) AC, HVAC, Refrigeration - Tel. 23528641 / 662 For**
**(2) CCTV System - Mob. 9136056066**



BRIHANMUMBAI MAHANAGARPALIKA

દેવનાર કતલખાનું

વિભાગ - જનરલ મેનેજર, દેવનાર કતલખાનું

''ઈ-ટેન્ડર નોટિસ''

MCGMના મ્યુનિસિપલ કમિશનર પાકતી તારીખ ૧૩.૦૫.૨૦૨૬ના પરત કરી શકાય તેવા નીચેના કામ માટે ટેન્ડરો મંગાવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિષય | BMC, મુંબઈ ખાતે ડોગ અનિમલ શેલ્ટર, ABC સેન્ટર અને લાઈફટાઈમ કેર ફેસિલિટીના ડિઝાઈન-બિલ્ડ-ઓપરેટ-ટ્રાન્સફર (DBOT) ડેવલપમેન્ટ અને O&M માટે AWBI-રજિસ્ટર્ડ NGOની પસંદગી માટે હિતની અભિવ્યક્તિ (EOI) માટે આમંત્રણ. |
| ૨. | બીડ નંબર<br>બીડ પ્રારંભ તારીખ<br>બીડ અંતિમ તારીખ<br>પ્રી બીડ અંતિમ તારીખ<br>ટેન્ડર કિંમત<br>બાના રકમ ડિપોઝિટ | ૨૦૨૬_MCGM_૧૨૯૫૯૮૯_૧<br>૨૩.૦૪.૨૦૨૬ (૧૬.૦૦ ક.)<br>૧૩.૦૫.૨૦૨૬ (૧૬.૦૦ ક.)<br>૩૦.૦૪.૨૦૨૬ (સ. ૧૧.૦૦)<br>રૂ. ૩૬૩+૧૮% GST (રૂ. ૪૩૦/-)<br>રૂ. ૨૫૦૦૦/- |

રસ ધરાવતા લાયક કોન્ટ્રાક્ટરો ઈ-ટેન્ડર અંગે વધુ માહિતી MCGM વેબસાઈટ https://portal.mcgm.gov.in/ under (For partners --> Tenders-view --> Select Department - Deonar Abattoir) પર અથવા જનરલ મેનેજર, દેવનાર કતલખાનું, ગોવંડી રેલવે સ્ટેશન સામે, ગોવંડી, મુંબઈ-૪૩ની ઓફિસમાંથી મેળવી શકાય છે.

સહી/-
જનરલ મેનેજર
દેવનાર કતલખાનું

PRO/144/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

(સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, K/ સાઉથ)

AE/SWM/૪૯૧/KS તા. ૨૧.૦૪.૨૦૨૬

ટૂંકી ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| વિભાગ | આસીસ્ટન્ટ કમિશનર K/સાઉથ વોર્ડ |
| પેટા - વિભાગ | આસીસ્ટન્ટ એન્જિનિયર (સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ) K/સાઉથ વોર્ડ |
| ટેન્ડર દસ્તાવેજ નં. | ઈ-ટેન્ડર નં. ૨૦૨૬_MCGM_૧૨૯૬૭૭૧_૧ |
| વિષય | K/સાઉથ વોર્ડમાં ચકાલા (પારસીવાડા) સ્મશાનભૂમી ખાતે સફાઈની જોગવાઈ માટે હાઉસકિપિંગ એજન્સીની નિમણૂક કરવી. |
| ટેન્ડર ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૨૨.૦૪.૨૦૨૬ ૧૧.૦૦ ક. થી |
| ટેન્ડરની સુપ્રતિ માટે છેલ્લી તારીખ & સમય | ૨૯.૦૪.૨૦૨૬ ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંચાર માટેનું સરનામું | આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) K/સાઉથની ઓફિસ, રૂમ નં. ૦૫, ગ્રાઉન્ડ ફ્લોર, K/સાઉથ વોર્ડ ઓફિસ, આઝાદ રોડ, ગુંદાવલી, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૬૯. |
| સંપર્ક વ્યક્તિ | શ્રી. જીતેન્દ્ર પાટીલ, આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) K/સાઉથ<br>શ્રી. જયકિસન ચિલે, સબ એન્જિનિયર (SWM) K/સાઉથ |
| ઈ-મેલ ID | ae01swm.ke@mcgm.gov.in |

સહી/-
PRO/140/ADV./2026-27 આસી. એન્જિનિયર (SWM) K/સાઉથ વોર્ડ

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



## પબ્લિક નોટીસ

જાહેર જનતાને આથી ખબર આપવામાં આવે છે કે અમારા અસિલો સ્પષ્ટ અને માર્કેટેબલ ટાઈટલ સાથે તમામ બોજાઓ અને દાવાઓથી મુક્તપણે, ખાલી અને શાંતિદાયક કબજા સાથે, અહીં નીચે લખેલ **પરિશિષ્ટમાં** વધુ વિગતવાર વર્ણવેલ મુજબ અને તેમાં તમામ સંલગ્ન બેનીફીટસ સાથે રહેણાંક પ્રિમાઈસિસ (**''સદર પ્રિમાઈસિસ''**)માં તેમના સંબંધીત અવિભાજિત હિસ્સો, હક્ક, ટાઈટલ અને હિત (૧) **શ્રી. અરવિંદ સુબ્રમણ્યન** અને (૨) **શ્રીમતી પૂર્ણિમા સુબ્રમણ્યન** (**''ટ્રાન્સફેરર્સ''**) પાસેથી ખરીદવા કબૂલ થયેલ છે.

તમામ શખ્સો જે સદર પ્રિમાઈસીસ કે તેના કોઈપણ ભાગની બાબતમાં કે સામે વેચાણ, એસાઈમેન્ટ, અદલાબદલી, ગીરો (ઈક્વિટેબલ કે બીજી રીતે), ભેટ, ટ્રસ્ટ, વારસો, જાળવણી, કુટુંબ વ્યવસ્થા, પતાવટ, પાર્ટીશન, ભાગીદારી, બિકવેસ્ટ, કબજો, લીઝ, સબ-લીઝ, ટેનાન્સી, લાયસન્સ, લિઅન, ચાર્જ, પ્લેજ, પ્રી-એમ્પશન હક્કો, ઈઝમેન્ટ, વિકાસ હક્કો, સંયુક્ત સાહસ, પાવર ઓફ એટર્ની, ગેરંટી, લોન્સ, એડવાન્સીઝ, ટર્મ શીટ, લીઝ પેન્ડન્સ, ઈજંકશન કે જપ્તિ અથવા કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડિક્રી, ઓર્ડર કે એવોર્ડ, ટ્રીબ્યુનલ, રેવન્યૂ કે સ્ટેચ્યુટરી ઓથોરિટી કે આર્બિટ્રિશન, ટ્રીબ્યુનલ કે બીજી કોઈ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં અમોને સહાયક દસ્તાવેજી પુરાવા સાથે અહીં નીચે દર્શાવેલ સરનામે આ છપાયાના તારીખથી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર આવા શખ્સોના દાવા અને દાવાઓ, જો કોઈ હોય તો ત્યજી દીધેલ અને/ અથવા છોડી દીધેલ તરીકે ગણાશે અને કોઈપણ રીતમાં બંધનકર્તા રહેશે નહીં અને અમારા અસીલો કોઈપણ દાવાને ધ્યાનમાં લીધા વિના લેવડદેવડ સાથે આગળની કાર્યવાહી કરશે.

**ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટ:**
**(''સદર પ્રિમાઈસિસ'')**

સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૧૩ ખાતે આવેલ, પડેલ અને રહેલ લોઅર પરેલ ડિવિઝનનો કેડેસ્ટ્રલ સર્વે નં. ૪૬૪ ધરાવતી જમીન પર ઉભેલ નં. P૪-૨૩૮, P૪-૨૩૯ અને P૪-૨૪૦ ધરાવતી ૩ કાર પાર્કિંગ જગ્યાઓ સાથે **''લોઢા માર્ક્વિઝ B''** તરીકે જાણીતી બિલ્ડીંગના ૩૧મા માળ પર આવેલ ભરતમાં ૧૪૬૭ ચો. ફૂટ (કાર્પેટ એરિયા) કે તે સૂમારે ફ્લેટ નં. B-૩૧૦૨ અને માર્ક્વિઝ કો- ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ દ્વારા ઈશ્યુ કરાયેલ તારીખ ૧લી ડિસેમ્બર ૨૦૨૪ના શેર સર્ટિફિકેટ નં. ૧૩૩ હેઠળ ધરાવાયેલ વિશિષ્ટ નં. ૧૪૦૧ થી ૧૪૧૦ (બંને સહિત) ધરાવતા દરેક રૂ. ૫૦/-ના **તે તમામ** ૧૦ ફુલ્લી પેઈડ-અપ શેર્સ.

આજ તારીખ ૨૨મી એપ્રિલ, ૨૦૨૬.

**LAW POINT**
ADVOCATES & SOLICITORS
૩૦૧, વૈભવ ચેમ્બર્સ,
૩જો માળ, જગત વિદ્યા માર્ગ,
BKC મેટ્રો સ્ટેશન (A૩ એક્ઝિટ) પાસે,
બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ,
બાંદ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧.
ઈમેલ: response@lawpointindia.com


# નાણાકીય વર્ષ ૨૦૨૬માં ડાયરેક્ટ મ્યુચ્યુઅલ ફંડ્સે રેગ્યુલર સ્કિમ્સને માત આપી

મુંબઇ: મ્યુચ્યુઅલ ફંડ યોજનાઓના ડાયરેક્ટ પ્લાન્સે નાણાકીય વર્ષ ૨૬માં (ફેબ્રુઆરી સુધીમાં) લગભગ ૨.૧૦ કરોડ વ્યક્તિગત રોકાણકાર ફોલિયો ઉમેરાયા છે, જે નિયમિત યોજના (રેગ્યુલેર સ્કીન્સ)ના ૧.૫૦ કરોડ ચોખ્ખા ઉમેરાને વટાવી જાય છે. આવું ફક્ત બીજી વખત થયું છે, જ્યારે ડાયરેક્ટ પ્લાન્સે વાર્ષિક ફોલિયો વૃદ્ધિમાં નિયમિત યોજનાઓને પાછળ છોડી દીધી છે. ઇક્વિટી બજારો ભારે અફડાતફડીમાંથી પસાર થઇ રહ્યા હોવા છતાં આવું થયું છે. ઇક્વિટી બજારોમાં ઉથલપાથલ હોવા છતાં, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન મ્યુચ્યુઅલ ફંડ યોજનાઓના ડાયરેક્ટ પ્લાન્સે પરંપરાગત રીતે પ્રભુત્વ ધરાવતી નિયમિત યોજનાઓ કરતાં વધુ ફોલિયો ઉમેર્યા હોવાની ઘટનાએ ઉદ્યોગના સાધનોને પણ અચરજમાં મૂક્યા છે.

આ ડુ-ઇટ-યોરસેલ્ફ (ડીઆઇવાય) યોજનાઓમાં નાણાકીય વર્ષ ૨૦૨૬માં (ફેબ્રુઆરી સુધીમાં) લગભગ ૨.૧૦ કરોડ રોકાણકાર ફોલિયો ઉમેરાઓ જોવા મળ્યા, જે નિયમિત યોજનાઓમાં લગભગ ૧.૫૦ કરોડ ઉમેરાઓ હતા. જોકે, નાણાકીય વર્ષ ૨૦૨૪માં અગાઉના ઉદાહરણથી વિપરીત, નાણાકીય વર્ષ ૨૦૨૬માં મજબૂત વૃદ્ધિ અણધાર્યા સમયે આવી છે. નિષ્ણાતોના મતે, આ તફાવત સોના અને ચાંદીના એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ (ઇટીએફ) અને ફંડ ઓફ ફંડ્સ (એફઓએફ)માં રોકાણકારોના રસમાં વધારાને કારણે થઈ શકે છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ભાગમાં મ્યુચ્યુઅલ ફંડ્સ દ્વારા સોના અને ચાંદીના ઓફરિંગમાં ઇન્ફ્લો અને ફોલિયો એડિશનમાં તીવ્ર વધારો જોવા મળ્યો, કારણ કે કિંમતી ધાતુના ભાવમાં વધારો અને વધેલી ભૂ-રાજકીય અનિશ્ચિતતાએ રોકાણકારોનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

મેક્રોઇકોનોમિક પરિબળો, ભૂરાજકીય સંઘર્ષો અને વૃદ્ધિ, સરકારી નીતિઓ, વ્યાજ દરો અને ઉદ્યોગલક્ષી પરિમાણો અનુસાર ક્ષેત્રોની કામગીરી સમયરેખા પ્રમાણે બદલાય છે, એમ જણાવતાં ફિનપ્રોસ્પર ઇન્ડિયાના ડિરેક્ટર કલા બહેડિયા ઉદાહરણ આપે છે કે, ૨૦૨૩ અને ૨૦૨૫માં ઓટો સ્ટોક્સની, ૨૦૨૨માં બેંકોની, ૨૦૨૧માં આઇટી અને ૨૦૨૦ તેમજ ૨૦૨૪માં ફાર્માની કામગીરી અલગ રહી હતી.

વિવિધ સંજોગો અનુસાર સારી કામગીરી કરનાર થીમમાં રોકાણ કરવું લાભદાયી બની શકે છે. વર્તમાન પરિસ્થિતિમાં જોખમ-સમાયોજિત પ્રદર્શન ઉત્પાદન માટે યોગ્ય થીમ્સ ઓળખવા અને કેટલાક તબક્કામાં બોન્ડ એક્સપોઝર વધારવાની ક્ષમતાનું મિશ્રણ મહત્વપૂર્ણ છે. જોકે, કોઈપણ બજાર પરિસ્થિતિ માટે શ્રેષ્ઠ થીમ્સ ઓળખવામાં રિટેલ રોકાણકારો ત્રણ મહત્વપૂર્ણ પડકારોનો સામનો કરે છે. રોકાણકારો માટે સમય, સંસાધન અને ડેટા મર્યાદાઓને ધ્યાનમાં રાખીને ક્ષેત્રીય કામગીરી અને મેક્રો પરિબળો વચ્ચેના સહસંબંધને સમજવું પડકારજનક છે. ઉપરાંત મુખ્ય પડકાર બજારની આત્યંતિક પરિસ્થિતિ દરમિયાન ભય અને લોભથી મુક્ત રહેવાનો છે. તેઓ બજારના ઊંચા સ્તર દરમિયાન નફો બુક નથી કરતા અને તીવ્ર કરેકશનમાં નુકસાનીમાં વેચી નાંખે છે. રિટેલ રોકાણકારો માટે ત્રીજી અવરોધ એ છે કે તેઓ યોગ્ય એક્ઝિટ વ્યૂહરચના ઘડી શકતા નથી. છૂટક રોકાણકારો માટે, ફંડ ઓફ ફંડ્સ દ્વારા થીમેટિક રોકાણ શ્રેષ્ઠ ગણી શકાય છે.

# ક્રૂડ ઑઈલનો ભાવ બેરલદીઠ ૧૩૦ ડોલર બોલાય તો ભારતનું શું થાય?

નવી દિલ્હી: અખાતી યુદ્ધને કારણે સતત ભાવ ઉછાળા વચ્ચે જો ક્રૂડ ઓઇલનો ભાવ બેરલદીઠ ૧૩૦ ડોલર બોલાય તો પણ ભારતીય અર્થતંત્ર મજબૂત રહેશે અને ૬.૩૦ ટકાની વૃદ્ધિ નોંધાવશે એવી આગાહી નિષ્ણાતો અભ્યાસને આધારે કરી રહ્યા છે. અગ્રણી ગ્લોબલ રેટિંગ્સ એજન્સી તેના રિસર્ચ રિપોર્ટમાં ભારતના અર્થતંત્રમાં નોંધપાત્ર સ્થિતિસ્થાપકતા દર્શાવવાનો અંદાજ જાહેર કરે છે, અને ચાલુ નાણાકીય વર્ષમાં ક્રૂડ ઓઇલના ભાવ સરેરાશ ૧૩૦ ડોલર પ્રતિ બેરલ સુધી વધે તો પણ ૬.૩ ટકાનો મજબૂત વિકાસ થવાની આગાહી કરે છે, જે વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે રાષ્ટ્રની મજબૂત રાજકોષીય પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. ઉપરોક્ત રિપોર્ટમાં એમ પણ જણાવાયું છે કે ઇંધણના ભાવના ઉછાળાના આંચકાથી નાણાકીય તાણ ભારતના સાર્વભૌમ ક્રેડિટ રેટિંગ પર અસર કરે તેવી શક્યતા નથી, કારણ કે ભારત લાંબા ગાળે રાજકોષીય એકત્રીકરણ માટે રાજકીય પ્રતિબદ્ધતા ધરાવે છે.

આ અહેવાલમાં એવી આગાહી કરવામા આવી છે કે ચાલુ નાણાકીય વર્ષમાં ભારતનું અર્થતંત્ર ૬.૩ ટકાના દરે વૃદ્ધિ પામશે, ભલે ક્રૂડ ઓઇલના ભાવ સરેરાશ ૧૩૦ ડોલર પ્રતિ બેરલ હોય. જોકે, ભારતીય અર્થતંત્રના સદભાગ્યે હાલ ક્રૂડ ઓઇલના ભાવ ૧૦૦ ડોલર પ્રતિ બેરલથી નીચી સપાટીએ છે અને વધુ ઘટી રહ્યા છે. સમગ્ર આર્થિક ચિત્ર જોતાં કહી શકાય કે સરકારની રાજકોષીય એકત્રીકરણ પ્રત્યેની પ્રતિબદ્ધતાને કારણે સંભવિત ઉર્જા ભાવના આંચકાથી નાણાકીય તાણ ભારતના સાર્વભૌમ ક્રેડિટ રેટિંગ પર અસર કરશે તેવી અપેક્ષા નથી, એમ અહેવાલમાં જણાવાયું છે.

# યુદ્ધવિરામના આશાવાદ વચ્ચે ક્રૂડ ઓઇલનો ઊભરો નીચે આવ્યો

મુંબઈ: અમેરિકા-ઈરાન વાટાઘાટાને અંતે આ બંને દેશ વચ્ચે યુદ્ધવિરામ અપેક્ષાઓ વચ્ચે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. જોકે અનિશ્ચિતક્તા યથાવત છે, કારણ કે એક તરફ અમેરિકા અને ઈરાન ઈસ્લામાબાદમાં બીજા રાઉન્ડની વાટાઘાટો તરફ આગળ વધી રહ્યા છે, જ્યારે બીજી તરફ રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પની ધમકીઓ ચાલુ રહી છે. એશિયન ટ્રેડિંગ કલાકો દરમિયાન ગ્લોબલ ક્રૂડ ઓઇલના ભાવમાં બે ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સમાં ભાવ બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધીમાં ઇન્ટ્રાડેના નીચલા સ્તરે પહોંચ્યા હતા અને ૧.૭૧ ટકા ઘટીને ૯૩.૮૪ ડોલર પ્રતિ બેરલ બોલાયા હતા, જ્યારે યુએસ વેસ્ટ ટેક્સાસ ઇન્ટરમીડિયેટ અગાઉના બંધ કરતા બે ટકાના ઘટાડા સાથે ૮૫.૫ ડોલર પર ટ્રેડ થઈ રહ્યું હતું. મંગળવારે ગ્લોબલ ઓઇલના ભાવ નજીવા નુકસાન સાથે મોટાભાગે સ્થિર રહ્યા હતા, રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પની ધમકીઓ ચાલુ રહી હોવા છતાં અમેરિકા અને ઈરાન, ઇસ્લામાબાદમાં બીજા રાઉન્ડની વાટાઘાટો ફરી શરૂ કરે તેવી અપેક્ષા છે. યુએસ અને ઈરાનને ચર્ચાના ટેબલ પર લાવવા માટે રાજદ્વારી પ્રયાસો ચાલુ રહ્યા હોવાથી સ્થિર વલણ જોવા મળ્યું હતું. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ વિરોધાભાસી અહેવાલો છતાં સુનિશ્ચિત વાટાઘાટો માટે પાકિસ્તાન જાય તેવી શક્યતા વચ્ચે ક્રૂડ ઓઇલના ભાવ પર દબાણ આવ્યું હતું.

# સતત બીજા દિવસે મધ્ય રેલવેની ટ્રેનસેવા ઠપ

## એક રેલવે ટ્રેક પર આવી ગઈ બે લોકલ ટ્રેન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મધ્ય રેલવેના સૌથી વ્યસ્ત રેલવે સ્ટેશન છત્રપતિ શિવાજી ટર્મિનસ (સીએસએમટી) ખાતે આજે બપોરના સમયગાળા દરમિયાન મોટી હોનારત ટળી ગઈ હતી. બદલાપુર-સીએસએમટી લોકલ ટ્રેન ભૂલથી પ્લેટફોર્મ ચારના બદલે પાંચ નંબરના પ્લેટફોર્મ પર સિગ્નલ આપી દેવામાં આવ્યું હતું, જ્યાં પહેલાથી એક લોકલ ઊભી રહી હતી. જોકે, સિગ્નલમાં સર્જાયેલી ખામીને કારણે એક જ રેલવે ટ્રેક પર બે ટ્રેન આવી ગઈ હોવાનું જોવા મળ્યું હતું. લોકો પાઈલટની સૂઝબુઝને કારણે અને રેડ સિગ્નલને કારણે લોકલ ટ્રેનને રોકી દેવામાં આવી હતી, પરંતુ એને કારણે સમગ્ર સ્ટેશનના પરિસરમાં અફડાતફડીનું નિર્માણ થયું હતું. સીએસએમટી સ્ટેશનના યાર્ડમાં જ લોકલ ટ્રેનને એન્ટર થયા પહેલા રોકી દેવાને કારણે સેંકડો પ્રવાસીઓ રેલવે ટ્રેક પર ચાલીને સ્ટેશન પહોંચ્યા હતા.

આ બનાવ મંગળવારે બપોરના ૩.૧૮ વાગ્યાના સુમારે બન્યો હતો. બદલાપુરથી આવી રહેલી લોકલ ટ્રેન સીએસએમટીમાં પ્લેટફોર્મ નંબર ચાર પર જવાની હતી, પરંતુ ટેક્નિકલ ખામી અથવા માનવીય ભૂલને કારણે પ્લેટફોર્મ નંબર પાંચ પર સિગ્નલ આપ્યું હતું. જોકે, પ્લેટફોર્મ નંબર પાંચ પર અગાઉથી એક લોકલ ટ્રેન ઊભી રહી હતી. જેવી

(જુઓ પાનું ૪) ▸▸

# રાજ્ય પર કમોસમી વરસાદનું સંકટ

મુંબઈઃ રાજ્યમાં હાલ વિચિત્ર વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે. એક તરફ વિદર્ભ અને મરાઠવાડામાં ગરમીનું મોજું ફરી વળ્યું છે અને તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી પણ ઉપર નોંધાઈ રહ્યો છે ત્યારે બીજી તરફ રાજ્યમાં ફરી એક વખત કમોસમી વરસાદ અને માવઠાનું સંકટ નિર્માણ થયું છે, જેમાં મંગળવારે સવારના મુંબઈના બે-ચાર જગ્યાએ તો નવી મુંબઈ, થાણેના અમુક વિસ્તારમાં હળવા વરસાદનાં ઝાપટાં પડ્યાં હતાં.

ભારતીય હવામાન વિભાગે બે દિવસ રાજ્યના અમુક જિલ્લામાં વીજળીના ચમકારા સાથે કમોસમી વરસાદની શક્યતા વ્યકત કરી હતી. તે મુજબ મંગળવારે અનેક જિલ્લામાં કમોસમી વરસાદ પડ્યો હતો. ખાસ કરીને મુંબઈ મેટ્રો પોલિટન રિજનમાં આવતા અને તેની આજુબાજુના વિસ્તારમાં સવારના વીજળીના ગડગડાટ સાથે વરસાદના જોરદાર ઝાપટાં પડી ગયાં હતાં. મુંબઈમાં સવારથી વાદળિયું વાતાવરણ રહ્યા બાદ એકાદ-બે વિસ્તારમાં હળવા છાંટા પડી ગયા હતા પણ તે નોંધપાત્ર નહોતા. તો નવી મુંબઈમાં સવારના અમુક

(જુઓ પાનું ૪) ▸▸

# અજિત પવારના અકસ્માત અંગે સત્ય ન શોધું ત્યાં સુધી શાંત નહીં બેસુંઃ ફડણવીસ

## આ પહેલાં સુનેત્રા પવારે અકસ્માત અંગે શંકાનું નિરસન થવું જોઈએ એવી માગણી કરી હતી

બારામતીઃ સુનેત્રા પવારની જીત સમગ્ર ભારતમાં જાણીતી થવી જોઈએ, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બારામતીના લોકોને રેકોર્ડ સંખ્યામાં મતદાન કરવાની અપીલ કરતાં કહ્યું હતું કે જ્યાં સુધી અજિત પવારના અકસ્માતના કેસનું સત્ય બહાર નહીં આવે ત્યાં સુધી હું શાંત બેસીસ નહીં, અહીં ઉલ્લેખનીય છે કે આ પહેલાં નાયબ મુખ્ય પ્રધાન અને બારામતી પેટાચૂંટણીના ઉમેદવાર સુનેત્રા પવારે પોતાના ભાષણમાં કહ્યું હતું કે અજિત પવારના અકસ્માત અંગે જેવી રીતે બારામતીના લોકોના મનમાં શંકા છે એવી જ રીતે અમારા મનમાં પણ કેટલીક શંકા છે અને તેનું નિરાકરણ આવે એવી ઈચ્છા ધરાવું છું.

પેટાચૂંટણીની મંગળવારે આયોજિત સમાપન સભામાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે હાજરી આપી અને અજિત દાદાની યાદોને તાજી કરી. આ અમારા માટે ચૂંટણી નથી, પરંતુ દાદાની સ્મૃતિ માટે બલિદાન ચાલી રહ્યું છે. જો કોઈ મારી સાથે સભામાં ન આવ્યું હોત, તો પણ સુનેત્રા પવાર રેકોર્ડ સંખ્યામાં મતોથી ચૂંટાયા હોત, એમ પણ ફડણવીસે કહ્યું હતું.

ફડણવીસે આ પ્રસંગે વિરોધ પક્ષોનો આભાર માન્યો. શરદ પવારે ફોન કરીને સુનેત્રા પવારને ટેકો આપવા બદલ તેમનો આભાર માન્યો. મહારાષ્ટ્રમાં એક સંસ્કૃતિ છે કે નેતાના મૃત્યુ પછી ચૂંટણીઓ બિનહરીફ યોજવી જોઈએ, તેમણે કહ્યું. 'અમારા માટે, આ કોઈ ચૂંટણી નથી, પરંતુ દાદાની યાદમાં બલિદાન છે. જો કોઈ મારી સાથે સભામાં

(જુઓ પાનું ૪) ▸▸

# સુનેત્રા પવારની જીત એ જ અજિતદાદાને સાચી શ્રદ્ધાંજલિઃ સુળે

પુણેઃ સાંસદ સુપ્રિયા સુળેએ મંગળવારે તેમના સ્વર્ગસ્થ પિતરાઈ ભાઈ અજિત પવારના વારસાને યાદ કર્યો હતો અને પ્રચારના છેલ્લા દિવસે મતદારોને અપીલ કરી હતી કે બારામતી વિધાનસભા પેટાચૂંટણીમાં તેમના ભાભી અને ડેપ્યુટી સીએમ સુનેત્રા પવારને રેકોર્ડ માર્જિનથી વિજયી બનાવે. રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીનું નેતૃત્વ કરી રહેલા સુનેત્રા પવાર આ ચૂંટણીમાં ૨૨ ઉમેદવારો સામે મેદાનમાં

(જુઓ પાનું ૪) ▸▸

# રોહિત પવારનો ઈનકાર પણ સુપ્રિયા સુળેની એન્ટ્રી

બારામતીઃ બારામતી વિધાનસભા પેટાચૂંટણીના પ્રચારની અંતિમ સભામાં સાંસદ સુપ્રિયા સુળેની હાજરીએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. છેલ્લા કેટલાક દિવસોથી સુનેત્રા પવારના પ્રચાર માટે જોરશોરથી તૈયારીઓ ચાલી રહી હતી. ધારાસભ્ય રોહિત પવારે પ્રચાર તો કર્યો, પરંતુ મહાયુતિના મંચ પર ન જવાની શરતે તેઓ આ સભામાં ગેરહાજર રહ્યા હતા. બીજી તરફ, સુનેત્રા પવારના એક ફોન પર સુપ્રિયા સુળે તમામ મતભેદો બાજુએ મૂકીને સીધા મંચ પર પહોંચી ગયા હતા. સુપ્રિયા સુળે

(જુઓ પાનું ૪) ▸▸

# પાલઘરમાં ફટાકડા બનાવતી ફેક્ટરીમાં થયો વિસ્ફોટઃ એકનું મૃત્યુ, પાંચ મહિલા જખમી

## વિસ્ફોટ એટલો જોરદાર હતો કે મૃતકના શરીરના અવયવો દૂર સુધી ફંગોળાયા

પાલઘરઃ પાલઘર જિલ્લામાં ફટાકડા બનાવતી ફેક્ટરીમાં મંગળવારે વિસ્ફોટ થતાં એક જણનું મૃત્યુ થયું હતું, જ્યારે પાંચ મહિલા ઘાયલ થઇ હતી. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે મૃતકના શરીરના અવયવો દૂર સુધી ફંગોળાયા હતા, જેને બાદમાં પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી અપાયા હતા. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને બે જણની ધરપકડ કરી હતી.

તમિળનાડુમાં રવિવારે ફટાકડા બનાવતી ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટમાં ૨૩ લોકોના જીવ ગયા હતા અને અનેક જણ ઇજા પામ્યાની ઘટનાના બે દિવસ બાદ પાલઘરમાં દુર્ઘટના બની હતી.

પાલિકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ વિવેકાનંદ કદમે કહ્યું હતું કે વાડા તાલુકાના કોન્સાઇ ગામમાં એક જૂના ફાર્મહાઉસમાં બનાવેલા શૅડમાં કામચલાઉ ફટાકડા બનાવતા યુનિટમાં મંગળવારે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ વિસ્ફોટ થયો હતો.

યુનિટમાં એ સમયે ૩૫ જેટલા કામદારો હાજર હતા, જેમાં મોટા ભાગની મહિલાઓ હતી અને તેઓ 'ટ્વિન બોમ્બ' બનાવી રહ્યા હતા.

કેમિકલ મિક્સિંગની પ્રક્રિયા ચાલી રહી હતી ત્યારે અચાનક વિસ્ફોટ થયો હતો, જેમાં ભાવેશ દિલીપ વાવરે (૩૫) નામના કામદારનું એક કામદારનું ઘટનાસ્થળે મોત થયું હતું, જ્યારે મોનિકા સચિન પડવલે (૩૦) ૮૦ ટકા દાઝી ગઇ હતી અને તેને બાદમાં મુંબઈની હોસ્પિટલમાં ખસેડાઇ હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

ઘટનામાં અન્ય ચાર મહિલા પણ ઘાયલ થયા હતા, જેમને સારવારાર્થે વાડા ગ્રામીણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આમાંથી અમુકને બાદમાં વધુ સારવાર માટે ભિવંડીની સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં તથા અન્ય હોસ્પિટલમાં ખસેડાઇ હતી.

વિસ્ફોટ બાદ અગ્નિશમન દળના જવાનો તથા પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે

(જુઓ પાનું ૪) ▸▸

# શરદ પવાર બારામતી પેટાચૂંટણીમાં મતદાન નહીં કરે

મુંબઈઃ એનસીપી (એસપી) ના પ્રમુખ શરદ પવારે મંગળવારે જણાવ્યું હતું કે તેઓ નાદુરસ્ત તબિયતને કારણે ૨૩ એપ્રિલના રોજ યોજાનારી બારામતી વિધાનસભા પેટાચૂંટણીમાં મતદાન કરી શકશે નહીં, અને મતદારોને નાયબ મુખ્યપ્રધાન સુનેત્રા પવારને સમર્થન આપવા અપીલ કરી હતી.

મહારાષ્ટ્રના વરિષ્ઠ નેતા શરદ પવારની તબિયત ફરી એકવાર બગડતા તેમને મુંબઈની બ્રીચ કેન્ડી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાની માહિતી તેમની પુત્રી અને સાંસદ સુપ્રિયા સુળેએ માહિતી આપી હતી.

એક નિવેદનમાં પવારે જણાવ્યું હતું કે, તેઓ ''ભારે હૈયે'' આ વખતે બારામતીમાં મતદાનથી દૂર રહેવાનો નિર્ણય લઈ રહ્યા છે, કારણ કે

(જુઓ પાનું ૪) ▸▸

સ્પીતી વેલી
કાઝા, ટાબો, નાકો, ચિત્કુલ, સાંગલા
લેહ લદાખ
નુબ્રાવેલી, પેંગોંગ લેક, તુરતૂક, ત્સોમોરીરી લેક
એપ્રિલ - સપ્ટેમ્બર ડેઇલી ડિપાર્ચર
• રાજસ્થાની મહારાજ કિચન સાથે
• બધાજ ભોજન • લક્સરીયસ ટુર
Pankaj Chheda
98695 59938
hazeltreksntours
www.hazeltnt.in
HAZEL Treks N Tours SINCE 2003
Khar West

# ભાયંદરમાં ઝોમ્બી ડ્રગ્સનો કેસ નથીઃ દવાના ઓવરડોઝને કારણે યુવકને ચક્કર આવ્યાં

## વાયરલ વીડિયોમાં દેખાતા યુવકને પોલીસને શોધી કાઢ્યા પછી સ્પષ્ટતા થઈઃ દવાની દુકાનવાળા પર કાર્યવાહીની લટકતી તલવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાયંદરમાં ઝોમ્બી ડ્રગ્સનું સેવન કરીને એક યુવાન વિચિત્ર રીતે રસ્તા પર ઊભો હોવાનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયા પછી આ બાબતે ભારે હોબાળો મચાવવામાં આવ્યો હતો. જોકે પોલીસે તપાસ કરી વીડિયોમાં દેખાતા યુવકને શોધી કાઢ્યો હતો અને તેણે ઝોમ્બી ડ્રગ્સનું સેવન કર્યું હોવાનો દાવો નકાર્યો હતો. યુવક નશા માટે જે દવાનો ઉપયોગ કરતો હતો તેના ઓવરડોઝને કારણે તેને ચક્કર આવ્યાં હતાં.

ભાયંદરમાં એક યુવકે ઝોમ્બી ડ્રગ્સનું સેવન કર્યું હોવાથી આ ડ્રગ્સ મીરા-ભાયંદરમાં પણ વેચાતું હોવાની અફવા ફેલાઈ હતી. સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોને કારણે ગેરસમજ થઈ હતી. વીડિયોમાં રસ્તા પરથી પસાર થનારો યુવક એકાએક એક જ જગ્યાએ વિચિત્ર અવસ્થામાં ઊભો હોવાનું વીડિયોમાં નજરે પડતું હતું. આ વીડિયોની સત્યતા તપાસીને ખુલાસો કરવા સંબંધેનો આદેશ મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસના ઉપરી અધિકારીએ આપ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચ

(જુઓ પાનું ૪) ▸▸

# ભૂતપૂર્વ ક્રિકેટર યુસુફ પઠાણના સસરા સહિત ત્રણ જણની કારચાલક પર હુમલો કરવા બદલ ધરપકડ

મુંબઈઃ દક્ષિણ મુંબઈના રોડ રેજની ઘટનામાં ભૂતપૂર્વ ક્રિકેટર અને તૃણમુલ કૉંગ્રેસના સાંસદ યુસુફ પઠાણના સસરા સહિત ત્રણ જણની ધરપકડ કરવામાં આવી હતી. કારનું ટાયર ખાડા પરથી પસાર થતાં ખાડામાં ભરાયેલું પાણી ઉડવાને મુદ્દે ઉડવાને મુદ્દે વિવાદ થતાં કારચાલક પર તેમણે હુમલો કર્યો હતો, એવો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો હતો.

મઝગાંવ વિસ્તારમાં હીરાબાઇ કંપાઉન્ડ નજીક રવિવારે રાતે આ ઘટના બની હતી, જેમાં ઘવાયેલા ફરિયાદીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

ફરિયાદમાં જણાવાયું હતું કે રસ્તા પર પાણી ભરાયું હતું અને યુસુફ ખાન ત્યાંથી કારમાં જઇ રહ્યો હતો ત્યારે ટાયર ખાડા પરથી પસાર થયું હતું, જેને કારણે ખાડામાંનું પાણી ભૂતપૂર્વ ક્રિકેટરના સગા શોએબ ખાન પર ઊડ્યું હતું. યુસુફ ખાને તરત જ કાર રોકી હતી અને આ ઘટના અંગે માફી માગી

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




# ફડણવીસે શૂન્ય અમલદારશાહી મોડેલની તરફેણ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું કે રાજ્ય 'શૂન્ય અમલદારશાહી' મોડેલ તરફ આગળ વધી રહ્યું છે જેમાં નાગરિકોને સીધી સેવા પહોંચાડવા માટે પ્રક્રિયાઓને સરળ બનાવવા અને માનવ હસ્તક્ષેપ ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

'રાજીવ ગાંધી વહીવટી ગતિશીલતા (પ્રગતિ) અભિયાન અને સ્પર્ધા ૨૦૨૫-૨૬' હેઠળ સિવિલ સર્વિસીસ ડે ૨૦૨૬ અને એવોર્ડ વિતરણ સમારોહમાં બોલતા, તેમણે કહ્યું, 'શૂન્ય અમલદારશાહીનો અર્થ અધિકારીઓની ગેરહાજરી નથી, પરંતુ પ્રક્રિયાઓને સરળ અને વધુ પારદર્શક બનાવવા માટે તેનું પુનર્નિર્માણ કરવું જોઈએ. વહીવટે સ્ટાર્ટ-

(જુઓ પાનું ૪) ▸▸

# હીટ વેવની સ્થિતિનો સામનો કરવા માટેના કેન્દ્રનું ઉદ્ઘાટન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે આઈઆઈએમ નાગપુર ખાતે 'ઉષ્મા સ્થિતિસ્થાપકતા અને ટકાઉ ઠંડક માટે શ્રેષ્ઠતા કેન્દ્ર'નું ઉદ્ઘાટન કર્યું હતું અને એવી જાહેરાત કરી હતી કે આ સુવિધા ગરમીના મોજાને પહોંચી વળવા માટે શમન અને અનુકૂલન વ્યૂહરચના ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

સહ્યાદ્રી ગેસ્ટ હાઉસમાંથી કેન્દ્રનું વર્ચ્યુઅલી અનાવરણ કરતી વખતે, ફડણવીસે જણાવ્યું હતું કે સુવિધા, તેના પ્રારંભિક તબક્કામાં, હાલની ગરમી ક્રિયા અને શહેરી આબોહવા કાર્ય યોજનાઓની સમીક્ષા કરશે, અને ઓળખાયેલા શહેરો અને જિલ્લાઓમાં તેમના અમલીકરણ માટે તકનીકી સહાય પૂરી પાડશે.

'રાજ્યના કેટલાક ભાગોમાં, ખાસ કરીને વિદર્ભમાં, ગરમીના મોજાની સ્થિતિ એટલી ગંભીર છે કે શાળાઓ અને કોલેજો

(જુઓ પાનું ૪) ▸▸

# બિઝનેસમૅન પાસેથી ૩.૨૫ કરોડ રૂપિયા પડાવ્યાઃ નવ વિરુદ્ધ ગુનો

મુંબઈઃ અંધેરીના બિઝનેસમૅનને આર્થિક રોકાણને બહાને છેતર્યા પછી પિસ્તોલની ધાકે નાણાં ટ્રાન્સફર કરાવીને ૩.૨૫ કરોડ રૂપિયા પડાવવા બદલ પોલીસે નવ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

બિઝનેસમૅને નોંધાવેલી ફરિયાદને આધારે ઍરપોર્ટ પોલીસે લક્ષ્મીનારાયણ અગરવાલ, દેબકુમાર રાય, સુશીલકુમાર યાદવ, રામાશિષ ગુપ્તા અને તેના સાથીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. એફઆઈઆરમાં આરોપી તરીકે બે મહિલાનાં નામનો પણ સમાવેશ હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર કંપનીમાં રોકાણને બહાને ચાર આરોપીએ જુલાઈ, ૨૦૨૫માં ફરિયાદીનો સંપર્ક સાધ્યો હતો. ફરિયાદીનો વિશ્વાસ સંપાદન કરી આરોપીએ તેને એક કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવા મનાવી લીધો હતો. જોકે ઑગસ્ટ, ૨૦૨૫માં નાણાં ટ્રાન્સફર કર્યા પછી ફરિયાદીને જાણ થઈ હતી કે એ રૂપિયા 'માનવ ધર્માયોગ' નામના એક એનજીઓના ખાતામાં જમા થયા હતા.

આ બાબતે ફરિયાદીએ આરોપીને પૂછતાં તેમણે મીટિંગ માટે વિલેપાર્લેમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે નજીકની એક હોટેલમાં બોલાવ્યો હતો. ફરિયાદી કંપનીના જનરલ મૅનેજર સાથે હોટેલમાં ચર્ચા માટે ગયો ત્યારે આરોપીના અન્ય સાથીઓ પણ ત્યાં હાજર હતા. આરોપીઓએ બન્નેની મારપીટ કરી

(જુઓ પાનું ૪) ▸▸

# સરકાર પંઢરપુર વિકાસ યોજનાના ઝડપી અમલની ખાતરી કરશેઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે અધિકારીઓને પંઢરપુર વિકાસ યોજનાને ઝડપી બનાવવા અને અષાઢી વારી યાત્રા દરમિયાન વારકરી યાત્રાળુઓને કોઈ અસુવિધાનો સામનો ન કરવો પડે તેની ખાતરી કરવા નિર્દેશ આપ્યો હતો.

અહીં એક સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરતા, તેમણે કહ્યું કે સંત જ્ઞાનેશ્વર અને સંત તુકારામના પાલખી (પાલખી) માર્ગો પરના રોકાણ બિંદુઓને વધુ સારી સુવિધાઓ અને માળખાગત સુવિધાઓ સાથે અપગ્રેડ કરવા જોઈએ. સુનિશ્ચિત કરો કે વારકરી શ્રદ્ધાળુઓને કોઈ અસુવિધાનો સામનો ન કરવો પડે, એમ ફડણવીસે કહ્યું હતું.

દર વર્ષે અષાઢી અને કાર્તિકી એકાદશી પર લાખો વારકરી અથવા ભગવાન વિઠ્ઠલના ભક્તો પંઢરપુરની મુલાકાત લે છે. તેમણે કહ્યું કે પંઢરપુરમાં દર્શનાર્થીઓ અને સ્થાનિક રહેવાસીઓ માટે પર્યાપ્ત નાગરી માળખાકીય સુવિધાઓ ઉભી કરવી જોઈએ અને મંદિર નગર માટે એકંદર વિકાસ યોજના ઝડપી ગતિએ અમલમાં મૂકવી જોઈએ. ફડણવીસે જણાવ્યું હતું કે બે પાલખી માર્ગો પરના કાર્યો માટે રૂ. ૧,૩૦૩ કરોડનો વિકાસ યોજના તૈયાર કરવામાં આવી છે. ■




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.